# ૧ · ૮ · ૫ · ૭

[ ૧૮૫૭ના બળવાને પુનર્જીવિત કરતાં
એકવીશ દૃશ્યો આલેખતું નાટક ]

લેખક : 'દર્શક'

પ્રકાશક: સૌરાષ્ટ્ર કાર્યાલય
સૌરાષ્ટ્ર રોડ : રાણપુર

એપ્રીલ : ૧૯૩૫

મુદ્રક અને પ્રકાશક
માણેકલાલ અંબાશંકર દવે
જય સ્વદેશી મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ : રાણપુર

કીમ્મત : દસ [redacted]
રૂપિયા

૨૦૦૩૯

# પ્રવેશક

" '૧૮૫૭' એ નામ વાંચી રખેને કોઇ ભડકી જાય; આ નાટિકાના લેખક બરાબર કહે છે તેમ, "આ ઇતિહાસ નથી," પણ, મારી દૃષ્ટિએ, ઇતિહાસથી યે સુઘટિત એવું પ્રજાવર્ગના મનોવ્યાપારને અંકિત કરતું સત્ય ચિત્ર છે. એટલે આમાં બોધ નથી; આલેખન માત્ર છે.

પણ આ પ્રવેશક લખવાનો મારો આશય તો ૧૮૫૭ના મહાપ્રસંગ સંબંધની મારી પોતાની વિચારણા વ્યક્ત કરવાનો છે.

'૧૮૫૭'ના આ મહાપ્રસંગને સરકારી પક્ષે 'સિપાઇઓનો બળવો' કહ્યો છે. લોકોના અજ્ઞાને ઉભો કરેલો અને લોકો ઉપરની અનહદ આપત્તિમાં પરિણમેલો એ બળવો માત્ર હતો, એવું એ પક્ષનું મંતવ્ય છે.

શ્રી. સાવરકરનો પક્ષ એને War of Independence, સ્વાધીનતાનું યુદ્ધ કહે છે. દેશભક્તોએ વિચારેલા અને યોજેલા, વિજય મળ્યા હોત તો દેશને સ્વાધીનતા બક્ષનાર, અને પરાજય થયો તેથી દેશની ગુલામીમાં પરીણમેલ એ મહાપ્રસંગને, શ્રી. સાવરકરે War of Independence સ્વાધીનતાનું યુદ્ધ કહ્યું છે.

શ્રી સાવરકરે દેશ માટે અનેક યાતનાઓ સહી છે. એમનું આખું જીવન પોતાના પરમ પ્રિય સ્વદેશ માટે તપશ્ચર્યા સમાન છે; એમની વિચારણા પ્રામાણિક અને સ્વતંત્ર છે; શ્રી. સાવરકરના દેશપ્રેમને હું મારી પ્રેમ અને ભક્તિની અંજલી અર્પું છું.

પણ મને લાગે છે કે એમની વિચારણા બરાબર નથી.

લોર્ડ ડેલહાઉસી અને એનું સમકાલીન અંગ્રેજી અફસર મંડળ વિજય અને સત્તાના નશાથી ચકચૂર હતું, એ બિલકુલ સાચી વાત છે.

હિંદુસ્તાનની ધરતીનુ કણેકણ શાહેનશાહના સ્વામીત્વ નીચે રજૂ કરી દેવાની તેમની નેમ હતી એ તદ્દન સાચી વાત છે. જેટલાં જેટલાં દેશી રાજ્યે એમણે સ્વાધીન કર્યાં, તેમાં ન્યાયના સ્વીકારાએલા સિદ્ધાંતોની સ્પષ્ટ અવગણના અને સ્વાહા નીતિનુ સ્પષ્ટ અવલંબન હતું, એ ઉઘાડી દીવા જેવી વાત છે. હરકોઇ હિંદુસ્થાની આ સ્થિતિથી કકળી ઉઠયો હતો, એના દિલમાં અંગ્રેજી રાજ્ય અમલ પ્રતિ રોષ પ્રકટી નિકળ્યો હતો, એ પણ તદ્દન બરાબર છે ત્યાં સુધી શ્રી. સાવરકરના પક્ષ સાથે હરકોઇ સંમત થશે એમ હું માનું છું.

પરંતુ "એ પ્રસંગના અગ્રેસરો પરમ દેશભક્તો હતા; દેશને સ્વાધીન બનાવવાની તેમણે વિચારેલી અને અમલમાં મૂકેલી આ યોજના હતી; અને એમને વિજય મળ્યો હોત તો આપણો દેશ આઝાદ થાત." એવા મંતવ્ય સાથે સહમત થવાને હું તૈયાર નથી.

પ્રથમ તો, આઝાદી, સ્વાધીનતા એટલે શું ? શાહઆલમનું દિલ્હીમાં અથવા નાના સાહેબનું પુનામાં રાજ્ય થાત, તો એથી દેશ સ્વાધીન અથવા આઝાદ થયો ગણાત ? આઝાદી અથવા સ્વાધીનતાની એ સમયની કલ્પના કે આદર્શ શું હતા ?

સૌથી પહેલું મારૂં પ્રતિપાદન એમ છે કે એ અગ્રેસરોની શુદ્ધ બુદ્ધિ અને પ્રમાણિકતાનો સ્વીકાર કરીએ તો પણ, એ કાળની અને એ અગ્રેસરોની આઝાદીની કલ્પના માત્ર એટલી જ હતી કે અંગ્રેજી રાજ્યને બદલે હિન્દી રાજાઓનાં રાજ્ય સર્વત્ર સ્થપાય.

તે કાળનાં રાજાઓના રાજતંત્રોમાં પ્રજાના અવાજને નામ માત્રનો પણ અવકાશ નહોતો. Worst form of Feudalism —હીનમાં હીન પ્રકારની જમીનદારશાહી—એ તે કાળની પરિસ્થિતિ હતી. એ કાળમાં તલવાર અને બંદૂક રાજ્યો હતા—પ્રજારાજ્યોની કલ્પના પણ નહોતી.

એટલે કે પ્રજાવર્ગની સ્વાધીનતા અથવા આઝાદીની ઇચ્છા, કલ્પના કે યોજના '૧૮૫૭'ના પ્રસંગના કારણરૂપ નહોતી; એ મારૂં પ્રથમ પ્રતિપાદન છે.

અને અગ્રેસરોને શું સાલતું હતું ? કોઇનાં માનસ કોઇ વાંચી શકે તે અશક્ય છે. પણ નાના સાહેબના દિલમાં પોતાની ગાદી ગઇ એનાં વેરઝેર સળગતાં હતાં; એ ઉપરાંત, સમસ્ત પ્રજાવર્ગ દુઃખી અને સાધન-હીન હતો, એ સ્થિતિથી ઉત્પન્ન થએલી એક પણ જ્વાલા એના દિલમાં હતી, એમ કોઇ કહી શકશે ? અને એની યોજનામાં અંગ્રેજોને હાંકી કાઢી પોતા માટે ગાદી મેળવવા ઉપરાંત, સર્વ પ્રજા વર્ગને માટે સમાન સંપત્તિ અને સાધન સર્જવાની યોજના હતી, એમ કોઇ કહી શકશે ?

પોતાના સ્વાર્થનો નાશ થયો એટલે એ અંગ્રેજ વિરોધી Anti-British થયા; પણ એને પુનાની ગાદી મળી હોત તો એ અંગ્રેજ વિરોધી Anti-British હોત ખરા ? Anti-British અંગ્રેજ વિરોધી એટલે દેશભક્ત એ કાંઇ દેશભક્તિની વ્યાખ્યા નથી. એટલે કે એ ૧૮૫૭ના પ્રસંગના અગ્રેસરોને સાચા દેશભક્તો અથવા શહીદો કહેવા એ તથ્ય નથી, એ મારૂં બીજું પ્રતિપાદન છે.

૧૮૫૭ના પ્રસંગમાં અંગ્રેજોનો પરાજય થયો હોત તો, દેશ આઝાદ બન્યો હોત, એ વાતને, એમની દૃષ્ટિએ પણ માનવાને હું તૈયાર નથી. આપણા પ્રખ્યાત નવલકથાકાર શ્રી. ગોવર્ધનરામભાઇ મહારાજ મલ્લરાજના મુખે કહેવડાવે છે તેમ, શાહઆલમ અને નાનાસાહેબ લડત, હિંદુ અને મુસલમાન લડત, અને આંતરવિગ્રહનું ભયંકર તાંડવ હિંદુસ્થાનની ધરતીને વિશેષ લાલ કરત, એમ માનવાને હું વધારે તૈયાર છું.

પણ જે વાતને હું સૌથી આગળ ધરવા માગું છું તે આ છે.

જો ૧૮૫૭નો પ્રસંગ ન આવ્યો હોત તો ?

તો ડેલહાઉસીએ સમસ્ત હિંદી રાજ્યો એક પછી એક સ્વાહા કર્યા હોત; તો સમસ્ત હિંદુસ્થાન લાલ રંગે રંગાયો હોત; તો હિંદુસ્થાનના શરીર ઉપરના આજના આ પીળાં ભાગો–anaemic spots–નાશ પામ્યા હોત; તો હિંદુસ્થાન એકરંગી one-minded હોત; તો આજનાં British India–અંગ્રેજી હિંદ અને Indian India –હિન્દી હિંદ વચ્ચેનાં ભેદો, ઘર્ષણો અને સમસ્યાઓ ઉભાં થયાં ન હોત.

૧૮૫૭ નો પ્રસંગ થયો: એટલે ડેલહાઉસી નીતિ નાશ પામી; એટલે આપણા દેશનો ⅓ ભાગ પીળો anaemic રહી ગયો. એક અને અવિભાજ્ય હિંદુસ્થાનના સ્વપ્નમાં એ આવરણો ઉભા રહ્યાં; આજે એક હિંદુસ્થાન એ સ્વપ્ન તરીકે સેવવું પણ દુર્લભ થઇ પડયુ છે.

૧૮૫૭ના પ્રસંગમાં અંગ્રેજોનો પરાજય થયો હોત અને એ પ્રસંગના અગ્રેસરો બોલેલા વચનો અને કરેલા કરાર પ્રમાણે વર્ત્યા હોત તો, સમગ્ર હિન્દુસ્થાનમાં સેંકડો રાજસ્થાનો સ્થપાત; એટલે કે એક દેશના સેંકડો ભાગલા પડી જાત અને તે દરેક ભાગ પોતાની આપખુદીના કોરડે પોતાના રાજ્યમાં અને અરસપરસ ઝઘડયા કરત. અંગ્રેજોનો વિજય થયો એટલે એવા રાજયોનો ⅓ ભાગ એકતામાં પરીણમનો રહી ગયો. જો એ પ્રસંગ ઉત્પન્ન થયો ન હોત તો આખું હિન્દુસ્થાન એકરંગી થઇ જાત કે જેનો લાભ આપણને આજે મળી શકયો હોત.

એટલે કે મારૂં છેલ્લું પ્રતિપાદન એ છે કે ૧૮૫૭ના બળવાએ આપણા દેશી રાજયોને જીવતાં રાખ્યા; એ મહાન આપત્તિ ૧૮૫૭ના પ્રસગથી આપણને મળી. એ કારણે ૧૮૫૭નો પ્રસંગ એ આપણું મહદ દુર્ભાગ્ય હતું.

રાણપુર
૯–૪–૩૫

અમૃતલાલ શેઠ

# કવિતવ્ય

'જલિયાંવાલા' જેમ એક દિવસે 'દિન ખૂન કે હમારે પ્યારો ન ભૂલ જાના' એ ગીત સાંભળીને લખાયું તેમજ આ '૧૮૫૭' વિષે કહી શકાય. ૧૮૫૭નો વિદ્રોહ, જલિયંવાલાની આજુબાજુના બે ત્રણ વર્ષો, અસહકાર યુગ ને છેલ્લે '૩૦ ને '૩૨નો સ્વાતંત્ર્ય–સંગ્રામ, એ બધામાં એવી રોમાંચક સામગ્રી ભરી છે કે વાંચનાર સહેજ સ્વપ્નદર્શી હોય, તો ક્ષણ બે ક્ષણ દ્રષ્ટાના સિંહાસને પણ ચડી બેસે; એની દૃષ્ટિ સમક્ષ ધીમે ધીમે પોપચાં ઉઘાડતું નવજીવન રમી રહે. એ દૃશ્ય જેને જોવા મળ્યું છે તે ધન્ય છે; કારણ આપણા સૌના અકર્મણ્ય જીવનની એ સંજીવની છે. 'જલિયાંવાલા' કે '૧૮૫૭' અંગે હજાર બે હજાર પાના વાંચતાં મેં એ શબ્દસૃષ્ટિ વચ્ચે એક નવપલ્લવિત, સૌરભમય જીવનને વહેતું જોયું છે, ને એની સંજીવનીના સ્પર્શોમાંથી એને શબ્દોમાં ઉતારવા મથ્યો છું; કેવળ આ બે વિષે જ નહિ પણ હવે પછી પ્રગટ થનારાં "જીવતાં કબ્રસ્તાન" "કલ્યાણ યાત્રા" "મૂલ્ય" કે "અછૂત" સંબંધમાં પણ એ જ અનુભવ છે.

પણ જેમ કોઇક કહેતું હતું તેમ, આ બધા પાછળ સરકાર સામે દ્વેષ ફેલાવવાનો લેશ પણ આશય નથી; એનું કારણ એ નથી કે મને

વર્તમાન શાસનતંત્ર માટે સહેજ પણ માન છે; તેમ એ માન્યતા પણ નથી કે કલમથી અન્યાયોની જડ ઉખાડી શકાતી નથી. માત્ર કારણ એ જ છે કે હિન્દુસ્તાનના ખેડૂત, વણિક, મજૂર, બાલક, નૌજવાન ને વૃદ્ધ સૂક્ષ્મજીવનની પ્રતિપળે જે રૂવાં ઉભા કરે એવી કતલ ચાલી રહી છે ને જે કતલ આગળ ૧૮૫૭નો ફાંસીયુગ ને જલિયાં-વાલા બાગની કતલ બાળક જેવી છે, ને મારૂં 'જલિયાંવાલા' કે '૧૮૫૭' તો કચકડાના બાગલાં જેવાં છે, તે ભયંકર કતલને લેખનથી બંધ કરાવવાની મારી યોગ્યતા જોતો નથી; એટલે સ્નેહ કે ઇતરભાવે જો મને યોગ્યતા વિનાનાને કોઇ એ માન આપતું હોય તો પણ નમ્રતાપૂર્વક હું એનો ઇન્કાર કરૂં છું; કારણ કે મારો એ આશય નથી. હા, મેં જે જીવન એ વર્ષોમાં વહેતું જોયુ છે એ પ્રત્યે કોઇક આકર્ષાશે ને મારી જેમ જ એ પારસ સ્પર્શ અનુભવશે તો મને આનંદ થશે ખરો. પણ સરકાર સામે ધિક્કાર ફેલાવવાનો આશય હોવાની કલ્પના સાવ નિર્મૂલ છે. 'જલિયાંવાલા' કે '૧૮૫૭'ને ધ્યાનપૂર્વક વાંચનારાને પણ એ સ્વીકાર્યા સિવાય નહિ ચાલે.

ને વાંચનારને રાજ્યતંત્ર સામે ઉશ્કેરવો હોય તો તો એ બે ત્રણ હજાર પાનામાં એવી વિપુલ સામગ્રી પડી છે કે કોઇક કાર્લાઇલ કે કોઇક વોલ્ટેરને હાથ એ પડે તો વાંચનારને ગાંડો બનાવી મૂકે.

ને સાચેસાચ તો એકાદ બીબીગઢની કતલ, સતી ચૌરાનો હત્યાકાંડ, અજનાલાનો કૂવો, કે નીલ કે ડાયરના અત્યાચારો એ પ્રચારમાં મૂકવા જેવી વાત નથી લાગતી. એ તો જીવનની અસ્વાભાવિક દશાના સૂચક લાગે છે. ઇતિહાસકાર ભલે એ નોંધે. પણ જીવનપ્રવાહને જોનારો તો એમાં સૌનો કરૂણાજનક અધઃપાત જોશે, ને મમતાસહ એને ઉપાડી જીવનમાં યોગ્ય સ્થાને ગોઠવવા પ્રયત્ન કરશે. મારાથી આમ થઇ શકયું છે કે નહિ એ મને ખબર નથી, વાચતા કે લખતાં સદૈવ એ ભાવના

રહી છે એ મને ખબર છે. ને એનું કંઇ જ પરિણામ આવ્યું ન હોય એ હું માની શકતો નથી.

'જલિયાંવાલા' ને '૧૮૫૭'માં ઇતિહાસ કેટલો એમ પૂછનારને પણ મારો એ જ ઉત્તર છે. ઇતિહાસ એ સાચી ખોટી હકીકતોનો થોકડો છે. એ નિર્જીવ છે. પણ એ નિર્જીવ શબ્દો વચ્ચે એક સુંદર સંબદ્ધ જીવન વહ્યું જતું હોય છે. ને એને ઉપાડી લઇ ચિત્તો મૂકવો એ કલાકારનું કામ છે, મારે મનથી ઇતિહાસના શબ્દો કરતાં એ ચિત્રો એ સાચાં પ્રતિબિમ્બો છે. ઇતિહાસકાર ભલે એમ પૂછે કે આમ બન્યું હતું ? પણ જીવનમાં પહેલી નજરે દેખાય છે એમ જ બધું રજૂ થતું હોત તો કદાચ જીવનમાં આશા અને કલ્પનાને સ્થાન જ ન રહેત. ચારે બાજુ સ્વાર્થનો વિગ્રહ છે, ચારે બાજુ અસત્યના ધજાગરા છે. અમલદારો પસાયતાને દબાવે છે, પસાયતો વાણિયાને દબાવે છે, વાણિયો ઘરાકોને દબાવે છે. ઘરાકો એમની મૂઠીમાં આવનારાઓને દબાવે છે, છતાં આપણે ધર્મ, ન્યાય, સત્ય અને શહાદતની વાત કરીએ છીએ, ને નિર્મળ અંતઃકરણે રામ, સીતા, સાવિત્રી, ઇસુ, ટેલીમેકસને પૂજીએ છીએ. એનો અર્થ જ એ છે કે ધરતીના એકાદ પડમાં જીવનનું એ અમી ઝરણું વહ્યા જ કરે છે, જીવનઝાળમાં બળતા આપણે સૌ એને જ શોધીએ છીએ. આપણા ભૌતિક ચક્ષુઓ વડે ભલે આપણે ઝટઝટ એ દેખી ન શકતાં હોઇએ, પણ એથી 'એ નથી' એમ ઇતિહાસ-કાર આપણને ઘડીભર પણ મનાવી શકવાનો નથી. બળવાનો ઇતિહાસ વાંચનાર પણ જો જીવનપ્રવાહને આવી મમતા અને શ્રદ્ધાપૂર્વક જોનારો હશે, તો '૧૮૫૭'નું જીવન એમાં વહેતું જોઇ શકશે.

સાહિત્યમાં 'જલિયાંવાલાં' કે '૧૮૫૭' એ કયા ખાનામાં જાય તેની મને ખબર નથી. તેને નાટક કહેવાય કે કેમ એ હું કહી શકું

એટલું મારું નાટ્યશાસ્ત્રનું જ્ઞાન નથી. મને આ રીતે મૂકવું ફાવ્યું છે એટલું જ કહેવું બસ થશે.

ગુજરાતના વિવેચકો સામે એક મીઠી ફરિયાદ છે કે એ નવા લખનારાના વખાણ જ કરે છે, ને એને પરિણામે દિન પ્રતિદિન સર્જન દૃષ્ટિ અલોપ થતી જાય છે, ને જોડાજોડ વિશદ વિવેચન-શક્તિના ચમકારા પણ ઘટતા જાય છે. હું આ અને આ પછીના પુસ્તકો ગુજરાતના ધૂરંધર વિવેચકો પાસે મૂકું છું.

૨૨-૩-૩૫
સોનગઢ

દર્શક

# પાત્રો

શંકર : વિપ્લવનો પ્રણેતા.

રામદીન : એનો જુવાન સાથીદાર.

હળધર વેદપાઠી : ગામના વેદપાઠી પંડિત.

મહુમ્મદ : સિપાહી.

ડેનિયલ : લશ્કરના જનરલ.

પોલ : અફસર.

ગ્રેહામ : સાર્જંટ.

ઇલ્બર્ટ : ,, ઇલીઝાનો ભાવિ પતિ.

હનુમંતસિંહ : પદભ્રષ્ટ રાજા.

મહેતાબસિંહ : શીખ રેજીમેન્ટનો નાયક.

સગુણા : હળધરપાઠીની પુત્રી.

માર્ગરેટ : પોલની સ્ત્રી.

ઇલીઝા : ,, પુત્રી.

ઉપરાંત:—માનશંકર, લીલચંદ જેવા નાગરિકો, સિપાહીઓ, સાર્જંટો ને લોકસમુદાય.

બધાં ચિત્રોનાં બ્લોક

# સૌરાષ્ટ્ર પ્રોસેસ સ્ટુડીઓ

બનાવે છે.

એકરંગી, બેરંગી અને ત્રિરંગી ગમે તેવાં ચિત્રોનાં બ્લોક આ સ્ટુડીઓમાં તૈયાર થઇ શકે છે.

તદ્દન વાજબી ભાવે, સંપૂર્ણ સફાઇ અને કાળજીપૂર્વક ગ્રાહકોને પૂરો સંતોષ આપે એવું કામ બરાબર નિયમિતતાથી કરી આપનારૂં આખા કાઠિયાવાડમાં આ જાતનું આ એક જ ખાતું છે.

એક વખત અજમાયશ લઇ જુઓ.

સૌરાષ્ટ્ર પ્રોસેસ સ્ટુડીઓ : રાણપુર

१८५७

# દશ્ય પહેલું.

સ્થળ : ઉત્તર હિંદુસ્તાનના એકાદ દેશી રાજ્યની રાજધાનીનો ચોક.

સમય : શ્રીમાન ડેલહાઉસીના રાજ્યકાળની એક સન્ધ્યા.

( એક નાનકડા ચોકમાં નાગરિકોનું ટોળું ઉભું છે, સૌ અંદર અંદર ધુસપુસ કરતા હોય છે. )

### એક નાગરિક

( દોડતો આવે છે )

અલ્યા ઓ, આ શું સાચી વાત ?

### ટોળામાંથી એક

કઇ વળી ?

### નાગરિક

આ આપણા મહારાજાને પદભ્રષ્ટ કર્યા એ જ વળી.

### બીજો

અહીંઆં એ જ કૂટાય છે, તું યે આવીને સાંભળ.

( આવનાર નાગરિક ટોળામાં ભળી જતો )

શું ? શું ?

બીજો નાગરિક

હવે બૂમાબૂમ મૂક ને. છાનોમાનો સાંભળ, હાં—પછી શું થયું, કહો જોઇએ ?

( એમાં એક જે સ્હેજ મોટો ને મોભાદાર દેખાય છે તે ધીમેથી )

હું ઘેરથી નીકળતો હતો ત્યાં તો તડબડ તડબડ અવાજ સંભળાયો; પાછો ફરીને જોઉં તો ફિરંગી ટોપીવાળા ઘોડા દોડાવ્યે આવતા'તા. હું તો એકકોર ખસી ગયો, વાંસે આવનાર એક જણને પૂછું છુ તો કે'કે, 'રાજમહેલે જાય છે.' હું યે પાછળ પાછળ ગયો રાજમહેલે. ત્યાં તો બીજી ટુકડી ઉભેલી; બે ચાર સાહેબો ઘોડેથી ઉતરીને અંદર ગ્યા, કલાકેક પછી આવીને કાંઇક કીધું એટલે એક ટુકડીની ચાર ટુકડી થઇ ગઇ, એક ગઇ તિજોરીએ....

પહેલો નાગરિક

તિજોરીએ ?

બધા

છાનો મર ! સાંભળવા દે.

વાત કરનાર

બીજી ગઇ કોર્ટ ઉપર, ત્રીજી દરબારગઢ પાછળ ને ચોથી દરવાજ ઉપર ઉભી રહી.

એક નાગરિક

પણ અંદર શું થ્યું ?

વાત કરનાર

ખબર નથી, પણ એમ કે'વાય છે કે રાજા સાહેબ હનુમંતસિંહને પકડીને છાવણીએ લઇ જવાના છે ને રાજ ટોપીવાળાનું થઇ જવાનું છે.

વણિક નાગરિક

હાય ! હાય ! તો તો ભારે થશે, અમે સૌ મરી જવાના.

રાજપૂત

તમારે શી ફિકર હતી ? ટોપીવાળા ય વેપારી ને તમે ય વેપારી; ઉલટો મેળ બાઝશે.

વણિક

નારે ભાઇ ના, અમારા સૌની માલમિલકત પણ રાજાસાહેબને સુપ્રત કરી છે, લીલા ભેગું અમારૂં સુકુંય બળી જશે.

એક ચોંથરેહાલ

ઠીક, શેઠ ઠીક. અમારા જેવાના ખાતામાં બે ગોદા મારીને લીધું હશે એ ઠેકાણે પડશે.

રાજપૂત

ચિંતા તો અમારે છે : ટોપાવાળાને સલામું ભરવી પડશે, મારા બાપ ફોજદાર હતા, તેદિ' આજ ગામમાંથી ટોપાવાળાને કાન ઝાલીને બા'ર કાઢેલો ને આજ મારે એમને સલામું ભરવી પડશે.

બીજો નાગરિક

તમારે શું, સાને ભરવી પડશે !

એક નાગરિક

પણ બિચારા રાજાસાહેબનું શું ?

સૌ

બિચારા રાજકુટુંબ માથે તો આભ તૂટી પડ્યું.

પહેલો નાગરિક

પણ કાંઇ વાંક, ગુનો ?

વાત કરનાર

જાઇને પૂછી આવ ગોરા સા'બને.

પહેલો નાગરિક

સરસ. જાઉં એટલે કોટવાળી ભેગો જ કરી દે.

(દૂર દાંડી પીટાય છે)

સાંભળો ઢઢેરો પીટાય.

(પાછળથી અવાજ આવે છે)

આજથી ......પુર સંસ્થાનના રહેવાસીઓને ખબર આપવામાં આવે છે કે હાલના રાજા હનુમંતસિંહની પાસેથી એમના અયોગ્ય રાજ્યઅમલને પરિણામે રાજ્ય લઇ લેવામાં આવે છે ને રાજ્યવારસના અભાવે બ્રિટિશ કંપનીના રાજ્ય સાથે ભેળવી દેવામાં આવે છે. તેથી હવે સૌ સંસ્થાનવાસીઓને કંપનીના કાયદા લાગુ પડશે, તેમજ દાદ ફરિયાદ કંપની સાંભળશે.

(ઢઢેરો પીટનાર પંચમ ઢોલ વગાડતો પ્રવેશ કરે છે એની પાછળ સિપાહીઓની ટુકડી છે. ચોકમાં ઉભો રહી એ ફરી સાદ પાડે છે ને પછી ઢોલ વગાડતો વગાડતો ચાલ્યો જાય છે.)

પહેલો નાગરિક

એણે શું કહ્યું ? આપણું રાજ ખાલસા થઇ ગયું ?

(બધા ચૂપ રહે છે)

### બીજો નાગરિક

પણ એણે તો એમ કીધું કે રાજવારસ નો'તો એટલે. ને વારસ તો છે રૂપાળો નાનાભાઇનો દીકરો; કલૈયા કુંવર જેવો.

### ત્રીજો નાગરિક

પણ હોઇઆં કરી જાવું હોય ત્યાં શું?

### પહેલો નાગરિક

પણ વચમાં આપણા માઠા હાલ ને?

(એક જુવાન જે અત્યારસુધી મૂંગો રહ્યો છે તે)

### જુવાન

તે શું તમે એમ સમજો છો કે તમને સારીપેઠ રાખવા માટે આ રાજાને ઉઠાડી મૂકે છે? એ તો તમને ચૂસી ખાવા. ખરાબ રાજ્યઅમલ હતો એ તો બા'નું, આપણને શું દુઃખ હતું ભલા? કોણે એની પાસે જઇને ફરિયાદ કરી હતી કે અમને સુખી કરવા આવો માબાપ. મલક આખાના ધૂતારા!

### બીજો નાગરિક

કંઇકને પાયમાલ કરીને અહીં આવ્યા હશે.

### જુવાન

અરે જુવોને, આ સતારા ગળ્યું, નાગપુર ગળ્યું, અજોધ્યા ગળ્યું, ઝાંસી ગળ્યું, એ મોટાં મોટાં ગળત કર્યાં, હવે આ નાનાનો વારો આવ્યો.

### ત્રીજો નાગરિક

કોણ જાણે કેવડું ગ્રે પેટ છે?

### વણિક નાગરિક

આપણે ખરા હોઇએ તો તો એ પેટમાં પેસીને પગ પો'ળા કરીએ.

બીજો નાગરિક

શાબાશ! શેઠ, શાબાશ! પણ બોલતાં યાદ રાખજો હો, હવે ગોબ્રાહ્મણ પ્રતિપાળનું રાજ નથી; ગૌબ્રાહ્મણ વધનારનું રાજ છે.

(ઝપાટાબંધ ગોરા સાર્જન્ટોની એક ટુકડી પસાર થાય છે)

રાજપૂત

આ જાંગલાઓ હવે ગામ આખાને રંજાડવાના.

જુવાન

તમે બધાં શું કામના છો ? આ બધાં હાતાં શું કાટ ખાવા જ રાખ્યાં છે, કે કોઇ દિ' એનાથી દુશ્મનની છાતી ચીરવાની ?

(તલવાર સામે હાથ લંબાવે છે)

રાજપૂત (અપમાનથી મનમાં ધૂંધવાતો) સમય પારખુ કરશે.

( પડદા પાછળથી બૂમો આવે છે )

એ લીલચંદ, એ લીલચંદ, મારી નાખ્યો રે, મારી નાખ્યો. દોડો રે, દોડો! હાય-હાય!

સાલ્લા સમજટા નહિ ગદ્ધા, સુવ્વર ? હમ દો દફે નહિ બોલ્યા હમકો ડેડો.

( સૌ હાંફ્લાફાંફ્ળા દોડી જાય છે, પડદો બદલાય છે. )

શેરી પરની એક દુકાનના ઓટા પાસે ઘોડા પર બેઠો બેઠો એક ટોમી સામે ધ્રુજતા જાડાને ઉઘાડા ડિલવાળા દુકાનદારને ચામડે મઢેલ સોટીવતી મારતો હોય છે.

ટોમી

સાલા, એક બખ્ખટ નહિ બોલા ? Damfool!

વણિક

ઓય વોય રે!

( બધા નાગરિકો દોડતા દોડતા પ્રવેશ કરે છે, ગોરાને જોઇ સૌ ખંચકાઇને ઉભા રહે છે. )

ટોમી

(નાગરિકો તરફ ફરતો)

ટુમ કાયકુ આયે ? ઇધરકી રૈયટ બ્હોટ બેકાયદે. ટુમને કીસને બુલાયા? ચલે જાવ. (વેપારીને) એય બુઢ્ઢા, હમકો રસદ ડો; ડેટા કે નહિ ?

જુવાન

(આગળ ચાલીને)

એય સાહેબ, એને શું કામ હેરાન કરો છો ?

ટોમી

ટુમ કાયકુ બોલટા ? ચલ જાઓ ઇધરસે. હમ ઉસકો પૂછેગા.

( પેલો વાણિયો બીકનો માર્યો દુકાન એમને એમ મૂકીને ચાલતો થાય છે ને પર નજર પડતાં )

એય બનીએ, ખડે રો ! ભટ ભાગો. મેં રસદ મંગતા.

( સોટીવતી અટકાવે છે. )

વાણિયો

(ધ્રૂજતા)

બાબાપ, જોતું હોય એ લે જાઓ; પણ મને જાને દયો.

ટોમી

(તિરસ્કારથી)

કૈસે ધ્રૂજતે ?

( ઘોડા ઉપર બેઠા બેઠા પેલા જુવાનને )

એ ય તુમ લેલો. મેં બોલુ ઇટના ઉઠાલો.

( જુવાન ચાલતો થાય છે એટલે ઘોડો ફેરવી )

એય you deaf. સુનતે નહિ? યે રસદ ઉઠાકર ચલ મેરી સાથ કેમ્પ મેં.

### જુવાન

હું નથી આવતો, મારે કામ છે.

### ટોમી

ક્યા બોલા? નહિ આયગા? You Nigger

( સોટી ઉગામે છે. ત્યાં બૂમ-સંભળાય છે )

ઠહરો, સાહબ!

( એક જુવાન પ્રવેશ કરે છે, એણે ભગવાં વસ્ત્રો પહેર્યાં છે, ગળામાં રુદ્રાક્ષની માળા છે, જટાના વાળ છુટ્ટા છે, એની ચાલ મક્કમ , નેત્રો સ્થિર, ને સ્વરૂપ સુંદર છે,)

### આવનાર જુવાન

ઠહરીએ સાબ, આપ ક્યા મગતા?

(ટોમી ઘડીક વાર એની સામે જોઇ રહે છે. પછી ઝંખવાયો હોય તેમ)

### ટોમી

ઇઘર કે લોક કીતને જંગલી! મેં બનીઆકી પાસ રસદ મગતા, વો દેતા નહિ. ઉસકો કેમ્પમે રસદ ઉઠા-લાનેકો બોલતા, તો આતા નહિ. ઇધર કે સબ-આદમી બ્હોત Insolent હૈ.

### આવનાર જુવાન

સોટી તો આપના હાથમાં છે. આ સૌ ગરીબ ને કંગાલ આદમી તો આપની તરફ હાથ જોડીને ઉભા છે. (એ તિરસ્કારથી નાગરિકોના ટોળા તરફ જોઇ રહે છે)

અચ્છા, ચલો, મેં દેતા હું, ક્યા મંગતા?

ટોમી

છે પાઉન્ડ આટા, દો પાઉન્ડ ચાવલ, તીન પાઉન્ડ મીસરી. (થોડીવાર અટકી) હાં તુમ કૌન હો ?

સંન્યાસી

(માલ જોખતાં)

મૈ સંન્યાસી હું. તુમારા નામ ?

ટોમી

ગ્રેહોમ.

સંન્યાસી

તમારા મુલકમાં સિપાહીઓ આમ ઉદ્ધતાઇ બતાવી શકે છે ? ગરીબડા લોકોને આમ સતાવી શકે છે ?

(ટોમી ચૂપ રહે છે)

પેલો જુવાન

એ તો અહીં જ, ત્યાં તો એ લોકના નોકર.

સંન્યાસી

(માલ આપતાં)

અચ્છા, લેલો. ઓર પેસા યે પેટી પર રખ દો.

ટોમી

(માલ લઇને)

કેમ્પમેં બિલ ભેજના.

( ઘોડો કુદાવતો ચાલ્યો જાય છે. સૌ એની પાછળ જોઇ રહે છે )

સંન્યાસી

કાં રામ અને કૃષ્ણ સંતાનો, શું જુઓ છો ? ઘેર જાઓ.

નિરાંતે બત્રીશ ભોજન આરોગો. મિથ્યા બીજાની ઉપાધી કરીને શા માટે ડિલે દુબળા થવું? ઉપાધી કરવાવાળો આવડો મોટો હજાર હાથવાળો ધણી છે. (થોડીવાર મૂંગો રહી) અરે, આપણે સૌ પામર જીવો છીએ, નહિતર અત્યારે થાળીમાં ચપટી ધૂળ નાખીને આપણે સૌ બેઠા થઇ ગયા હોત! જીવતર ખારૂં ઝેર થઇ ગયું હોત! પણ આપણે સૌ પામર જીવો છીએ; સાવ પામર ને અંધા. પંડથી જરાય આઘે નજર પહોંચે જ નહિ. નહિતર જે રામે પારકાના સારૂ રાજમહેલ ને સુખસેજ તજ્યાં, જાનકીજી જેવાને પણ તજ્યાં ને જે કૃષ્ણે પારકાના સારૂ જરાસંધને હણ્યો, કૌરવોને હણ્યા, નરકાસુર હણ્યો, બાણાસુરને હણ્યો, એના ભક્તો ને સંતાનો આપણે સૌ આ બધું કેમ કરીને સહન કરી લેત? રામ અને કૃષ્ણ આપણામાંથી ક્યારના પરવારી ગયા! નહિતર લીલચંદ જેવો જુવાન ભત્રિજો કાકાને માર ખાતો જોઇને ઉભો રે'? સચ્ચિદાનંદ!! સચ્ચિદાનંદ' આપણ શું થવા બેઠું છે? (જુવાનને) ચાલ રામદીન, આવવું છે ને?

(સંન્યાસી ને રામદીન જાય છે, ટોળું મૂંગુ ઉભુ રહે છે.)

### લીલચંદ

(ડોક હલાવતાં ચોડી વારે)

આપણુ નસીબ પરવાર્યું લાગે છે.

### બીજો નાગરિક

સાદ દિ'.

### એક નાગરિક

આંહીથી ચાલશું?

### લીલચંદ

જ્યાં જાશું ત્યાં ટોપીવાળાનું રાજ આવવાનું જ છે. ઇ તો

જ્યાં જ્યાં સૂરજનો ઓછાયો પડયો, ત્યાં ત્યાં ટોપાવાળાનો પગ પડી જ ચૂકયો છે.

નાગરિક

પણ ઘર તરફ ચાલશું ?

લીલચંદ

અરેરે, મેં તો ઘર પણ ગુમાવ્યું, રાજની તિજોરી જોડે મારી મૂડી પણ ગઇ. અરેરે રામ! છોકરાને શું ખવરાવીશ ?

(માથે હાથ દઇ બેસી જાય છે.)

બીજો નાગરિક

અરે લીલચંદ! જુવાન માટી થઇને શું હરેરી જાશ ? દુકાન થોડી જ લૂંટાઇ ગઇ છે ?

લીલચંદનો કાકો

એ ય લૂંટાઇ જશે હવે તો. હાલ! લીલા હાલ, હવે ઘેર જઇ જે હોય ઇ'તો ઠેકાણે કરીએ.

(લીલચંદનો હાથ ઝાલીને લઇ જાય છે, સૌ એને અનુસરે છે.)

એક ચોંથરેમલ

એક રાતમાં રાજપાલટો થઇ ગ્યો.

(પડદો પડે છે.)

૨૦૪૩૯

## દૃશ્ય બીજું

સ્થળ : શિવાલયનો ગર્ભભાગ.

સમય : પ્રાતઃકાળનો.

પાત્રો : શંકર, પછીથી સગુણા.

(શંકર, ઉઘાડા શરીરે હાથ જોડીને મંડપ વચ્ચે ઊભો છે, એની જટાના વાળમાંથી મોતીની જેમ જલબિંદુ ટપકે છે, એ ભાવમય સ્વરે બબડે છે, થોડે દૂર શંકર ન જુએ તેમ શ્વેત કમળ શી શુભ્ર સાડી પહેરેલી ગૌર સગુણા થાંભલાની ઓઠાણે ઊભી છે.)

શંકર

ત્રિપુરારી, જે ઘડીનાં પગરણ હું સાંભળતો હતો એ આવી પહોંચી છે. તું આજ્ઞા આપીશ? હું તારો બાળક આર્દ્ર હૃદયે અંજલિ જોડીને આજ્ઞા માગું છું. તારો હુકમ છે, ત્રિનેત્ર? મા ભૂમિ ત્રસ્ત થઇ ગઇ છે. બદ્રિકેદારથી રામેશ્વર સુધીનો જનસમાજ 'ત્રાહિ ત્રાહિ' પોકારે છે. ગૌરીપતિ ઉમેશ! તારા આ લાલને રજા આપીશ, —અરિનું દમન કરવાની? (ગદ્ગદ કંઠે) પિતા, કૃષિકાર બૂમ મારે છે કે એની કોઠીમાં અનાજનો દાણો નથી, એના બળદને માટે ચાર નથી, એનાં બાળકો છાશવિહોણાં છે. બ્રાહ્મણો ધા નાખે છે કે એમની

પાઠશાળાઓ બંધ પડી છે, એમનાં વર્ષાસનો નથી મળતાં. વૈશ્યો કહે છે કે અમે વ્યાપાર નથી કરતા. કારણ, મૂલ્ય આપ્યા સિવાય અમારો માલ લઇ લેવાય છે, અમારા ઘરબાર લૂંટાય છે. ક્ષત્રિયોની પણ વિનાશ ઘડી આવી પહોંચી છે. એમનાં ક્ષાત્રતેજનો ઉપયોગ રક્ષણમાં નથી થતો–ભક્ષણમાં થાય છે. ને શૂદ્રો તો કોને કહું? સહુ શૂદ્રોની હારમાં જ આવીને ઊભા છીએ. જે જીવન માટે સમજ્યો નથી, જે કેવળ ઉદરંભરી છે, તે શૂદ્ર છે. અમે સૌ શૂદ્રો બન્યા છીએ. દેવ! કૈલાસપતિ! અમને જીવાડવા છે? રોળાઇ જતાં જીવનને જોઇ, નાથ! હું આક્રંદ કરૂં છું. તું ભદ્રિક શું બહેરો બની ગયો છે?

(ઘૂંટણીએ પડે છે.)

પિતા! તે રાતે ચાંદનીમાં ગોગરાતીરે કોઇને તેં મોકલીને મ્હોતું સમજાવ્યું કેઃ 'જા, જીવનના આધાર જેવું પ્રાણબળ કોઇક લૂંટી લે છે, એને પુનઃ પ્રતિષ્ઠિત કર? તેં જ મ્હોતું સમજાવ્યું કેઃ રાગ અને દ્વેશને વશ નહિ થનાર ને સદા યે એની સામે ઝગડનાર પ્રાણનો આ પરરાજ્ય નીચે વિનાશ થઇ રહ્યો છે માટે જા, ને 'પર'ને સ્થાને 'સ્વ'ની સ્થાપના કર? આજે એ ઘડી આવી પહોંચી છે, જેને માટે મેં પ્યારા ગામની આમ્રકુંજોને છોડી, પ્યારાંનો સંગાથ છોડયો, અરે! નામનો જપ સુદ્ધાં છોડયો! અંતરની બધીએ આશાઓને, મૃદુ લાગણી–પ્રવાહોને, સજ્જડ ને કુઠાર શા કઠોર ઢાંકણ નીચે ચગદી નાખ્યાં. એ ઘડી આવી પહોંચી છે. તું રજા આપે છે? વિશ્વસ્વામિન્! તું કરુણામય છે. અસુરોને યે માગ્યું આપે છે તો મને નહિ આપે? હું માગું છું એક, એક જઃ (ઘડીભર અટકે છે, સગુણા ડોકું લંબાવે છે) નિર્મલ બુદ્ધિ ને અખૂટ શ્રદ્ધા. મને ખબર છે કે ફિરંગીઓનું સામ્રાજ્ય વિશાળ છે, એના સૈન્યો સુસજ્જ છે, એમની ચાતુરી અપાર છે, ને અમે– હું એકલો છું. કોડ પંખીના છે, બુદ્ધિ બાલકની છે. ને નાથ! રાહમાં લાલચો મહાન છે. ભૂલભૂલામણી અપાર છે.

એટલે જ પિતા માગું છું, નિર્મલ બુદ્ધિ ને અખૂટ શ્રદ્ધાઃ કે હું કોઇ દિવસ ન ભૂલું કે ન્યાયનું સામ્રાજ્ય સહુથી વિશાળ છે. ને શ્રદ્ધાનું બળ સહુથી સમર્થ છે. પિતા! હું ન ભૂલું કે જીવતરની કસોટી પ્રાણના ઉજાસ કે અંધકાર ઉપર છે. પિનાકી! આટલું આપશો ને? મા ગિરિજા! તમે મારા વતી આટલું નહિ સમજાવો? સહસ્ર કન્યાઓ આજ કુમારોની જેમ આદિજનની ગૌરીની તપઃપૂત પ્રતિમાને ભૂલી ગઇ છે. સ્વરાજ્યમાં એમને હું જગાડીશ. મારી આટલી વાત હરને કાને નાંખશો? સદાય જાગ્રત, સદાય શિવ, એવા આદિ પિતા અને માતા! હું તમારી પાસે મારો આ નાનકડો સંકલ્પ મૂકી જાઉં છું. એની સિદ્ધિ વરશે તો પ્રભાતે ફરી આ મંડપમાં આવી તમને નમી જઇશ.

(એમને એમ ચુપચાપ પડયો રહે છે, થોડીવારે ઉઠે છે. એની આંખો આંસુભીની છે. બે ડલાંગ ભરી, સગુણને જોઇ, ચમકતાં)

શંકર

તમે અહીં જ ઉભાં હતા, સગુણા?

સગુણા

(નીચું જોઇ જતાં)

હા.

શંકર

ચુપચાપ ઉભાં રહ્યાં. બધું જ સાંભળી લીધું?

સગુણા

કેમ, નહોતું સાંભળવું જોઇતું?

શંકર

ના, એવું કાંઇ નહિ. મને સ્હેજ આશ્ચર્ય થયું.

સગુણા

એ તો હું કહેવા આવી હતી કે પિતાજી તમને ખોળતા હતા.

શંકર

ને અહીં આવીને તો કાંઈક બીજું જ જોયું, ખરું ?

(સગુણા મૂંગી ઉભી રહે છે)

શંકર

ચાલો પિતાજી પાસે. એ વાટ જોતા હશે.

(શંકર ચાલે છે)

સગુણા

તમે બોલતા હતા એ બધું જ કરવાના ?

શંકર

એ માટે તો અહીં આવ્યો છું.

સગુણા

(હસીને)

ને પિતાજીને છેતરી રહ્યા છો.

શંકર

શું ?

સગુણા

કહો છો કે હું તો અહીં દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવા આવ્યો છું.

(શંકર મૂંગો રહે છે)

સગુણા

તમે આવા જુઠ્ઠા બોલા છો એવું નહોતું ધાર્યું. પગથી માથા સુધી ધૂર્ત ! ભલા હશો તો આ વેશ પણ ખોટો લીધો હશે.

(શંકર હજુ મૂગો છે)

સગુણા

તમારે ઘેર કોણ કોણ છે ?

(શંકર હજી મૂંગો છે)

અરે જરી બોલશો, કે મૂંગા રહેવાના છો ? તમારે પિતા છે ? જનની, સહોદર, સહોદરા, કોઇ છે ?

શંકર

આજે 'તમે' કેમ કહો છો ? હુ તો તમારા પિતાનો અંતેવાસી છું.

સગુણા

પ્રાતઃકાળે મને દેવે કહ્યું કે આ અંતેવાસી તો મહાપુરુષ છે. એ પૂજનીયને તુંકારે ન બોલાવાય.

શંકર

(ગભીર બની)

આપણે પિતાજી-પાસે જઇશું ? એ-વાટ-જોતા હશે.

સગુણા

ખોટું લાગ્યું એટલે ભાઇએ વાત બદલી. તને નહિ ગમતુ હોય તો, હું મને નહિ ગમે તો ય તુંકારે બોલાવીશ.

શંકર

(એટલી જ ગભીરતાથી)

મને અંતેવાસીને એ જ શોભે.

સગુણા

ઠીક, પણ...ઘેર કોણ કોણ છે ?

શંકર

વૃદ્ધ પિતા, એક નાનો ભાઇઃ બે જણાં.

સગુણા

માતા નથી ?

શંકર

છે, પણ...તમે નહિ સમજો.

સગુણા

કેમ ?

શંકર

એ અરૂપીણી છે.

સગુણા

કોણ ! ગૌરી ?

શંકર

ના. (નીચો વળીને ભૂમિપરથી ધૂળ ઉપાડે છે.) આ.

(સગુણા મંદમંદ હસે છે)

શંકર

હળધર

અરે શંકર ! આજે પૂજા કરતાં કાંઇ બહુ સમય લીધો, કે સગુણાએ વાતે વળગાડ્યો હતો ?

સગુણા

શંકર મને માટીનો મહિમા સમજાવતો હતો.

હળધર

હા. મૃત્તિકાના ગુણો અપાર છે. તેજ, વાયુ આદિ મહાભૂતોમાં એક માટી પણ છે. મૂર્ખ આદમીઓને ધૂળની કીંમત નથી; નહિતર ધૂળ જેટલું કિંમતી કદાચ સોનુ પણ નહિ હોય. પણ શંકર ! તે સાંભળ્યું હનુમંતસિંહને કંપનીએ પદચ્યુત કર્યા ?

શંકર

હા. ગઇ કાલે સવારે જ.

હળધર

મને તો હમણાં ખબર પડી. આંગ્લ અધિકારીઓ આવી ગયા ?

શંકર

હા.

હળધર

ગામલોકોને તો આ બધુ જોઇ બહુ ત્રાસ થયો હશે, ખરૂં ?

શંકર

એટલું જ નહિ પણ રાજમાતાના પહેરવાના અલંકારો પણ લઇ ગયા.

હળધર

કંપનીની દ્રવ્યપિપાસા બહુ બહુ વધી ગઇ છે. મને તો કાંઇ સમજાતું જ નથી કે માણસ દ્રવ્ય માટે આટલા બધા ધમપછાડા શા માટે કરે છે? આખરે તો માણસને એક નાનકડું પેટ જ ભરવાનુ હોય છે ને સાડાત્રણ હાથનું શરીર લંબાવવાનું હોય છે. કોઇને બે પેટ છે નહિ તેમ વિરાટ શરીર પણ નથી. એ એક મામુલી વાત માટે શા માટે આટલા બધા ધમપછાડા કરતા હશે? પોતાના વતન જેવા વતનને છોડી પારકાને ત્યાં પગપસારો કરવો, ને ત્યાં આવાં કાળાંધોળાં કરવા એ શા સારૂં? પણ આપણને શું સમજ પડે? હું કે તું કોઇનો ન્યાય કેમ તોળી શકીએ? સૌનો ન્યાય તોળવાવાળો જગન્નાથ બેઠો છે. આપણે તો સઘળું એને સોંપી એના ગુણ ગાઇએ કે આપણ સૌ પામરને એ ન વિસારે.

(હરિઃ ૐ હરિઃ ૐ કરી ચાલવા માંડે છે.)

શંકર

ઉભા રહો ને પિતાજી! કોઇએ કોઇનો ન્યાય જ નહિ તોળવો?

હળધર

કારણ, સૌને એના કર્મ પ્રમાણે ન્યાય મળવાનો જ છે. આપણે અધીરા થયે શું થવાનું હતુ?

શંકર

તો તો ઇશ્વરે બુદ્ધિ શા માટે આપી? હાથ, પગ, જીભ, શા માટે આપ્યા?

હળધર

બુદ્ધિ એનો મહિમા સમજવા, હાથ માળા જપવા, જીભને એના ગુણ ગાવા, પગ યાત્રાસ્થાનોમાં એના દર્શને જવા.

શંકર

હાથ અન્યાયીઓને રહેંસવા માટે નહિ? બુદ્ધિ અને જીભ અન્યાયોને પ્રદર્શિત કરવા માટે નહિ?

હળધર

એવો અશ્રદ્ધાળુ કેમ થાય છે, શંકર! અન્યાયોને કાંઇ ઇશ્વર સાંખી લેશે? મારા તારા કરતાં અનેક ગણો ઐશ્વર્યવાન, અનેક ગણો પ્રતાપી એ સહુનો નાથ બેઠો છે. એ શું દુર્યોધન ને દુઃશાસનનું ચાલવા દેશે? ને એવો અભિમાની કાં થા શંકર! કે તું જેને અન્યાયી માને છે એ અન્યાયી જ છે? કદાચ તુ જેનો ન્યાય તોળવા બેઠો હોય એ દુઃશાસન ન પણ હોય. આપણી બુદ્ધિ ન્યાય અન્યાયનો પાર કેમ પામી શકે?

શંકર

ત્યારે સઘળું ઇશ્વર કરી લેશે એમ ધારી માણસે કાંઇ કરવાનું જ નહિ, ખરૂં? અન્યાયને અવખોડવો નહિ, કાંઇ જ કરવું નહિ, ખરૂં?

હળધર

એક કરવાનું.

શંકર

શું.

હળધર

ઇશ્વરને ઓળખવો.

શંકર

કાંઇ જ ન કરવું તો પછી ઇશ્વરને ઓળખવાનું પણ શા માટે?

હળધર

પ્રિય, એ એક જ કાર્યમાં સઘળાં કાર્યો સમાઇ જાય છે એટલે.

શંકર

એટલે?

હળધર

જે ઇશ્વરનો મહિમા પારખે છે તે કદી યે ઉદ્વિગ્ન થતો નથી; કદી નિરાશ થતો નથી; રોષ, તિરસ્કાર, ભય આદિથી તે પર હોય છે. કારણ કે એને એકે ક્રિયા અસુંદર લાગતી નથી. સઘળું જ સુંદર, સુયોગ્ય છે, ત્યાં કોના પર રોષ કરવો? કાળે કરીને એની નિષ્ઠા બંધાઇ જાય છે. જગતની પ્રવૃત્તિ માત્ર એક ચોક્કસ દિશા તરફ કલ્યાણકારી માર્ગે વહી રહી છે, ને એટલે એ ઇશ્વરભક્ત સઘળું ઇશ્વરને ચરણે મૂકી, સઘળી જ વાંછનાઓને શમાવી દઇ, યોગીઓ જેને રાગદ્વેષ રહિત દ્વંદ્વાતીતની સ્થિતિ કહે છે તેને પામે છે.

શંકર

એમ નહિ; તમે કહો છો તેમ જો તે પુરુષને મન સઘળું જ સુંદર હોય તો ફિરંગીઓને અન્યાય કરતાં નહિ અટકાવે, અન્યાયના ભોગ થઇ ગયેલા પ્રજાજનોને આશ્વાસન નહિ આપે, એ કહેશે કે બધું જ યથાયોગ્ય છે, નિશ્ચિતક્રમે ચાલ્યું જાય છે.

હળધર

ના, એ તટસ્થ નહિ બેસી રહે. એ સ્થિર તો ક્યારે યે ક્યાં બેસી રહે છે? એ પણ જગતમાં રહે છે ત્યાં સુધી એ ક્રમ તરફ

ધકકેલાશે જ. પણ ક્ષુદ્ર વાસનાનો માર્યો નહિ; પણ ઈશ્વર પ્રેર્યો. ઈશ્વર એને કોઈ ને કોઈ સ્વરુપે આવીને પ્રેરશે જ.

શંકર

તો હનુમંતસિંહે શું કરવું ?

હળધર

એણે પહેલાં ઈશ્વરને ઓળખવો. પછી શું કરવું એ ખબર પડી રહેશે.

શંકર

મારે ?

હળધર (હસીને)

તારે મારા માટે પૂજાની તૈયારી કરવી ને પછી ક્ષુધાદેવીને તૃપ્ત કરવી.

( શંકર જાય છે, સગુણા પણ ઉપરે છે. )

હળધર

સગુણા !

સગુણા

શું, પિતાજી !

હળધર

બહેની, કોઈ દહાડો વ્યથિત નથી થયો તેવો આજે વ્યથિત થાઉ છું. થાય છે કે અંતરમાં એક વાર ઉંડો ઉતરી તપાસ તો કરી જોઉં કે હું જ્યાં બેઠો છું એ જગ્યા યથાયોગ્ય છે કે નહિ, કે મારૂં સ્થાન ક્યાંક બીજે જ છે ? કોઈ દિવસ એ પ્રશ્ન નહોતો ઉઠયો. પણ આ શંકર આવ્યો તે દહાડે પહેલી જ વાર એણે મને પૂછ્યું કે

બ્રાહ્મણનું કામ તલવાર ઝાલવાનું કે જ્ઞાન આપવાનું ? ને મેં મૂંઝાતા મૂંઝાતા જવાબ આપેલો કે બ્રાહ્મણનું કાર્ય રચના કરવાનું. ને તે દિવસનું મનમાં ઘુંટાયા કરે છે કે હુ શું કરૂં છું ? પ્રાંતઃકાળે સરિતા તીરે બેઠો હતો ત્યાં લાગ્યું કે મારૂં–મારા જેવા સૌનું અવતારકૃત્ય ખલાસ થયું છે; અમે બધાં કોઇક મહાભીષણ પ્રવાહમાં ડૂબી જવાના છીએ; જે બધું જૂનું છે એ બધું આ પ્રવાહમાં ગરક થઇ થઇ જશે; બાકી રહેલાની આજુબાજુ ઘડીભર ઘોર, નિબીડ અંધકાર વ્યાપી જશે. તું બાકી રહેલામાંની એક હોય તો ભૂલતી નહિ કે રાત્રિ પણ સુંદર છે, ને પ્રાતઃકાળ ને મધ્યાહ્નના સર્જનમાં સાથ પૂરનાર છે. એટલે અંધારામાં નિરાશ થઇને બેઠેલા સૌમાં તું આશા સંચાર કરજે કે, અંધકારને ભેદ્યા સિવાય કોઇ ઉજાસ પામ્યું નથી.

સગુણા

પણ પિતાજી......

હળધર

જો સગુણા ! તું નાની નથી; વયે ભલે હોય પણ સમજણે તો જરાયે નાની નથી. મેં તને જે શાસ્ત્ર શીખવ્યાં છે તે તું બાલકી રહે એટલા માટે નહિ; પણ કદી નહિ સાંભળેલી એવી અસાધારણ ભાંગ–ફોડ થવાની છે તેમાંથી નવી રચનાનાં તત્ત્વો ઉપાડી લઇ. નવ–જગતની જનની બની રહે એટલા માટેઃ જા બહેન, હું ન હોઉં ત્યારે એ વાત ન ભૂલે એટલા માટે બોલાવી હતી.

સગુણા

( રુંધિત કંઠે )

પણ પિતાજી, હું કાંઇ સમજતી નથી.

હળદર

( બીજી દિશા તરફ ચાલતાં )

સમજાશે, ક્યારેક કોઈ સમજાવી જશે.

સગુણા

( આંસુ લૂછતી )

વિના કારણ અમસ્તા અમસ્તા આંખમાં આંસુઓ શા ઉભરાય છે ? કોણ જાણે શું યે થવા બેઠું છે ! જાણે વાયુ જ઼ે ગાવે છેઃ ધરતી યે જાણે જીવનને જાકારો ભણે છે.

## દૃશ્ય ત્રીજું

**સ્થલ :** રાજા હનુમંતસિંહની હવેલી.

**પાત્રો :** શંકર અને હનુમતસિંહ.

### હનુમંતસિંહ

હું ઇશ્વરની સાક્ષીએ શપથ લઉં છું કે જ્યાં સુધી ફિરંગીઓને મારા પ્રદેશમાંથી નહિ કાઢું ત્યાં સુધી હું જંપવાનો નથી.

### શંકર

પણ રાજવી ! ફિરંગીઓને કાઢવા એ કાંઇ રમત વાત નથી; એ તો દુસ્તર કાર્ય છે.

### હનુમંતસિંહ

ગમે તેવું દુસ્તર કાર્ય હોય તો યે શું ? આવું અપમાન સહન કરવા કરતાં મૃત્યુશય્યા શું ખોટી ? તમને ખબર નથી અમે એમના ઉપર કેટકેટલા ઉપકાર કર્યા છે, નહિ તો તમે પણ મારી જેમ જ ભભકી ઉઠયા હોત. બરાબર ચાલીસ વર્ષ પહેલાં એમાંના એકે મારા પિતાના દરબારમાં આવી ભેટ ધરી, કુર્નિસ કરી, અરજ ગુજારી કે: અમને રાજ્યમાં વિના જકાતે માલને લાવવા લઇ જવા દેવામાં આવે.

ને ઉમેર્યું "અમે આ ઉપકારનો બદલો વાળવાનું કદી નહિ ચૂકીએ." બિચારા ઉદાર અને ભોળા પિતાએ ફિરંગી માલ ઉપરની જકાત કાઢી નાખી. પછી તો કોઠીઓ નંખાણી, કોઠીઓ પછી થાણાં નંખાણાં. એક દિવસ મારી માતા માંદા પડ્યા, ને એમાંના કોઈક ડૉક્ટરે સાજા કર્યા, ત્યારે બદલામાં માગી લીધું કે એમના ગુનેગારોનો ન્યાય એમનું પંચ ચૂકવે. કારણ કે આપણી અદાલતમાં ભાષાની મુશ્કેલીઓને લીધે એમને ઘણા અન્યાય થતા હતા! ઉદારચરિત અને ભોળા પિતાએ એ પણ છૂટ આપી. પછી તો એમની ચડતી કળા થઈ. આજુબાજુ એમની સત્તા જામી એટલે રાજવહીવટમાં અરજ કરવાને બદલે ઇચ્છા પ્રદર્શિત કરવા માંડી "અમારી કંપનીની એવી ઇચ્છા છે કે સુરેખાર, ગંધક અને મીઠાનો ઇજારો અમને મળે." બિચારા દેશી વેપારીઓ! અને દેશના ખેડુતો! બધો રસકસ જઈને ફિરંગીઓની કોઠીમાં જમા થવા લાગ્યો. મેં આવ્યા પછી ઘણો વિરોધ કર્યો, ખૂબ લખાપટી કરી, પણ કાંઈ ન ચાલ્યું. ને એ તો કોલકરારને વળગી રહ્યા. ખરી વાત તો એ 'છૂટ' આપી હતી, ને એ 'છૂટ' ખેંચી લેવાનો અમને પૂરો અધિકાર હતો. પણ એ અધિકાર વાપરવાનો જમાનો ક્યારનો ચાલ્યો ગયો હતો. મારી છાતી પર જ અંગ્રેજ સૈન્ય બેઠું હતું. મારા અંતઃપુરમાં જ એમના જાસૂસો હતા, મારા દરબારમાં જ એમના પગ ચાંપનારા હતા. મેં ઉદાસ થઈને ચાલવા દીધું. એણે લશ્કર માટે ગામડાં માગ્યાં, મેં આપી દીધાં; એણે મને સલાહ આપવા રેસીડન્ટ મુક્યો- મેં સત્કાર્યો; એણે ન્યાય ને વસૂલાત પોતાના હાથમાં લીધા, મેં જવા દીધાં; હું માત્ર નામનો જ રાજા રહ્યો. ને એ દિવસોની મારી શરમનો ખ્યાલ તમે નહિ કરી શકો. હું મહેલ બહાર પણ નહોતો નીકળતો. રખેને કોઈ પ્રજાજન મને વર્તમાન શાસન વિરુદ્ધ ફરિયાદ કરશે, ને મારે નીચું જોવું પડશે તો? રખેને એકાદ ફિરંગીના અન્યાયની મને ખબર પડશે,

અને મારે ઝઘડવું પડશે તો? હું કેવળ મારા મહેલમાં પડ્યો રહેતો અને દુર્ભાગી જિંદગી કેમ પૂરી થાય એની જ રાહ જોતો હતો. ઓચિંતાના એક દિવસ મને ખબર મળ્યા કે મને નામના રાજ-પદ પરથી પણ દૂર કરવાની તૈયારી ચાલે છે, અને હું રાજા મટી જાઉં એનો વાંધો નહિ હતો; મને એવા રાજાપદમાં સ્હેજે સ્વાદ નહોતો રહ્યો; પણ મારા કુલમાંથી રાજ્ય ચાલ્યું જાય એ મને ખૂંચતું હતું. એ જ વખતે પેલા મૌલવી આવ્યા. એણે મને કહ્યું કે મારા એકલાની જ આ દશા હતી એમ નહિ, પણ હિંદુસ્તાનના રાજા માત્રની આ દશા થવાની હતી. ઝાંસી, નાગપુર, સતારા ને અયોધ્યાની દશા તો એવી થઇ ચૂકી હતી. ને એટલે સૌ વિચારતા હતા કે આ મદમત્ત રાજ્યને શા માટે સાંખ્યા કરીએ? અમે રાજ્યો સ્થાપ્યાં હતાં, અમારા બાપદાદાએ માથાં વઢાવ્યાં હતાં, પરિશ્રમ અમે ઉઠાવ્યો હતો, જ્યારે એનું ફળ પરદેશથી આવેલા આ ચરી જતા હતા. અમે સૌ એકત્ર થઇને શા માટે હથિયાર ન ઉઠાવીએ? હજુ હુ વિચાર જ કરતો હતો, ત્યાં તો અંગ્રેજી ફોજના ઘોડાઓની પડઘી ગાજી, ને હેન્સન સાહેબને મેં કહેતા સાંભળ્યા કેઃ મહારાજ! કંપની બહાદૂર એમ ઇચ્છે છે કે તમારે તખ્ત ખાલી કરવું. એક તો તમારા રાજ્ય-હીવટ સામે પુષ્કળ ફરિયાદો છે, અને બીજું, તમે બીજાં રાજ્યો સાથે મળીને અમારી વિરુદ્ધ કાવતરૂં કરો છો, એટલે આ બે આરોપની તપાસ કરી વારસને અભાવે રાજ્ય ખાલસા કરવાનો મને હુકમ મળ્યો છે. મારે ભાગે તમને માઠું લગાડવાની કડવી ફરજ આવી છે. પણ મારે તમને કહેવું જોઇએ કે તમે રાજતંત્ર ચલાવવાને નાલાયક નિવડ્યા છો. મેં તો એ હેન્સન ને બીજી તપાસ કરવા આવેલા અમલદારોને પૂછેલું કે રાજવહીવટ બરાબર નથી ચાલતો એની સાબિતી શું? મારી પ્રજામાંથી કોણે ફરિયાદો કરી હતી? એમણે

મને બેચાર કાગળિયાં બતાવ્યાં. એમાં કોઇ પ્રજાજને અંગ્રેજ ન્યાયાધિકારી તેમ જ વસુલાતી સામે ફરિયાદો કરી હતી. મેં કહ્યું "પણ એ તો અંગ્રેજ જ છે ને? તમારા જ મૂકેલા?" પણ તમને એવા બાહોશ અમલદારોની મદદ આપ્યા છતાં વહીવટ ન ચલાવી શકયા એ જ તમારી નાલાયકી છે." "પણ રાજવહીવટ તો હું ચલાવતો હતો કે તમે?" મેં કહ્યું. "બસ! અમારી તપાસ પૂરી થાય છે." કહી એ રાજમહેલની લૂંટ તરફ વળ્યા. થઇ રહ્યું. એક હિન્દુ રાજા જે ગઇ ઘડીએ મહારાજા હતો, તે શેરીનો દીન, અસહાય કૂતરો બની ગયો! એમણે બધી ક્રિયામાં કોઇ ધર્મને પાળ્યો નથી. કોઇ ઇશ્વરની પરવા કરી નથી, અરે સામાન્ય માણસને છાજે એટલો વિવેક પણ બતાવ્યો નથી. જેમાં સૂર્યના કિરણો પણ ન પ્રવેશી શકે એ અંતઃપુરમાં પણ એ ઘૂસ્યા છે, ત્યાંથી યે લૂટવાનું એ નથી ચૂકયા. આ બધાએ મારા અંતઃકરણમાં ભયંકર આગ પેદા કરી છે, ને એટલે જ કહું છું કે જ્યાં સુધી આ ભૂમિ પરથી ફિરંગીઓના પગને હું દૂર ન કરૂં ત્યાં સુધી હું જપવાનો નથી.

શંકર

મૌલવીએ તમને શું કહેલું?

હનુમંતસિંહ

એ તો કહેતા હતા કે સિપાહીઓ જ્યારે બળવો કરે ત્યારે મારે આગેવાની લેવી ને અહીંના ફિરંગીઓનું કાસળ કાઢી મારે દિલ્હી તરફ ઉપડી જવુ.

(શંકર મૂંગો રહે છે)

તમે શુ કહો છો?

શંકર

તમે બળવો કરીને શું મેળવવા માગો છો?

હનુમંતસિંહ

કાં તો મૃત્યુ ને કાં તો અમારા અધિકારની કબૂલાત. પછી ભલે તે અમારા લોહીથી કે ફિરંગીના લોહીથી લખવી પડે.

શંકર

તમે અહિંનું પતાવીને દિલ્હી જશો ?

હનુમંતસિંહ

અવશ્ય, પણ તમે મારી પાસેથી શું માગો છો ?

શંકર

વીરને છાજે તેટલું બધું જ. જુઓ, હું તો અહીંનું પતાવીને રત જ કાનપુર જઈશ. ને ત્યાંથી તમને દિલ્હી આવીને મળીશ, એ મિયાન તમે તમને છાજે એવી રીતે સઘળી ગોઠવણ કરજો, તમારી ડે રામદીન તેમજ મહેતાબસિંહ તો હશે જ.

હનુમંતસિંહ

રામદીન છાવણીમાં ગયો ?

શંકર

હા, તમારી બધી ટુકડીઓને સૂચના અપાઈ ગઈ છે ?

હનુમંતસિંહ

હા, પણ તમે એ લોકોને મળ્યા ?

શંકર

હું તો અવારનવાર છાવણીમાં જાઉં છું, ને ગપ્પાં મારું છું.

હનુમંતસિંહ

કેમ અટકાવતું નથી ?

શાકુર

સંન્યાસીને ? સંન્યાસીને કોણ અટકાવતું હતું ? ત્યાં કથા-કિર્તન કરીએ છીએ. સારૂં, હું જઇશ.

હનુમંતસિંહ

( હાથ જોડીને )

## દૃશ્ય ચોથું

સ્થળ : મિલીટરી કેમ્પની એક બેરેક.

પાત્રો : રામદીન, ડેનિયલ, ! સિપાહીઓ, પાછળથી ગ્રેહામ ને શંકર.

(ડેનીયલ સાહેબ આરામખુરશીમાં પડચા છે. રામદીન વગેરે સિપાહીઓ એમની આજુબાજુ ટોળે વળીને બેઠા છે.)

### ડેનિયલ

ને બાબાલોગ! તમને ખબર છે કે ભગવાન ખ્રિસ્તે પછી શું કહ્યું? એ ફરીસી એટલે ધર્મઢોંગી લોકો જ્યારે એ વેશ્યાને એની પાસે લઇ આવ્યા ને કહ્યું કે: હે પ્રભુપુત્ર! આ સ્ત્રી વ્યભિચાર કરતાં પકડાઇ છે, તું એને શું શિક્ષા કરવાની કહે છે? ભયથી ધ્રૂજતી બાઇ ઇશુના તેજ સામે તો આંખ માંડી શકતી નથી. એટલે બે હાથે મોં ઢાંકી નીચે પડી છે, લાવનારાઓમાંથી એક ચોટલો પકડ્યો છે. બીજો લાત ઊગામી ઉભો છે. એવા સમે ભગવાન ખ્રિસ્ત શું બોલ્યા? મંદમંદ હસતાં એ પ્રભુપુત્રે કહ્યું: જેણે જિંદગીમાંએ કોઇ દિવસ પાપ ન કર્યું હોય એ ભલે આ સ્ત્રીને શિક્ષા કરે, હું તો નહિ કરું, ને તરત જ પેલા ચોટલો ઝાલવાવાળો એક બાજુ ખસી ગયો. લાત ઉગામવાવાળા દૂર ચાલ્યા ગયા ને પ્રભુપુત્ર તો નીચું જોઇને

જમીન પર આંકડા માંડવા માંડયો; ને પછી ઉચુ જોઇને કહે છેઃ બહેન, તને કોઇએ દોષિત નહિ ઠરાવી ? સૌ તને નિર્દોષ ઠરાવીને ચાલ્યા ગયા ? જા, તારાં પાપ આજ મારી રૂબરૂમાં બળીને ભસ્મ થઇ ગયાં. જા હવે પાપ નહિ કરતી. પણ બાઇ ઉઠતી નથી. સાક્ષાત જેને સ્વર્ગ મળી જાય તે કેમ ખસે ? પ્રભુપુત્ર કહે છેઃ કેમ જતી નથી, બ્હેન ? "કયા જાઉ ?" બાઇ પોકારે છે. આ ચરણ છોડીને કયાં જાઉ ? ને બાઇ તે દિવસે જ શિષ્યા બની ગઇ. ગઇ કાલ જે વેશ્યા હતી, ગઇ કાલે જે કાયા વેચીને પેટ ભરતી હતી, તે આજ સાધ્વી બની ગઇ. સ્વર્ગની અધિકારીણી થઇ ગઇ. દુનિયા આખીનાં ધર્મશાસ્ત્રો ઉથલાવજોઃ એક પણ દાખલો આવો નહિ મળે, જેમાં જગતનો નીચમાં નીચ જીવ ઉચ્ચમાં ઉચ્ચ સ્થાને બિરાજ્યો હોય-! હિન્દુ ધર્મમાં હોય તો મને કોઇ બતાવે. તુલસીદાસ તો તમારા મોટા ભક્ત થઇ ગયા. એનુ બીજુ તો કાંઇ મને યાદ નથી, પણ એક દોહરો યાદ છે.

'ઢોર ગમાર ઔર પશુ નારી'
'એ સબ તાડન કે અધિકારી.'

તુલસીદાસ જો ઇસુની જગ્યાએ હોત તો સાધ્વી મેરીને યમરાજાને ઘેર જ પહોંચાડી હોત, ખરૂં ને ! ને તમારા આદર્શ પુરુષ રામ, સગી પત્નીને જે ગર્ભાવસ્થામાં વનમાં મોકલી દે એટલો બધો ક્રૂર ! એણે તો આ પતિતાને તો કોણ જાણે શું કર્યું હોત ?

(સિપાહીઓમાં ગણગણાટ થાય છે, રામદીન એક જણને કાનમાં કહે છેઃ ને અહલ્યા ?)

કૃષ્ણને તો કહે છે ૧૬૦૦૦ બૈરીઓ હતી. એ તો તપ ને સાધુપણામાં સમજે જ શુ ? હું જે તમને કહું છું તે આ કે, જે ધર્મમાં રામ ને કૃષ્ણ જેવા પુરુષો પૂજાય છે એ ધર્મમાં રહીને તમે સ્વર્ગને કેમ પ્રાપ્ત કરવાના હતા ? તમારા પાપનું નિવારણ એ કેમ

બતાવી શકશે? તમે પાપનો એકરાર કોની પાસે કરશો? મરવા ટાણે પણ તમારે સાથે જ પાપની પોટલી લઇને સ્વર્ગની વાટે જવું પડશે, ને પાપની પોટલી સાથે જ હશે ત્યાં સુધી તમને સ્વર્ગમાં કોણ દાખલ કરવાનું હતું? ઇસુ ખ્રિસ્તનો ધર્મ મહાદયાળુ છે. એ કોઇ પાપીને દંડતો નથી, સહુનાં પાપ મૃત્યુની પળે પાદરી પાસે એકરાર થાય એટલે માફ થઇ જાય છે. ને ઇસુના માથે એ પાપ ચડે છે. ભગવાન ઇસુએ સઘળા ખ્રિસ્તીઓનાં પાપ ક્રૂસ પર લટકતાં રહી પોતાના પર વ્હોરી લીધાં છે, એટલે જો ખરેખર સ્વર્ગની પ્રાપ્તિ કરવી હોય તો બાબાલોગ! ખ્રિસ્તને આશરે આવો. મુસલમાન ધર્મ વિષે હું બીજા રવિવારે કહીશ. આજ તો આટલું જ કહું છું કે સ્વર્ગની ઇચ્છાવાળાને ઇસુને શરણ આવ્યા સિવાય બીજો આરો નથી. હવે કોઇને કાંઇ પૂછવું હોય, શંકા સમાધાન કરવું હોય, તો કહે. (પડખે પડેલી હેટ ઓઢે છે ને રૂમાલવતી પરસેવો લૂછે છે.)

### ૧લો સિપાહી

(કટાક્ષમાં)

આ બધો શ્રમ શું કામ?

### ડેનિયલ

આ સમજાવવાનો? પેલો ભગવાં પહેરેલ સંન્યાસી અહીંઆં આવવાનો શ્રમ શું કામ લે છે?

### સિપાહી

એ તો અમારા ધર્મનો ઉપદેશ કરવા.

### ડેનિયલ

દુનિયામાં ધર્મ એક જ છે ને તે સ્વર્ગની પ્રાપ્તિનો. જેને એ જડે તે બીજાને બતાવે એવી ઇશ્વરની આજ્ઞા છે. ખ્રિસ્તી ધર્મમાં

મને એ માર્ગ મળ્યો છે. એટલે હું સૌને એ સમજાવું છું, ને તે કાંઇ આજનો નહિ, બાલપણમાં મારાથી નાનાને સમજાવી ચર્ચમાં લઇ જતો, થોડીક લાલચ પણ આપતો......

એક સિપાહી

—ને અત્યારે ય આપો તો છો.

ડેનીઅલ

(હસીને)

હા. અત્યારે પણ આપું છું. તમે જુવાનસીંગ ઉપર પ્રહાર કરો છો. પણ કાંઇ નહિ, હું ખ્રિસ્તી જૂઠું નહિ બોલું. મેં તો મનથી નક્કી જ કર્યું છે કે જે સિપાહી ખ્રિસ્તી થાય એને જગ્યા ખાલી પડે કે તરત જ નાયક બનાવવો. ને નાયકમાંથી હવાલદાર ને એમ આગળ; જો એક માણસનો આત્મા બચતો હોય તો એમ કરવામાં શું ખોટું છે? જરા યે ખોટું નથી, ઉલટો ઇશ્વરી સંકેત બરાબર ફળે છે; ઇશ્વરી સંકેત જ એવો છે કે ખ્રિસ્તી પ્રજાએ કાળી ને હીધન એટલે નાસ્તિક પ્રજા પર રાજ્ય કરવું. જુઓને, અમેરિકામાં કોનું રાજ્ય? તો કહેશે ઇંગ્લીશતાનનું. ઓસ્ટ્રેલીઆમાં કોનું રાજ્ય? તો ઇંગ્લીશસ્તાનનું. જાવા–સુમાત્રામાં કોણ? તો ડચ–ખ્રિસ્તી પ્રજાનું. આફ્રિકામાં કોણ? તો ફ્રેંચ, અંગ્રેજ. હિંદુસ્તાનમાં તો અંગ્રેજ. ઠેકઠેકાણે ખ્રિસ્તી ધર્મમાં માનનારી પ્રજા વિજય મેળવતી જાય છે. એ શું સૂચવે છે? એક જ કે ખ્રિસ્તી ધર્મમાં માનનારી પ્રજા ઇશ્વરને વહાલી છે, એક વાત કહી દઉં કે બીજાની જેમ હું એમ નથી માનતો કે અમને કાળા લોકો ઉપર ચાબુક ચલાવવા માટે ઇશ્વરે મોકલ્યા છે? હું તો ઉલટો એમ માનું છું કે ઇશ્વરની બાએશ તો એવી છે કે આ હીધન લોકો–જેમને ઇશ્વરના દરબારની ખબર નથી, એમને આવું જ્ઞાન આપવું–જે અમે સૌ કરી રહ્યા છીએ. જે

કોઇ ખ્રિસ્તી થાય એણે એ કરવું જોઇએ. ને ઇશ્વર જેમ અમારા ઉપર ખુશ થઇને અમને આ ઉંચા સ્થાને બેસાડે છે એમ જ અમારો નવો દેશી ભાઇ ઉંચા સ્થાને બેસે એમ ઇચ્છે જ. એટલે હું જે કોઇ ખ્રિસ્તી થાય એને ઉંચી પદવી મળે એવી ભલામણુ કરૂં જ છું. ને એ તો ખુલ્લું જ કહું છું ને કે જ્યાં સુધી તમે તમારો જંગલી ધર્મ પાળ્યા કરવાના છો ત્યાં સુધી તમે સહેજ પણ ઉંચે આવવાના નથી એ નક્કી માનજો. જીવાનસીંગને મેં નાયક ન બનાવ્યો હોત તો પણ ઇશ્વર જ એને કયાંક ઉંચે સ્થાને મૂકી દેત. હું તો માત્ર નિમિત્ત રૂપ હતો. ઉંચે જવાની એની લાયકાત તો એ ખ્રિસ્તી થયો એટલે જ સિદ્ધ થઇ ચૂકી'તી. જેનાં પાપ ખરી જઇને હળવો થઇ ગયો હોય એને ઉંચે જતાં કોણ રોકી શકે? હવે કોઇને કાંઇ પૂછવું છે?

( બધા ચૂપ રહે છે. )

### ડેનિયલ

(ઉઠીને)

અચ્છા, બાબાલોગ! મેં ફીર રવિવાર કે રોજ આઉંગા.

(જાયછે)

(એના ગયા પછી ઘડીક વાર શ્મશાનશાંતિ પથરાય છે સૌ એક બીજાના મોં સામું જુએ છે. જાણે સૌના પર કોઇનો ભીષણ, દુઃખદાયી, ને અનિષ્ટ પડછાયો પડયો હોય ને! આખરે રામદીન ઉઠે છે.)

### રામદીન

(દર્દભર્યા સ્વરે)

રોજ રોજ આ અપમાન! રોજ રોજ આ હીણપત! હવે તો નથી સહન થતું; આપણે કાળા, આપણે નીગર, આપણે નાસ્તિક એટલે નિંદવા યોગ્ય ને એ બધા ગોરાઃ આસ્તિક દેવપુત્ર એટલે

મને એ માર્ગ સૂઝ્યો છે, એટલે હું સૌને એ સમજાવું છું, ને તે કાંઇ આજનો નહિ, બાલપણમાં મારાથી નાનાને સમજાવી ચર્ચમાં લઇ જતો, થોડીક લાલચ પણ આપતો......

એક સિપાહી

—ને અત્યારે ય આપો તો છો.

ડેનીઅલ

(હસીને)

હા. અત્યારે પણ આપુ છુ. તમે જુવાનસીંગ ઉપર પ્રહાર કરો છો. પણ કાંઇ નહિ, હું ખ્રિસ્તી જૂઠું નહિ બોલું. મેં તો મનથી નક્કી જ કર્યું છે કે જે સિપાહી ખ્રિસ્તી થાય એને જગ્યા ખાલી પડે કે તરત જ નાયક બનાવવો. ને નાયકમાંથી હવાલદાર ને એમ આગળ; જો એક માણસનો આત્મા બચતો હોય તો એમ કરવામાં શું ખોટું છે? જરા યે ખોટું નથી, ઉલટો ઇશ્વરી સંકેત બરાબર ફળે છે; ઇશ્વરી સંકેત જ એવો છે કે ખ્રિસ્તી પ્રજાએ કાળી ને હીધન એટલે નાસ્તિક પ્રજા પર રાજ્ય કરવું. જુઓને, અમેરિકામાં કોનું રાજ્ય? તો કહેશે ઇંગ્લીશતાનનું. ઓસ્ટ્રેલીઆમાં કોનું રાજ્ય? તો ઇંગ્લીશસ્તાનનું. જાવા–સુમાત્રામાં કોણ? તો ડચ–ખ્રિસ્તી પ્રજાનુ. આફ્રિકામાં કોણ? તો ફ્રેંચ, અંગ્રેજ. હિંદુસ્તાનમાં તો અંગ્રેજ. ઠેક-ઠેકાણે ખ્રિસ્તી ધર્મમાં માનનારી પ્રજા વિજય મેળવતી જાય છે. એ શું સૂચવે છે? એક જ કે ખ્રિસ્તી ધર્મમાં માનનારી પ્રજા ઇશ્વરને વહાલી છે, એક વાત કહી દઉં કે બીજાની જેમ હું એમ નથી માનતો કે અમને કાળા લોકો ઉપર ચાબુક ચલાવવા માટે ઇશ્વરે મોકલ્યા છે? હું તો ઉલટો એમ માનું છું કે ઇશ્વરની ખ્વાએશ તો એવી છે કે આ હીધન લોકો–જેમને ઇશ્વરના દરબારની ખબર નથી, એમને આવું જ્ઞાન આપવું–જે અમે સૌ કરી રહ્યા છીએ. જે

કોઇ ખ્રિસ્તી થાય એણે એ કરવું જોઇએ. ને ઇશ્વર જેમ અમારા ઉપર ખુશ થઇને અમને આ ઉંચા સ્થાને બેસાડે છે એમ જ અમારો નવો દેશી ભાઇ ઉંચા સ્થાને બેસે એમ ઇચ્છે જ. એટલે હું જે કોઇ ખ્રિસ્તી થાય એને ઉંચી પદવી મળે એવી ભલામણુ કરૂં જ છું. ને એ તો ખુલ્લું જ કહું છું ને કે જ્યાં સુધી તમે તમારો જંગલી ધર્મ પાળ્યા કરવાના છો ત્યાં સુધી તમે સહેજ પણ ઉચે આવવાના નથી એ નક્કી માનજો. જુવાનસીંગને મેં નાયક ન બનાવ્યો હોત તો પણ ઇશ્વર જ એને ક્યાંક ઉંચે સ્થાને મૂકી દેત. હું તો માત્ર નિમિત્ત રૂપ હતો. ઉંચે જવાની એની લાયકાત તો એ ખ્રિસ્તી થયો એટલે જ સિદ્ધ થઇ ચૂકી'તી. જેનો પાપ ખરી જઇને હળવો થઇ ગયો હોય એને ઉંચે જતાં કોણ રોકી શકે? હવે કોઇને કાંઇ પૂછવું છે?

( બધા ચૂપ રહે છે. )

## ડેનિયલ

(ઉઠીને)

અચ્છા, બાબાલોગ ! મેં ફીર રવિવાર કે રોજ આઉંગા.

(જાયછે)

(એના ગયા પછી ઘડીક વાર શ્મશાનશાંતિ પથરાય છે સૌ એક બીજાના મોં સામું જુએ છે. જાણે સૌના પર કોઇનો બીષણ, દુઃખદાયી, ને અનિષ્ટ પડછાયો પડયો હોય ને ! આખરે રામદીન ઉઠે છે.)

## રામદીન

(દર્દભર્યા સ્વરે)

રોજ રોજ આ અપમાન ! રોજ રોજ આ હીણપત ! હવે તો નથી સહન થતું; આપણે કાળા, આપણે નીગર, આપણે નાસ્તિક એટલે નિંદવા યોગ્ય ને એ બધા ગોરાઃ આસ્તિક દેવપુત્ર એટલે

મને એ માર્ગ મળ્યો છે, એટલે હું સૌને એ સમજાવું છું, ને તે કાંઇ આજનો નહિ, બાલપણમાં મારાથી નાનાને સમજાવી ચર્ચમાં લઇ જતો, થોડીક લાલચ પણ આપતો......

એક સિપાહી

—ને અત્યારે ય આપો તો છો.

ડેનીઅલ

(હસીને)

હા. અત્યારે પણ આપુ છું. તમે જુવાનસીંગ ઉપર પ્રહાર કરો છો. પણ કાંઇ નહિ, હું ખ્રિસ્તી જૂઠૂં નહિ બોલું. મેં તો મનથી નક્કી જ કર્યું છે કે જે સિપાહી ખ્રિસ્તી થાય એને જ્યાં આવી પડે કે તરત જ નાયક બનાવવો. ને નાયકમાંથી હવાલદાર ને એમ આગળ; જો એક માણસનો આત્મા બચતો હોય તો એમ કરવામાં શું ખોટું છે? જરા યે ખોટું નથી. ઉલટો ઇશ્વરી સંકેત બરાબર ફળે છે; ઇશ્વરી સંકેત જ એવો છે કે ખ્રિસ્તી પ્રજાએ કાળી ને હીધન એટલે નાસ્તિક પ્રજા પર રાજ્ય કરવું. જુઓને, અમેરિકામાં કોનુ રાજ્ય? તો કહેશે ઇંગ્લીશસ્તાનનું. ઓસ્ટ્રેલીઆમાં કોનું રાજ્ય? તો ઇંગ્લીશસ્તાનનું. જાવા–સુમાત્રામાં કોણ? તો ડચ–ખ્રિસ્તી પ્રજાનુ. આફ્રિકામાં કોણ? તો ફ્રેંચ, અંગ્રેજ. હિંદુસ્તાનમાં તો અંગ્રેજ. ઠેકઠેકાણે ખ્રિસ્તી ધર્મમાં માનનારી પ્રજા વિજય મેળવતી જાય છે. એ શું સૂચવે છે? એક જ કે ખ્રિસ્તી ધર્મમાં માનનારી પ્રજા ઇશ્વરને વહાલી છે, એક વાત કહી દઉં કે બીજાની જેમ હું એમ નથી માનતો કે અમને કાળા લોકો ઉપર ચાબુક ચલાવવા માટે ઇશ્વરે મોકલ્યા છે? હું તો ઉલટો એમ માનું છું કે ઇશ્વરની ખાએશ તો એવી છે કે આ હીધન લોકો—જેઓને ઇશ્વરના દરબારની ખબર નથી, એમને આવું જ્ઞાન આપવું—જે અમે સૌ કરી રહ્યા છીએ. જે

કોઇ ખ્રિસ્તી થાય એણે એ કરવું જોઇએ. ને ઇશ્વર જેમ અમારા ઉપર ખુશ થઇને અમને આ ઉંચા સ્થાને બેસાડે છે એમ જ અમારો નવો દેશી ભાઇ ઉંચા સ્થાને બેસે એમ ઇચ્છે જ. એટલે હું જે કોઇ ખ્રિસ્તી થાય એને ઉંચી પદવી મળે એવી ભલામણ કરૂં જ છું. ને એ તો ખુલ્લું જ કહું છું ને કે જ્યાં સુધી તમે તમારો જંગલી ધર્મ પાળ્યા કરવાના છો ત્યાં સુધી તમે સહેજ પણ ઉંચે આવવાના નથી એ નક્કી માનજો. જુવાનસીંગને મેં નાયક ન બનાવ્યો હોત તો પણ ઇશ્વર જ એને ક્યાંક ઉંચે સ્થાને મૂકી દેત. હું તો માત્ર નિમિત્ત રૂપ હતો. ઉંચે જવાની એની લાયકાત તો એ ખ્રિસ્તી થયો એટલે જ સિદ્ધ થઇ ચૂકી'તી. જેનાં પાપ ખરી જઇને હળવો થઇ ગયો હોય એને ઉંચે જતાં કોણ રોકી શકે? હવે કોઇને કાંઇ પૂછવું છે?

( બધા ચૂપ રહે છે. )

### ડેનિયલ

(ઉઠીને)

અચ્છા, બાબાલોગ! મેં ફીર રવિવાર કે રોજ આઉંગા.

(જાયછે)

(એના ગયા પછી ઘડીક વાર શ્મશાનશાંતિ પથરાય છે સૌ એક બીજાના મોં સામું જુએ છે. જાણે સૌના પર કોઇનો ભીષણ, દુઃખદાયી, ને અનિષ્ટ પડછાયો પડયો હોય ને! આખરે રામદીન ઉઠે છે.)

### રામદીન

(દર્દભર્યા સ્વરે)

રોજ રોજ આ અપમાન! રોજ રોજ આ હીણપત! હવે તો નથી સહન થતું; આપણે કાળા, આપણે નીગર, આપણે નાસ્તિક એટલે નિંદવા યોગ્ય ને એ બધા ગોરાઃ આસ્તિક દેવપુત્ર એટલે

પૂજવા જેવા: નથી સખાતાં આ બધાં અપમાન. જે રાત ને દિવસ દારૂનુ પાન કરે છે, પવિત્ર ગૌમાતાનો આહાર કરે છે, નિત્યકર્મમાં જુગાર ને રંડીબાજી છે, જેનામાં જોહુકમી સિવાય એકે આવડત નથી, ઘમંડ સિવાય એકે ગુણ નથી એના કેટલાંક અપમાન સાંખવા? મને મારા અપમાનનુ તો કાંઇ નથી લાગતું, જુવાનસીંગ ગૌમાંસ ખાઇને નાપાક બની જાય એનુ યે કાંઇ નથી લાગતું; પણ નિત્ય ઉઠીને આ પ્રાતઃસ્મરણીય જાનકીજી, અઘનિવારક રઘુવીર ને ભીડ-ભંજન હનુમંતની આ નિંદા નથી સભળાતી. થાય છે કે મારા કાનમાં આના કરતાં કોઇક ખીલા જડી દે. જેણે શૌચ જઇ આવીને કોઇ દિ' હાથ પાણીએ નથી લીધું એ જંગલા આપણુ સૌ બ્રાહ્મણ ક્ષત્રિયની સન્મુખ તુલસીદાસજીના નામ પર બે ગાળો વર્ષાવી જાય, ને આપણે સૌ મૂંગા બેસી રહીએ, ત્યારે થાય છે કે આના કરતાં કોઇકે આપણુને સૌને જન્મકાળે જ પાશેર સોમલ ઘૂંટીને પાઇ દીધું હોત તો સારૂં હતુ.

(દર્દથી બોલાતુ નથી એટલે નીચે બેસી જાય છે. શંકર આવીને ચુપચુપ બેસી જાય છે.)

### મહમ્મદ

હું મુસલમાન છુ એટલે મને રહેજે ઓછું લાગી આવે છે એમ નહિ માનતા, હું તો આજ વર્ષોથી આ સાંભળતો આવ્યો છુ; આજ રામને ગાળો દીધી, કાલ હજરત મહમ્મદનો વારો. એને મન તો ખ્રિસ્તી સિવાય સૌ સરખા જ જંગલી ને બદનામ છે. આવા તો કેટ-લાય જુવાનસીંગોને, રહીમોને, હુમને રોસ થઇ જતાં જોયા છે, પણ કરીએ શું? આ માઠી વેળા છેઃ રાત અંધારી છે. કયાં જવું?

### શંકર

દીવો થવા કોઇ તૈયાર નથી?

(બધા જાય છે)

શંકર

આ ભારતી બહુરત્ના વસુંધરા કહેવાય છે. ને એની ગોદમાં કંઈક હીરા ને માણેક પાકયાં છે, આજે એને ત્યાં સિંહ જેવા શૂરવીર ને કમાડ શી પહોળી છાતીવાળા શીખો પડયા છે. એક વાર આંખ નોંધે તો પણ ફીરંગી બચ્ચો થથરી જાય એવા સિંહો આજે શું કરવા ધારે છે? પ્રતાપ ને જસવંતસિંહના વંશજ, પહાડ ને પત્થરમાં પોઢનારા રજપૂતો પોઢી જ રહેવા ઇચ્છે છે? દક્ષિણના મરાઠા કે અયોધ્યાના રોહીલા કોઇ આ અંધારી રાતે મશાલ ઝાલવા તૈયાર નથી? જ્યારે સૌનો ધર્મ પગ નીચે કચડાઇ રહ્યો છે, જ્યારે સૌના મોં લજ્જા ભારે નમી ગયાં છે, જ્યારે સૌનો ઉજ્જવલ, યશસ્વી ઇતિહાસ કોઇક દૂરના નિવાસી આવીને ભૂંસી રહ્યા છે ત્યારે કોઇ અવાજ ઉઠાવતા નથી? કોઇકના પિતા ને પિતામહોએ રાવણને સંહાર્યો છે, કોઇકના પૂર્વજોએ અસહાય દ્રૌપદીની વહાર કરી છે, કોઇકના ગુરુજનોએ દિલ્હીના કાંગરા સર કરી ભારતને સોને મઢયો છે, કોઇકના પિતામહોના ઘોડાએ કૃષ્ણાનાં કાળાં, ઊંડાં ને સિંધુના ભૂખરાં વેગવાન પાણી ડોળ્યાં છે, કોઇકના પિતામહોએ નેકીને ખાતર, શરણાગતને ખાતર કે ધર્મને ખાતર કાય વિસર્જન કરી છે. એ બધાને સંભારી તમને પૂછું છું કે કોઇ આ સંકટમાં પડેલ દીનહીન દેશનો બેલી થવા માગે છે? કોઇ આ મેલલી રાતના અંધારાં વિદારવા તૈયાર થાય છે?

સૌ

અમે—અમે—અમે.

શંકર

ચૂપ ધીમે. તમે તમે એટલે કોણ?

સૌ

અમે હિંદુ, અમે મુસલમાન, અમે મરાઠા.

(શંકર મોં બગાડે છે)

રામદીન

અમે સિપાહીઓ.

શંકર

તમે શું કરશો ?

સિપાહીઓ

અમે ધર્મનું રક્ષણ કરશુ, અમે દેશને બચાવશું.

શંકર

કયા ધર્મનું.

સૌ

હિન્દુ ધર્મનુ, અમારા ધર્મનું, મુસલમાન ધર્મનું.

(શંકરના મોં પર કાળું વાદળું પથરાય છે એ રામદીન સામું જુએ છે.)

રામદીન

અમે ફીરંગીઓને હાંકી કાઢશું.

શંકર

પછી ?

રામદીન

પછી ? પછી શું ? અમારા ધર્મને નિંદનારા જશે, અમારી મિલકત લૂટી લેનારા જશે, અમારા રાજ્યો પડાવી લેનાર જશે, અમારા ખેડૂત સુખી થશે, કારણ, કરવેરા એટલા નહિ હોય, અમારા

સિપાહી સુખી થશે, કારણ કે દરાબસો પગારે થઇ જશે. ફરંગી અમલદારો નહિ હોય. અમે સૌ સુખી થશું.

શંકર

જવાંમર્દો, આપણે સુખી થાઇએ કે ન થાઇએઃ એ તો મુક્તિનું પ્રભાત ઉઘડયે ખબર; પણ આપણે લડવાના તો ખરા જ. ધર્મની નિંદા સહન કરીને, પરદેશીઓની એડી તળે કચડાઇને કોઇ સુખી નથી થયું. તમને જ્યાં સુધી નવા હુકમો ન મળે–મારા અગર રામદીન તરફથી ત્યાં સુધી ચૂપ રહેજો. કોઇને સ્હેજે ખબર ન પડે કે તમે કયા રસ્તે જઇ રહ્યા છો. ચુપચાપ, તાલબંધ પેરેડ કર્યે રાખજો. હસીને સાહેબને સલામ કરજો. ને એ–એ દિવસ–જ્યારે આપણા દેશનું આકાશ મુક્ત–પ્રભાતના લાલરંગથી રંગાઇ ગયું હશે, એના કલાકો ગણ્યા કરજો. બસ, સૌ ખુશ રહો.

(સૌ ચુપચાપ વિખરાય છે માત્ર રામદીન ત્યાં ઉભો છે)

શંકર

રામદીન, આ બધાને તું સાચવીશ ?

રામદીન

જરૂર વળી.

શંકર

એ બધા છે બહુ નેક આદમી, પણ ભોળા, ઓછી અક્કલવાળા; એને કોઇક ફોસલાવી ગયું તો ખલાસ. મહેતાબ ને જરા બોલાવ તો.

(રામદીન જાય છે)

શંકર

આ બધા ઉપર ભારતના સ્વાતંત્ર્યયુદ્ધનો આધાર રાખવો ? એમને દેશની ખબર નથી, ધર્મની ખબર નથી, ખબર છે માત્ર

ફીરંગીઓના જુલ્મની. જુલ્મીઓ પ્રત્યેની દાઝ જ વિપ્લવમા બસ થશે ?

( બહાર ઓચીંતાનો ગોળીબાર સંભળાય છે. રામદીન ધસમસતો આવે છે. )

રામદીન

શાર્દૂલને મારી નાખ્યો.

શંકર

( ઉતાવળે જતાં )

કોણે ?

રામદીન

ગ્રેહામે.

( પડદો પડે છે. )

# દૃશ્ય પાંચમું

સ્થળ : મિલીટરી કેન્ટોનમેન્ટનો ચોક.

પાત્રો : સિપાહીઓ, ગ્રેહામ, રામદીન, શંકર.

(બે સિપાહીઓએ ગ્રેહામને પકડી રાખ્યો છે. એક જણ એની બંદૂક આંચકવા મથે છે. ગ્રેહામ બૂમો પાડે છે. એક બાજુથી શંકરને રામદીન દોડતા આવે છે, બીજી બાજુથી થોડાક સોલ્જરો ધસી આવતા હોય છે. એક બાજુ મારેલકાળીઆર પડયો છે. ટોળા વચ્ચે શાર્દૂલનું લોહી ત્રબકતું શબ છે.)

એક સોલ્જર

એય દિલપ, ગ્રેહામ કો છોડ દો, પકડો મત.

બીજો

એય ગદ્ધા, ઉસકી બંદૂક રખ દો. કાયકુ ખીંચતે ?

રામદીન

અરે એને પકડી રાખો, નહિતર ભગાવી દેશે.

એક સિપાઇ

અરે, પણ શાર્દૂલને તો ખસેડો એ કચડાઇ જશે.

બીજો સિપાઇ

ઝટ ઇસ્પતાલે.

ત્રીજો સિપાઇ

પણ થયું શું ? કેમ બન્યું ?

બીજો સિપાઇ

(ગ્રેહામ તરફ હાથ લબાવતાં)

આ સાલ્લાએ ગોળીએ વીંધ્યો.

એક સોલ્જર

ગે નીગર, કયા બોલતે ?

(મહમ્મદ ને એક બે જણ શાર્દૂલનું શબ ઉઠાવતા હોય છે ત્યાં ગ્રેહામ સિપાહીઓના હાથમાથી છૂટીને બોલનાર તરફ ધસે છે.)

ગ્રેહામ

સાલ્લા, મુઝે ગાલી દીયા ?

(લાત મારવા જતાં મહમ્મદને લાગે છે.........દુબળો ને જઇફ લાગતો મહમ્મદ લાત લાગવતાં જ સીધો સોટા જેવો થઇ જાય છે, એની આંખમાંથી અંગારા વરસે છે.)

મહમ્મદ

મારી વીશ વર્ષની નોકરીમાં મેં કોઇનો તુંકારો નથી ખાધો, ને આજ તું મારી જાય છે; (વેદનાથી) શું કરૂં ? એને જબાન દીધી છે; (ભૂલમાં શબ તરફ આંગળી ચીંધે છે) નહિતર કયારનો હિસાબ કરી લીધો હોત. પણ ફિકર નહિ. એક વાર ખાતુ સાફ કરી લઇશ.

( એનુ અંગ ધ્રૂજે છે, સિપાહીઓ એને શાંત પાડવા દૂર લઇ જાય છે )

એક સોલ્જર

લેકીન થા ક્યા ?

ગ્રેહામ

મેં યે એન્ટલોપ માર કે આતા થા, મેરી સાથમેં એક બમ્મન મજહૂર થા; યે શાર્દૂલને મુઝે કહા: "યે બમ્મન બડા પંડિત હૈ, ઉસકો યે અપવિત્ર કામમે જોડનેકા ઠીક નહિ હૈ." મેં બોલા: તુમ તુમારા કામ કરો: વો બોલા: યે બમ્મન કો છોડ દો. મેં એન્ટલોપ ઉઠાઉંગા. મેં ના બોલા. રકઝકમે ઉસને હાથ લગાકર બમ્મનકો હઠા દીઆ ઔર એન્ટલોપ ઉઠા લીઆ. મેં ફૌરન ઉસકો શુટ કરા. મેં ઉસકો તીન દફે ના બોલા થા, લેકીન ઉસને હી ઝગડા કીઆ. દુસરા ક્યા હો સકતા ?

એક સોલ્જર

લેકીન મૂરખ, તુઝને દુસરા કોઇ મજહૂર નહિ મીલા કે બમ્મનકો ઉઠા લીઆ ?

ગ્રેહામ

વો બ્હોત Insolent થા. વો સ્નાન કરતા થા મેં ઉસકી પાસ જા કર હાથ ધુલાને કા બોલા, ઉસને કહા મેં નહિ ધુલાઉગા. ફીર મેરા દિમાગ બિગડ ગયા. મેં ઉસકો બોલા: "અચ્છા, થોડે દૂર મેં શિકાર કર કે એન્ટલોપ રખ્ખા હૈ. ઉસકો ઉઠા કર મેરી સાથ ચલો. પહલી દફે ના બોલા; મેં બંદૂક ઉઠાઇ. ફિર આગે ચલા. ઉસકા સ્નાન ભી રહ ગયા ઔર પૂજા બી રહે ગઇ.

( ખડખડાટ હસે છે. )

પોલ

ઉસકા નામ પૂછા થા ?

ગ્રેહામ

યે ગાંવ કા હી હૈ. ઉસકા નામ મે ભૂલ ગયા. કોઈ પાઠી કે એસા કોઈ હૈ; ઉસકો માલૂમ હોગા.

( શંકર તરફ આંગળી ચીંધે છે. શંકરની આંખ શિકારી બાજની જેમ સ્થિર, પણે ગ્રેહામ તરફ નોંધાઈ છે. )

પોલ

( શંકર તરફ જતાં )

તુમારા નામ કયા? કાયકુ કેમ્પ મેં આયે હો?

( શંકર સ્થિર છે, એ ગ્રેહામ તરફ તાકી રહ્યો છે. )

પોલ

એય લંગોટ, સુનતા નહિ? તુમારા નામ કયા?

( શંકર હજુ મૂંગો છે. પોલ એને સોટી અડાડે છે. )

રામદીન

( વચ્ચે ઉભો રહી )

ઉસ કો મત અડો સાહબ.

સોલજરો

(ટોળે વળતાં)

નહિતર કયા હોગા?

રામદીન

દુસરા કુછ નહિ, આપકી ઔર હમારી મીટ્ટી ખરાબ હો જાયગી.

પોલ

(દાંત કચકચાવી સોટી ઉગામતાં)

you nig.......

(ઉતાવળે આવતા ડેનિયલની બૂમ સંભળાય છે)

you naughty boys.

(પાસે આવીને પોલ વગેરેને)

please to your bungalows.

(દેશી સિપાહીઓ તરફ)

to your Barracks. મેં અભી આતા હું.

(સોલજરોને લઇને જાય છે. ગ્રેહામને જતો જોઇ શંકર એક ડગલું આગળ આવીને એને અટકાવે છે)

શંકર

વો બમ્મન કા નામ આપ ક્યા બોલા ?

ગ્રેહામ

કુછ પાઠી જૈસા થા. તુમકો તો મૈં પીછાનતા હું.

શંકર

હળધર પાઠી થા.

ગ્રેહામ

(જતાં જતાં)

હા. હા.

(શંકર જડવત ઉભો રહે છે)

( પર્દો પડે છે. )

## દૃશ્ય છઠ્ઠું

સ્થળ : હળધર વેદપાઠીના ઘરનું આંગણું.

પાત્રો : હળધર, આસ્તી, સગુણા, શંકર.

હળધર

સગુણા, આજે હું એક અપૂર્વ અનુભવ લઇ આવ્યો.

સગુણા

સ્નાન કરવા ગયા ત્યાં ?

હળધર

હા, સ્નાન કરી ધ્યાન ધરતો હતો ત્યાં એક આંગ્લ યુવક આવ્યો, ગુલાબી જુવાન હતો. મારી પાસે આવીને એણે હાથ ધોવ-રાવવા કહ્યું, મેં એને થોડી વાર ધીરજ ધરવા કહ્યું; પણ કોણ જાણે એના શિક્ષા ગુરુએ એને ધીરજનો મહિમા નહિ સમજાવ્યો હોય, એટલે એણે તરત જ હાથ ધોવરાવવા કહ્યું. હું તો ધ્યાનમાં બેસી ગયો. (સ્હેજ કડક અવાજે) તેં શમિક ઋષિની વાત સાંભળી છે ને ? પરિક્ષિતે શમિક ધ્યાનમાં હતા ને પાણી માગેલું, પાણી ન મળ્યું એટલે ડોકમાં મૂએલો સર્પ પહેરાવીને ચાલ્યા ગયેલા આને આજુ-

બાજુ જોતાં સર્પ નહિ મળ્યો હોય એટલે સર્પ જેવા કોરડાનો ઉપયોગ કર્યો.

સગુણા

શું પિતાજી !

(સહસા ઊઠીને પિતાનો વાંસો જુએ છે, વાંસામાં લીલો પટો પડી ગયો છે. સગુણા બાજુમાં બેસી જઇ પિતાના ખોળામાં મોં ઢાંકી દે છે.)

હળધર

(સગુણાના વાંસે હાથ ફેરવતાં)

કાં બેટા ?

સગુણા

શમિકને પુત્ર હતો. તમારે ત્યાં હું......

હળધર

(હસીને)

મારે ત્યાં પુત્રી છે, નહિતર એને શાપ દેત ખરું ? ને શમિકતનુજે શાપ આપી શું ફાયદો કાઢ્યો ? સર્પસત્ર ! મારાં અહોભાગ્ય છે કે મારે ત્યાં પુત્રી જન્મી, નહિતર મારે કપાળે બીજો નરસત્ર ચડત, બેટી. તમને વેરના મનોભાવો ન શોભે, પણ હું તો વાત કરતો હતો મારા અપૂર્વ અનુભવની. મારા ધ્યાનમાં ભંગ પડયો એટલે મેં કહ્યું કે તું શું માગે છે ? એણે તો એનું મરેલું હરણ ઉપાડીને લઇ ચાલવા કહ્યું. મેં કહ્યું મને ધ્યાન કરી લેવા દે પછી આવું. હું ધ્યાન ધરી લઉં એટલીવારમાં એણે એક બે ગોદા માર્યા, કોણ જાણે એને સ્વર્ગનું રાજ્ય વહી જતું હશે ! હરણ ઉપાડીને ચાલતાં મેં એને કહ્યું કે હું પવિત્ર બ્રાહ્મણ હતો ને મારી પાસે આવું કામ ન કરાવાય, પણ એને મારા બ્રાહ્મણપણાની શી પડી

હતી ? ઘોડે બેઠેલ એ મને હાંકતો હાંકતો કેમ્પ તરફ લઇ ગયો. મારી ઇચ્છા તો એમ હતી કે મને ગામમાંથી લઇ જાય; પણ એણે તો સીધો કેમ્પ તરફ ઘોડો વાળ્યો. કેમ્પના દરવાજા આગળ જ એક શીખ જુવાનિયો ઉભો હતો, મુછનો દોરો પણ ફુટયો નહિ હતો, ઉઘડતાં ફૂલ જેવા મોં પર સ્મિત હતું. મને એ ઓળખતો નહિ હોય, પણ ખભા પર જનોઇ જોઇ પેલા આંગ્લ યુવકને પૂછ્યું: "આ બ્રહ્મદેવને શા માટે વેઠે પકડ્યા ?" પેલાને જવાબ દેવાની ફુરસદ નહિ હતી, કારણ કે એ તો ઘોડા ઉપર હતો ને અમે જમીન પર હતા. શીખ જુવાને એને આજીજી કરી, સો એક હાથ લગી મનાવ્યો. આખરે પેલો ન માન્યો એટલે મને ખસેડી હરણુ પોતે ઉપાડવા માંડ્યું, અને ખબર નથી કે પછી શું થયું. આંગ્લ જુવાન નીચે ઉતરી ગયો હતો ને પેલા શીખ કિશોર જોડે લડતો હતો, ઓચીંતાનો મેં બંદૂકનો અવાજ સાંભળ્યો. શીખ જુવાન તરફડતો પડ્યો હતો, હું ચાલી નીકળ્યો શું કામ એ ખબર નથી, પણ સહેતુક ચાલ્યો હતો એ નિશ્ચિત છે.

(સગુણા પિતાના મોં સામે જોઇ રહે છે, એના મોં પર ભયને આશંકા છે, હળધરના ચહેરા પર તુમુલ મંથનની વેદના પથરાઇ રહી છે, એ સગુણા સામે એકી ટશે જોઇ રહે છે.)

હળધર

બેટી !

સગુણા

પિતાજી.

હળધર

આપણે સૌ કોઇક ભયાનક અદૃષ્ટ તરફ ઢસડાઇ રહ્યા છીએ. ભયાનક છતાં એ અનિવાર્ય છે. આજે જો એ ભયાનક પણ નહિ

કહીએ તો આપણે માણુસ તરીકે નહિ જીવી શકીએ, હા—આપણે માણુસ ન રહીએ, ભયાનકથી બીધે નહિ પાલવે.

સગુણા

પિતાજી, શું કહો છો ? નથી સમજાતું.

હળધર

તને નથી સમજાતું ? મને આજ સમજાઇ ગયું–પૂરેપૂરૂં સમજાઇ ગયું, સહેજે આશંકા ન રહી.

સગુણા

કે–

હળધર

દાસદશા કેટલી ભયંકર છે ? આ મંદિરમાં છાંયે બેઠા બેઠા મને ખબર નહોતી પડતી કે ઇશ્વરની શી ઇચ્છા છે ? પણ એક કલાકે શીખવી દીધું કે ઇશ્વરની ઇચ્છા શું છે !

સગુણા

શું ?

હળધર

કે આપણે એ ભયાનક પદાર્થપાઠ લેવો ને દેવો.

સગુણા

શાનો ?

સમાજ માટે એથીયે ભયંકર છે. સૌ અંદરથી સડતા જઈએ છીએ. આ ભયાનક સંગ્રામમાં અમે સૌ સડેલાઓ નાશ પામવાના છીએ- હું, પેલો આંગ્લ જુવાન, હનુમંતસિંહ, ને બધા જ.

સગુણા

તમે બોલવું બંધ ન રાખો પિતાજી ?

હળધર

અરે- હા. હું ભૂલ્યો. શંકરને કહેવું જોઈએ તે સગુણાને કહી રહ્યો છું.

સગુણા

તમે શું કરશો પિતાજી ?

હળધર

હું વિપ્લવમાં મરીશ.

સગુણા

ને શંકર ?

હળધર

એ પણ.

સગુણા

ને હું ?

હળધર

તું ? હું શું જાણું બેટી ? શંકરની તો મને ખબર છે એટલે કહું છું.

સગુણા

મને એકલીને જીવવાની આજ્ઞા ન દો, પિતાજી !

હળધર

બીજા કોને જીવવાની આજ્ઞા દઉં ત્યારે ?

સગુણા

તમારા સહુની જોડે મને પણ લઇ જાઓ.

હળધર

ગાંડી રે ગાંડી, ગાયને યુદ્ધક્ષેત્રમાં લઇ જવાતી હશે ?

સગુણા

( હસીને )

કેમ, કાંઇ ગાયને શીંગડા નથી ?

હળધર

પણ કોનુ શું થશે એ કાંઇ જ ખબર પડતી નથી.

સગુણા

તો પછી હું ક્યાં જઇશ ?

હળધર

શંકર આવ્યો કે નહિ તે જોઇ આવીશ ? આવ્યો હોય તો ખેંચી લાવ.

( સગુણા જાય છે. થોડીવારે સ્થિર ને દૃઢ પગલા માંડતો શંકર પ્રવેશી એક બાજુ મૂંગો ઉભો રહે છે )

હળધર

આમ આવ શંકર ! આજે તો હળધર વેદપાઠીને એક પરમ થયું,

શંકર

( કઠોર સ્વરે )

ગુલામ દેશમાં બ્રાહ્મણ તરીકે જન્મવું એટલે શું?

હળધર

ગુરૂ દત્તાત્રયની માફક મારે એ જુવાનને એક ગુરુ તરીકે ગણવો પડશે.

શંકર

( એજ સ્વરે )

ગુરુદક્ષિણામાં શું આપશો ?

હળધર

( મંત્ર ઉચ્ચારતા હોય તેમ )

વિપ્લવ.

શંકર

પિતાજી !

( મંત્રમુગ્ધની જેમ હળધર પાઠીના પગમાં પડે છે. સગુણા પ્રવેશીને વૃદ્ધ વેદપાઠીના પગ પાસે બેસી જાય છે. વેદપાઠી ગણગણે છે. )

शतं जीव शरद:

## દૃશ્ય સાતમું.

**સ્થળ** : ગામના ચોકનો એક ખૂણો.

**સમય** : પહેલા પ્રવેશ બાદ થોડા મહિના પછીની એક રાત.

(દીવાના થાંભલાને અજવાળે દુકાનના ઓટા પર બેઠા બેઠા નાગરિકો વાતો કરે છે, ઓટો નાનો હોવાથી બે ત્રણ જણ બેઠા છે, બે ત્રણ ઉભા છે.)

### પહેલો નાગરિક

તને શું લાગે છે?

### બીજો નાગરિક

લાગવું'તું શું? આપણ સૌનું આવી બન્યું છે. નહિતર આવું બને? છડેચોક ગામમાં ગાયો વઢાય, મોરલા બરાય ને મા'જન ફરિયાદે જાય ત્યારે દાદ નો' દે, ત્યારે બીજું શું સમજવું?

### એક જુવાન

માના દાદા તમે મા'જનમાં ગ્યા'તા?

### માનશંકર

હું તો જાઉં જ ને, આજ ચાલીશ વર્ષથી બ્રાહ્મણની નાતનો

મોવડી, એટલે જાવું તો જોઇજને ? ને એમાંય આ તો ગૌવધનો પ્રશ્ન ! બ્રાહ્મણુને અડસઠે તીરથ ગાયના દેહમાં જ.

જુવાન

તે સાહેબે જવાબ શું દીધો ?

માનશંકર

જવાબ શું દે ? પહેલાં તો કહે કે સા'બ જમવા બેઠા છે, પછી કહે કે ઊંઘી ગ્યા છે. ત્રણ કલાક ભૂખ્યા તપ્યા ત્યારે સાહેબની મુલાકાત થઇ. જઇને વાત કરી ત્યારે કહે કે એ તો ફ્રીલી સાહેબના અધિકારની વાત થઇ, એમને મળો.

એક નાગરિક

આય એની માનો સા'બ ! સીધો જવાબે નો મળે.

માનશંકર

(ખોંખારો ખાઇને)

અમે તો ગ્યા ફ્રીલી સાબને બંગલે. સાબ મઢમ હારે ગુલતાનમાં બેઠેલા. ત્રણુ વાર કેવરાવ્યું, બે વાર ચીઠી મોકલાવી, ત્યારે આવ્યા,. કીધું ત્યારે અંગ્રેજીમાં બે ગાળ દીધી, ને છેવટ ફેંસલો આપ્યો ત્યારે એમ કે 'કમ્પના મેજરને હું લખી નાખીશ કે આ બાબતમાં ચોકસાઇ રાખે' અમે કીધું પણ સાહેબ ! એ ગોરાને સજા તો થવી જોઇએ ને ? રૈયત બધીનાં દિલ દુભવે એનું શું ? ત્યાંતો સાહેબનો મિજાજ ખાટો થઇ ગ્યો, રૂપ જ બદલાઇ ગ્યું હો ! કહે કેઃ "તમે ફેંસલો માગવા આવ્યા છો કે સલાહ આપવા ? જાઓ ચાલ્યા જાઓ આંહીથી." ને ભાઇ લાપડાં ખાધા જેવાં મોઢાં લઇને પાછા હાલ્યા આવ્યા.

બીજો નાગરિક

મા'જન પછી તો ભેગું થ્યું ?

માનશંકર

શું કામ ?

પહેલો નાગરિક

સાહેબના ફેંસલા ઉપર વિચાર કરવા.

માનશંકર

મા'જન તો ત્યારે ને ત્યારે કે'તું'તું કે હવે તો એક ઇલાજ છે, કાં તો હડતાલ, નહિતર પછી હિજરત. પરહદમાં હાલ્યા જાઇએ તો છે.

જુવાન

જાતાં જાતાં થોડાકને....................તો ઠાઢક વળે.

માનશંકર

શું કરીએ ? આજ એમનું પરિબળ વધી ગયું.

એક નાગરિક

પણ માન દાદા પરિબળ વધતું જાય છે એમ રંજાડ પણ વધતી જાય છે હો. એકલા સાર્જંટની નહિ, ફીરંગી આતરની રંજાડ

બીજો નાગરિક

ફીરંગી એકલા શું કામ, એમના કુતરાય આપણને રંજાડે

(સૌ હસી પડે છે.)

એક નાગરિક

સાચું કહે છે, એમના શિકારી કૂતરા મારા તારા જેવાને ફાડી ખાય એવા છે.

બીજો નાગરિક

એ સાચ્ચા કૂતરાની વાત નથી કરતો, ઇ તો વાત કરે છે, મારા તારા જેવાની. એની પાસે જઇને પૂંછડી પટપટાવે, ને જે બટકુંકટકું ફેંકે ઇ લઇ આવે એવાની. આજકાલ એમની રંજાડ બહુ વધી પડી છે.

જુવાન

હવે સમજ્યો ?

બીજો નાગરિક

જુઓને આ મીરખાં. સા'બને નામે જ પૈસા કઢાવતો ફરે.

પહેલો નાગરિક

પણ મને વિચારવા જેવી દશા તો આ દાના જેવા કારીગરની લાગે છે. બિચારા રાજાના વખતમાં એ પૈસા કમાઇ ખાતા'તા, ઇ ટળી ગયા. મીઠાનો ઇજારો, હાથે વણેલા કાપડનો ઇજારો, સુરોખાર, ગંધકનો ઇજારો. આમ કાં તો ઇજારાવાળા હોમ કે કૂક સા'બ માગે ઇ ભાવે કાપડ વેચે ને કાં તો શાળ ભાંગી દાડી કરવા માંડે.

દાનો

ત્રણ મહિનામાં ત્રીશ વણકરનાં ઘર ભાંગી ગ્યા.

વણિક

ધંધા માતરની એ દશા છે. કંપનીના માલ સાથે ખોટ ખાઇને વેચીએ તો ય હરિફાઇમાં ક્યાં ટકાય એમ છે ?

પહેલો નાગરિક

પણ આ તો બિચારા રોજની આવકમાં રોજનો રોટલો ખાનારા આદમી, એમની રોજી તૂટી જાય તો કોને આંગણે જઇને લાંઘવું ?

ત્રીજો નાગરિક

કેમ્પમાં ઘોડાના ખાસદાર તરીકે હમણાં માંગ છે.

(એક રબારી પસાર થાય છે અને બૂમ મારે છે)

એલા ધના, હમણાં કેમ વરતાતો નથી ? વાળુ લેવા આવતો નથી ?

ધનો

બાપુ ક્યાંથી આવું ? મેં તો ગોવાતીનો ધંધો મૂકી દીધો.

ત્રીજો નાગરિક

શું કામ ?

ધનો

શું કરૂં ત્યારે ? સરકારે ગૌચરની ભોં ખેડવા આપી દીધી, ગવતરીઉં ને લઇને જાઉં ક્યાં ? નાટકના ગા માતાજીઉંના સરાપ લેવા ઇ કરતાં તો બીજે ક્યાંકથી મૂઠી ધાન પેદા કરી લેવું સારૂં.

સૌ

હાય, હાય, ગૌચર જપ્ત કર્યું ? મા'જનને કે કોઇને પૂછ્યું ય નહિ ?

ધનો

ગા માતાજીના નસીબ દુબળાં, બીજું શું ?

રજપૂત

ગાય માતાજીના નસીબ નહિ પણ આપણા હાથ દુબળા એમ એમ કહો. નહિતર...નહિતર ગાયના મોં માંથી ખડનો પૂળો આંચકી લે ?

માનશંકર

(નિસાસો નાખી)

ઠામુકી ગાયુંની કતલ થવા માંડી ત્યાં પૂળા આંચકવાની શી વાત ? હરિ ! હરિ ! તે હવે કયાં કામ કરછ ધના ?

ધનો

કાંપ સામે નવી ચાલીકું બધાય છે ત્યાં.

માનશંકર

ત્યાં શેન કાન ચણાય છે ?

દાનો

રહેવા દો, માનદાદા એતું નામ લઇ તો ય જીભ અપવિતર થાય.

માનશંકર

(જીભ કચડતો)

સમજ્યો, સમજ્યો; છાવણી હારે ઇ તો આવે જ ને. ને ગામડામાંથી ધા આવે છે, ઇ તમે કોઇએ કયાં સાંભળી છે ? કેટલી બાઇઉ ખોતુ કળેળાટ કરે છે ઇ ખબર છે ?

બીજો નાગરિક

(કાને હાથ મૂકતો)

રહેવા દો માન દાદા, કાન સડસડી જશે,

માનશંકર

(રજપૂતનું કાંડું ઝાલી હડબડાવતાં)

બાપુભા, હવે કાંઇ કરવું છે, કે આમ ને આમ બેસી રે'વું છે ? મારાથી કો'કદિ કવેણુ બોલાઇ જશે હો:

### રાજપૂત

એ જ થઇ રીયું છે. માનાદાદા, મલક આખો સળવળી રીયો છે, પણ ઝાઝા કાને વાત નાખવા જેવું નથી. હળધર પાઠીને ત્યાં જરાક જઇ આવજો, તમે સાંભળ્યુંને એમનું વર્ષાષન બંધ થીયું ને મંદિરની જમીન આંચકી લીધી જરાક મળી આવજો. એને ત્યાં પેલા સંન્યાસી છે ને.

### માનશંકર

હા, હા. સમજ્યો. પણ વિચાર કરી લેજો કે માણસના મેળમાં રે'વું છે કે પછી સૌ જાનવરની હારમાં હાલ્યા જવું છે?

(ઘોડાની પડઘી સંભળાય છે, ચોકના પ્રવેશદ્વાર, આગળથી સંભળાય છે, 'કૌન હૈ?' એક નાગરિક જવાબ આપે છે 'રૈયત' દીવાને અજવાળે બે ટોપી ઘોડેસ્વારો દેખાય છે)

### એક ઘોડેસ્વાર

ઇતની દેર તક ક્યું બેઠે હો? માલુમ નહિ ગ્યારા બજ ગયા?

### બીજો નાગરિક

માલુમ નો'તું; ભૂલ થઇ ગઇ.

### બીજો ઘોડેસ્વાર

અચ્છા નામ લીખાઓ.

(એક જણ નામ લખાવે છે. માનશંકર રાજપૂત પાસે ખસી જતાં ધીમેથી)

"જરાક હનુમંતસિહજીને મળી આવજો."

# દૃશ્ય આઠમું.

સ્થળ : પોલનો બંગલો

પાત્રો : ડેનિયલ, પોલ, ને બીજા બે અફ્સરો.

(બધા અફ્સરો એક ગોળ ટેબલની આજુબાજુ ખુરસીઓ ઢાળીને બેઠા છે, એક બોય સૌની આગળ ચાના પ્યાલા મૂકતો હોય છે)

### ડેનિયલ

(ટેબલપર હાથ મૂકીને)

તમે ગમે તેમ કહો. હું ગ્રેહામને સાવ નિર્દોષ ગણી શકતો નથી.

### એક અફ્સર

હું એને સાવ નિર્દોષ ગણું છું,

### બીજો

એટલુ જ નહિ ઉલટું એ શીખ સિપાહીએ ગ્રેહામની Private lifeમાં દાખલ થઇને બધા જ ગોરા અફ્સરોનું અપમાન કર્યું હતું; ને એટલે ગ્રેહામનું કૃત્ય તદ્દન યોગ્ય હતું.

ડેનિયલ

(ઉકળી જઇને)

એક સોળ વર્ષના જુવાનનું ખૂન કર્યું એ યોગ્ય કૃત્ય હતું એમ તમે સિદ્ધ કરવા માગો છો સાહેબ ? તો તો મારે કહેવું પડશે કે ઇન્ડીયન કેવેલરીના એક અફસર તરીકે ગ્રેહામે Indian sentimentને માન નહિ આપવાનો ગંભીર ગુનો કર્યો છે. બ્રાહ્મણ એ હિંદુસ્તાનીઓનો પાદરી છે એને આવા ગંદા કામમાં બંદૂક બતાવીને પકડવો એ હિંદુસ્તાનનું ભયંકર અપમાન છે; ને જ્યારે એક કોઇક હિંદુસ્તાની સમજાવવા જાય ત્યારે એના પર કોઇક વરૂ કે કોલ્હું હોય તેમ ગોળીબાર કરવો, એ ક્યાંનો ન્યાય ? એ બિચારા શાર્દૂલે શું ગુન્હો કર્યો હતો ? એ તો એમ કહેવા ગયો હતો કે "આ બ્રાહ્મણને બદલે મને ઉંચકવા દેશો ?" ને એણે ના પાડી ત્યારે એણે બ્રાહ્મણ પાસેથી ઉંચકી લીધું, એમાં એણે શું મારે ગુનો કરી નાખ્યો છે સાહેબ કે ગ્રેહામે એનું ખૂન કરી નાખવું જોઇએ ? હિંન્દીઓ તે કાંઇ રાની પશુઓ છે કે ગમે ત્યારે તમારો સહેજ મિજાજ ગયો કે રહેસી નાખી શકો ?

પોલ

(હસતાં)

ડેનીયલ સાહેબ, તમારી વાત સાચી છે પણ આખરે ગ્રેહામ એ આપણો ભાઇ છે, એક ક્રીશ્ચીઅન ભાઇ તરીકે આપણે એને માફી આપવી જોઇએ. શિક્ષા કર્યે એને શું થવાનું હતું ? શાર્દૂલ જેવા છોકરાના મૃત્યુ માટે મને પણ લાગી આવે છે, પણ એકવાત તમારે કબૂલ કરવી જોશે કે હમણાં કાળી રેજીમેન્ટના ઘણા સિપાહીઓ કંઇક વધારે પડતા તુમાખી થતા જાય છે.

ડેનિયલ

મને એની સાથે વાંધો નથી; ગ્રેહામ આવીને એના ગુનાની કબૂલાત આપી જાય. હું પ્રમુખ તરીકે કોર્ટને ભલામણ કરીશ કે એને માફી આપે.

પોલ

( એ જ હાસ્ય સાથે )

પણ, આપણાથી એણે માફી માગી છે એમ રેજીમેન્ટના આજના વાતાવરણમાં જાહેર નહિ થઇ શકે, નહિતર સઘળા કાળાઓ આપણા ઉપર સવાર થઇ બેસશે, ને હું ધારૂં છું કે ગ્રેહામ પણ એવી કબુલાત ન આપે, કારણ કે કાળા લોકોને એ જાણ થાય તો તો It's a disgrace to his service

બીજો અફસર

હું જ એની જગ્યાએ હોઉં તો માફી ન જ માગુ, ભલે મને ગોળીએ વીંધે.

ડેનિયલ

Silence gentlemen.

પોલ

ને એક બીજી ગંભીર વસ્તુ તરફ તમારૂં ધ્યાન ખેંચું છું. તમને યાદ છે, ત્રણ વર્ષ પહેલાં બરાકપુર કેમ્પમાં મિ. મેક્કાર્થી ને એના થોડાક જોડીઆઓએ એક મંદિરનો pecock મારી નાખેલો—ને એ આખો કિસ્સો આપણી Tribunal પાસે આવેલો.

ડેનિયલ

કોણ જાણે મારે ભાગે બધાના judge થવાનું જ આવે છે.

પોલ

હા, ને આપણે એમાં મેક્કાર્થી ને એના ભાઇબંધોને દોષિત ઠરાવીને સજા કરેલી, સજા તો હતી માત્ર ત્યાંથી ફેરબદલીની જ.

ડેનિયલ

ને થોડાને Degrade કરવાનું પણ લખેલું.

પોલ

પણ ત્યારે આખી ગોરી રેજીમેન્ટ કેટલી ઉશ્કેરાઇ ગયેલી ! મીરત, ફરૂકાબાદ, ઇટાવા બધી ગોરી રેજીમેન્ટોમાંથી કેટલા બધા કાગળો આવેલા ! આપણી માથે તો જાણે ફિટકારનો વરસાદ વરસેલો. એક પણ કલબમાં આપણને ઇજન નહિ, એક પણ પીકનીકમાં આપણને Call નહિ, ચર્ચમાં પણ આપણે જાણે સમાજથી બહિષ્કૃત. આખરે જ્યારે આખું yudjment પાછું ખેંચી લીધું ત્યારે જ આપણી જોડે સૌ ભળેલાં ખરૂં ?

ડેનિયલ

( ધીમેથી )

હા.

પોલ

ને એમનો એ રોષ વ્યાજબી હતો. ગોરાની તપાસ ગોરાની પાસે જ કરાવાય છે, એ જ એટલા માટે કે ગોરાઓના Sentimentને ખ્યાલમાં રાખીને જ તપાસ થાય, ને તે દિવસે આપણે એ વસ્તુ ભુલી ગયેલા. આજે ફરીથી એ વાત ભૂલી ન જઇએ. નહિતર હું તો બરાકપુરવાળો પદાર્થપાઠ લેવા તૈયાર નથી.

# દૃશ્ય નવમું

સ્થળ— કેન્ટોનમેન્ટના રમવાના મેદાનનો એક દૂરનો ખૂણો

પાત્રો—મહમ્મદ ને બીજા સિપાહીઓ. પાછળથી રામદીન

(બધા વાતો કરતા હોય છે)

એક સિપાહી

મહમ્મદ ચચા, પછી ગ્રેહોમનું શું થયું?

મહમ્મદ

થાય શુ? એ ખાય પીએ ને ખૂંટડા પેઠે મહાલ્યા કરે.

સિપાહી

પણ ટ્રિબ્યુનલ પાસે એનો કેસ હતો ને?

મહમ્મદ

હજી કાંઇ ખબર પડયા નથી.

મહોબ્બત

મને ખબર છે.

### ડોનઅલ

ત્યારે શું ગ્રેહામને નિર્દોષગણી છોડી મૂકવો ? એ આખી કાળી રેજીમેન્ટને અન્યાય નથી ?

### એડ્જ્યુટન્ટ

Why do you care so much for the niggers ? એક બાજુથી આખી કાળી જાતને નિંદ્યા કરવી, એમના ધર્મને એમની માન્યતાઓને એમના પોષાક અને ખોરાકને નિંદવા ને બીજી બાજુ એમના એક મૂર્ખ sentiment ને વારંવાર તોળ્યા કરવી એનો શું અર્થ છે ? બ્રહ્મન આપણા પાદરી જેટલો જ માન આપવા જેવો છે એમ કોણે કહ્યું ? તમે એમ કહો છો ? એ આખો દહાડો બેસી રહેનાર sluggard રામ રામ જપ્યા કરનાર idiotને, ગ્રેહામે મજુર તરીકે પકડ્યો એમા શું ખોટું હતું ? ને ખોટું નહોતું તો શા માટે પેલો આડે આવ્યો ? No need to honour nigger Sentiment

### પોલ

(હસતાં)

સાવ તો એમ નહિ પણ તમારી વાત વિચારવા જેવી તો છે જ એમ એમના sentimentના રોજ વિચાર કરીએ તો તો આપણે રાજ્ય કરીએ છીએ એ જ એક મોટો અન્યાય છે, આપણી અહીંની હયાતી દરમ્યાનનો એકેએક કલાક એમના sentiment પર ઘા છે એટલે આપણે એમના વિચારને બાજુ પર મૂકીને આપણને યોગ્ય લાગે તેમજ કરીએ. કેમ ડેનિયલ સાહેબ ?

( ડેનિયલ મૂગો છે. )

પોલ

ને એક વાત તો સાચી જ છે કે ગ્રેહોમ તડકામાં રખડીને આવતો હતો, પેલા બમ્મન જોડે પણ ઝઘડો થયો હતો, એમાં કોઇક કાળો આદમી એની જોડે લડાઇ કરવા આવે તો એનો મિજાજ જાય એમાં કાંઇ નવાઇ ન——

બીજો અફસર

એટલુ જ નહિ પણ. It's quite but natural.

ડેનીઅલ

એક કરીએ, એને નિર્દોષ જાહેર કરીને આટલી લીટી ઉમેરીએ કે gun went off while the man was intoxicated તો કેમ?

પોલ

મને વાંધો નથી.

એક અફસર

મને કાંઇ વાંધો નથી.

બીજો અફસર

એ યોગ્ય છે, પણ હું ગ્રેહોમને બોલાવું. બિચારો મનમાં મુંઝાઇ રહ્યો હશે; એ બોય, એક કપ ને બોટલ.

(એ બહાર જાય છે ડેનિયલ બબડે છે.)

The man is not guilty because gun went off while the man was intoxicated.

## દૃશ્ય નવમું

સ્થળ— કેન્ટોનમેન્ટના રમવાના મેદાનનો એક દૂરનો ખૂણો
પાત્રો—૦ મહમ્મદ ને બીજા સિપાહીઓ. પાછળથી રામદીન

(બધા વાતો કરતા હોય છે)

**એક સિપાહી**

મહમ્મદ ચચા, પછી ગ્રેહોમનું શું થયું ?

**મહમ્મદ**

થાય શુ ? એ ખાય પીએ ને ખૂંટડા પેઠે મ્હાલ્યા કરે.

**સિપાહી**

પણ ટ્રિબ્યુનલ પાસે એનો કેસ હતો ને ?

**મહમ્મદ**

હજી કાંઇ ખબર પડયા નથી.

**મહોબ્બત**

મને ખબર છે. ટ્રીબ્યુનલે એમ ફેંસલો આપ્યો છે કે માણુસ નશામાં હતો ત્યારે ગોળી વછૂટી ગઇ છે, એટલે એને નિર્દોષ ઠરાવવામાં આવે છે.

### બીજો સિપાહી

એમ ? ગ્રેહામ નશામાં હતો ખરું ? સાલ્લા, શેતાનો. તમે બધા શીખ શું કામના છો ?

### મહોબ્બત

( નિરાશાથી )

માખીઓ મારવાના.

### ત્રીજો સિપાહી

ત્યારે હવે અમે પણ નશામાં હશું અને ગોળી વછૂટી જશે તો ?

### મહમ્મદ

તમારે માટે તો નશો કરવો એ પણ ગુનો છે. એટલે ગોળી વછૂટી હોય કે નહિ પણ તમે નશો કર્યો એટલે જ સજાને પાત્ર થઇ ચૂકવાના.

### સિપાહી

ના ના અમે તો નશો કરીને બંદુક વછોડવાના, ધરાસાર વછોડવાના. એનાથી થાય તે કરી લ્યે.

### મહમ્મદ

ધીરા પડો ભાઇ ધીરા પડો. બધું એના મેળે થઇ રહેશે. તમારા મનમાં જ થતું હશે ને મારા ને મહોબ્બતના મનમાં કાંઇ જ નહિ થતું હોય ? આ પંચોતેર વર્ષનો ડોસો કોઇનો તુંકારો ન ખમે, એને ગ્રેહામ લાત મારી જાય ને જો એ મુંગો બેસી રહે, તે દિ’તો એની જનેતાનું દૂધ લાજે. માટે ધીરા પડો. ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભીર. ભાઇ, સિપાહીઓએ બંડ કરવું એ કાંઇ રમત વાત નથી, કોક માણુસ બંડ કરે, તો બહુ તો બે વર્ષની સજા થાય પણ

સિપાહીએ બંડ કર્યું એટલે તો તોપના મોંએ જ બંધાવાનું; ફરીદપુર છાવણીમાં એક વાર બંડ થાતાં જોયું છે. બંડ તો ચાલ્યું ચાર કલાક પણ એ પછીનો ત્રાસ તો આજ પણ ભૂલાતો નથી.

પણ આજનો સમો જુદો છે. આજ તો દેશ આખો સળગી રીયો છે ને ગોરૂં લશ્કર પુરૂં છે નહિ, થોડુક ચીનમાં ગયું છે, થોડુંક અફઘાનમાં, ને એમાં એક સામટો છાવણીએ છાવણીએ દા લાગ્યો તો ગોરાનું આવી બન્યું.

### એક જુવાન સિપાહી

(કુતૂહલથી)

ચાચા એ સાચી વાત કે આવતા મહીનામાં રાજ્ય બદલો થાશે?

### મહમ્મદ

એ શું ખબર? અલ્લાને ઘેર કોણ જઇ આવ્યું છે? પણ જોશીઓ વાતુ કરે છે કે અંગ્રજી રાજ જે દિવસે થપાણું તે દિથી સોમે વર્ષે ઉખડી જાશે, હિંદુ ને મુસલમાન ભાઇ જેમ રે'શે ને પાછી હિંદુસ્તાનની ચડતી કળા થાશે.

### બીજો સિપાહી

સો વરસ કયારે પુરા થાય છે?

### મહમ્મદ

૨૩મી જુન ૧૮૫૭ના દિવસે. ૨૩મી જુન ૧૭૫૭ના રોજ પ્લાસીની લડાઇમાં અંગ્રેજી રાજનો પાયો નંખાણો આ સોમુ વરસ ચાલે છે.

### ત્રીજો સિપાહી

(ધીમે અવાજે)

દોઢ મહિનો બાકી.

(બધા ભવિષ્યમાં જોતા હોય તેમ આકાશ તરફ જોઇ રહે છે)

એક સિપાહી

(ઉત્કંઠિત સૂરે)

આપણે આઝાદ થઇશું ?

મહુમ્મદ

(આકાશ તરફ આંગળી ઉંચી કરી)

અલ્લાહને ખબર. હું તો વાટ જોઇને બેઠો છું.

મહોબ્બત

શાની ?

મહુમ્મદ

શહીદ થવાની. શંકર કહેતો હતો કે રોજ આસમાન ખીલે છે પણ અમારા દેશનું નશીબ કાં ન ખીલે ? મેં એને કહેલું કે સાંજે આકાશ કેવું લાલ રંગાઇ જાય છે એ ખબર છે ? જ્યારે આપણેએ એકવાર નશીબ લાલ લોહીથી રંગી દેશું ત્યારે પછી સોનેરી આફતાબ ઉઘડવાનું.

સિપાહી

આપણે રંગી જ દઇશું.

મહુમ્મદ

હા, દેશ આખો આજતો જાગ્યો છે.

એક સિપાહી

કહે છે કે દિલ્હીના શહેનશાહ ને પુનાના પેશ્વા એ બેય ભેગા થાય છે. એ સાચી વાત ?

મહમ્મદ

હા, પેલા જોશીએ કહ્યું છે કે હિન્દુ ને મુસલમાન બેય ભાઇની જેમ હળશે મળશે પછી અંગ્રેજી રાજને ઉખેડી નાખશે. આજ પેશ્વા, દિલ્હીના શહેનશાહના હાથનું પાણી પીએ છે.

સિપાહી

તમને આ બધું કોણ કહી જાય છે? શંકર?

મહમ્મદ

(હળવે સાદે)

યાદ રાખજો કે એ આપણો સરદાર છે. જીવતો અંગારો છે અંગારો.

(સૌ જાણે આ મહાન ગોપ્યને સંઘરી રાખવા માગતા હોય તેમ છાતી સાથે હાથ ચાંપે છે.)

મહમ્મદ

જુવાનો! ચાલો હવે, મોડુ થશે. નિમાઝનો વખત થયો;

(સહુ ચાલવા માંડે છે ત્યાં રામદીન દોડતો આવે છે, એના મોં ઉપ ક્રોધ ને મુંઝવાટ છે, એનાથી પુરૂં બોલાતું નથી.)

રામદીન

ચાચા, આપણો સર્વનાશ થયો.

( નીચે બેસી જાય છે )

મહમ્મદ

શું છે, રામદીન? આટલો બધો ગભરો કાં?

રામદીન

આપણને વટલાવી દીધા.

(કપાળ કૂટે છે)

મહમ્મદ

કોણે ? શું વટલાવી દીધા ? પૂરી વાત તો કર, આકળો કાં થા ?

(સિપાહીઓ રામદીનની આજુબાજુ ટોળે વળે છે; એક બે જણ એને શાંત પાડવા મથે છે.)

મહમ્મદ

પણ બોલ તો સહી કયા હુઆ ? કીસને ભ્રષ્ટ કીયા ?

રામદીન

ફીરંગીઓએ

મહમ્મદ

તને ?

રામદીન

આપણ સૌને, જે નવા કારતૂસ આવ્યા એ ગાય ને સુવરની ચરબી લગાડેલાં છે. (એ વાળ પીંખે છે ને બબડે છે) અમે હતભાગીઓ ભ્રષ્ટ થયા.

(સૌ વજ્ર પડયું હોય તેમ સ્તબ્ધ થઇ જાય છે; કોઇ કાંઇ બોલતું ચાલતું નથી.)

મહમ્મદ

ઓ ! ખુદા તું સાંભળે છે ? અમે એમના ખાતર સંગ્રામો લડયા છીએ, લોહી રેડયું છે, સગા ભાઇનાં ગળાં પર તલવાર ચલાવી છે ને એ અમને દગો દઇ વટલાવી નાંખે છે અલ્લાહ ! આ સાંભળે છે છે ? હું મરી જઇશ તોપને મોંએ બંધાઇશ. પણ એ કારતૂસને અડવાનો નથી.

### રામદીન

હિંદુઓ તમે સાંભળો છો ને ? જે ગાયને માટે દિલીપે દેહને જતો કર્યો, જે ગાયને માટે આજે કરોડો હિંદુઓ પ્રાણ અર્પવા તૈયાર છે, એ જ ગાય તમારા કારતૂસ માટે વઢાય છે ને એની જ ચરબી લગાડેલા કારતૂસ તમારા દાંત વતી તોડવાના છે. આજ સુધી ભૂલમાં, ને હવે તો જાણીને. સાંભળો છો ને ? બહેરા તો નથી થઇ ગયા ? એોલોને ગાય કપાતી હોય તો બહેતર, પણ અમે તો એ ફીરંગીના પગ ચાટવાના.

( ફરીથી એ વાળ પીંખે છે )

ઓહ ! આવો અન્યાય, આવો વિશ્વાસઘાત.

### એક સિપાહી

હિંદુ મુસલમાનને એકસામટા વટલાવી નાખવાની આવી બાજી !

### રામદીન

ભ્રષ્ટ થઇ ગયા હવે ?

### એક સિપાહી

વેર, વેર.

### બીજા સિપાહીઓ

( પડઘો પાડતા હોય તેમ )

વેર વેર.

### મહુમ્મદ

પણ આ ખરેખર સત્ય છે ?

### રામદીન

ત્યારે શું અસત્ય ? હમણાં જ કાસદ આવીને કહી ગયો કે દમ-

દમના કારખાનાવાળાએ જ બારાકપુર છાવણીના સિપાહીઓને કહ્યું કે અમે કારતૂસમાં ગાય ને સુવરની ચરબી વાપરીએ છીએ.

સૌ

ઓહ ! અસહ્ય.

રામદીન

( સ્હેજ ટાઢો પડતાં )

વાત એમ બની કે દમદમના કુવા આગળ એક બ્રાહ્મણ સિપાહી નહાતો હતો, ત્યાં એક મહારે પાણી પીવા લોટો માગ્યો. પેલાએ ના પાડી ને કહ્યું કેઃ "હું બ્રાહ્મણ છું. તને આપું તો વટલાઇ જાઉં.' મહાર દમદમના કારખાનામાં કામ કરતો હશે એને આ ચરબીની વાતની ખબર. એટલે એણે સંભળાવ્યું "વટલાવાની સાફાઇ શીદને કરો છો ? વટલાઇ તો કે' દિવસના ગયા છો. રોજ આ નવા કારતૂસ દાંતે તોડો છો એને ગાય ને સુવરની ચરબી લગાડેલ છે." પેલાંએ તો ગાંડાની માફક દોડીને છાવણીમાં ખબર કર્યાં ને હોહા થઇ પડી, કારખાનામાં તપાસ કરી તો વાત સાચી નીકળી. આજ અઠવાડિયું થયાં છાવણીએ છાવણીએ એ જ વાત ચર્ચાય છે. ને (ધીમેથી) બરાકપુર છાવણીવાળાએ તો કારતૂસને નહિ અડવાના કસમ લીધા છે; હિંદુઓએ ગીતા ઉપાડીને ને મુસલમાનોએ કુરાન ઉપાડીને.

એક સિપાહી

કયો સાચો હિંદુ કે મુસલમાન બચ્યો એને અડવાનો હતો ?

બીજો

ધર્મનું આવું ઘોર અપમાન કોણ સહન કરશે ?

ત્રીજો

અમસ્તા ક્યાંક ખપી જશું એ કરતાં ભલે આમ ખપી જઇએ.

મહમ્મદ

મઝહબને ખાતર શહીદ થશું.

શમ્સદીન

તો પેલી વાતનું શું? શંકરે કહી છે એ? દિવસ નક્કી થયા પહેલાં કેમ ઉઘાડા પડી શકીએ?

મહમ્મદ

એ શંકર વિચારી લેશે, હું તો મારો મઝહબ જાળવીશ. મારાથી આ કારતૂસને ફરી અડાવાતું નથી; ભલે મને તોપને ગોળે ઉડાડે.

શમ્સદીન

એમ શા માટે? કરીએ તો સૌ સાથે જ કરીએ કે ફત્તેહ તો મળે. મહોબ્બતસિંહ તમે શું કહો છો?

મહોબ્બત

શીખો તમો કહો ત્યારે તૈયાર છે, શાર્દૂલનું લોહી પણ હજુ સુકાયું નથી.

શમ્સદીન

બારમીએ પેરેડ ગ્રાઉન્ડ ઉપર જ, જેટલા અફસરો ને સાર્જન્ટો હોય એના ઉપર હલ્લો કરી બંગલા બાળી સીધા ગામમાં ને ત્યાંથી શંકર કહે તેમ......કેમ?

મહમ્મદ

હા.

એક સિપાહી

ગ્રેહામને પહેલાં લેવો.

મહમ્મદ

એ મારા પર નાખો.

બીજો

પેવેલને હું.

ત્રીજો

પોલનો બંગલો હું બાળીશ.

ચોથો

(જતાં જતાં ધીમેથી)

આપણે તો લીઝીને પકડવાના

(મહમ્મદ એનો કાન પકડે છે)

મહમ્મદ

શું બોલ્યો નાલાયક? તારે મન બળવો બદમાશોની લૂંટ હશે ખરું? એવો નાપાક વિચાર પ  કર્યો તો, તું છે ને મારી બંદુક છે; (ધક્કો મારે છે) જા અહીંથી.

(પેલો જાય છે)

શમદીન

એના પર ધ્યાન રાખજો ક્યાંક બંગલા તરફ પગ ન વાળે, એવું લાગે તો (અંગુઠો દબાવે છે) ચાચા આપણે બહાર જઇ આવશું?

મહમ્મદ

ચાલ.

(સૌ વિખરાય છે)

## દૃશ્ય દસમું

સ્થળ— ડેનિયલનો બંગલો.

સમય— રાત્રિના બાર.

પાત્રો— ડેનિયલ, પોલ, ને પછીથી મહોબ્બતસિંહ.

(પોલ દિવાનખાનામાં ખુરશીપર બેઠો બેઠો ચીરૂટ પીએ છે, ડેનિયલ પડખેના ખંડનું બારણું ઉઘાડીને આવે છે.)

ડેનિયલ

(આંખો ચોળતાં)

હલ્લો, આટલી મોડી રાતે કેમ જગાડ્યો ?

પોલ

આપણે બહુ ઊંઘ્યા એટલે.

(ડેનિયલ કાંઇ સમજ્યો ન હોય તેમ તાકી રહે છે)

પોલ

જુઓ, બેસો, તમને ખબર છે કે આખા હિંદુસ્તાનમાં એક ભયંકર કાવતરૂં શરૂ થયું છે ?

ડેનિયલ

ના ના.

પોલ

તમને ખબર છે કે આપણી રેજીમેન્ટમાં પણ એ કાવતરાંખોરો ઘુસી ગયા છે.

ડેનિયલ

( આંખો પહોળી કરી )

ના—ના.

પોલ

તમને ખબર છે કે, આ બારમી તારીખે રેજીમેન્ટ બંડ કરવાની છે ?

ડેનીઅલ

શું કહે છે ? મને જલદી વાત કર; પણ રહેવા દે. પહેલાં પાણી. મારૂં ગળું સુકાય છે.

પોલ

( ઉઠીને પાણી લાવી આપતાં )

સાહેબ, આપણે સહુ એક ભયંકર ખાઇની ટોચે ઉભા છીએ, હમણાં એ ધસી પડશે ને હું, તમે, સૌ, સ્ત્રી ને બાળકો સુદ્ધાં ઉંધા માથે એ ખાઇમાં ગબડી પડશું.

ડેનિયલ

પણ એવું શું છે ?

પોલ

હિંદુસ્તાન આખાની રેજીમેન્ટો એક સાથે બળવો પોકારવાની છે.

ડેનિયલ

( પાણી પીતાં )

પણ શા માટે?

પોલ

આ કારતૂસની જ હોળી ! કાવતરાંખોરોએ એક એવી અફવા ફેલાવી છે કે આ કારતૂસમાં તો ગાય તેમજ—સુવરની ચરબી વાપરવામાં આવી છે, ને એમ કરીને હિંદુ ને મુસલમાનને વટલાવી દેવાની આ યોજના છે.

ડેનિયલ

Horrible intelligence

પોલ

બહુ જ ભયંકર, આપણે પણ કેવા કે બધુંજ સુવ્યવસ્થિત ગોઠવાઇ જાય, તારીખ પણ નક્કી થાય ત્યાં સુધી ખબર જ ન પડે.

ડેનિયલ

( મોં બગાડીને )

વિશ્વાસ મૂકવા માટે સાવ અપાત્ર લોકો.

પોલ

પણ હવે શું કરવું છે?

ડેનિયલ

Shoot them

લ

પણ આજે કાંઇ બેચાર-જણને શૂટ કર્યે પતે તેમ નથી, આ

તો આખી રેજીમેન્ટનો સવાલ છે, કાં તો આ કારતૂસો ખેંચી લઇએ ને કાં તો આખી રેજીમેન્ટ Disarm કરી વિખેરી નાખીએ.

ડેનિયલ

( વિચાર કરે છે. )

કયા શેતાને આ અફ્‌વા ઉડાડી ?

પોલ

એ કેવળ અફ્‌વા નથી, એમાં વજૂદ પણ છે, તમે એ કારતુસ વાપરી જોજો એટલે ખબર પડશે.

ડેનિયલ

તો તો પછી આપણી બેપરવાહી અસહ્ય છે, એમના સૌથી finest sentimentનો પણ આપણે વિચાર ન કર્યો ?

પોલ

(હસીને)

પણ સાહેબ તમારી આ વાત વિચિત્ર છે, એક બાજુ હિન્દુસ્તાનને Christianise કરવાનું નક્કી કરવું ને બીજી બાજુ હિન્દુસ્તાનના sentiment નો વિચાર કર્યા કરવો એ બે વાતને મેળ કયાં છે ? Either do'nt christianise India and lose the Empire or have a strong head and hand.

ડેનિયલ

તમારી વાત સાચી છે; પણ કોઇકવાર ભારે મુસ્કેલી ઉભી થાય છે.

પોલ

આ કેવળ ભારે મુસ્કેલી નથી, અત્યંત ભારે મુસ્કેલી છે.

ડેનિયલ

ઓલીમ્પસ વટાવવા જેવડી. પણ એનો માર્ગ ખરો ?

પોલ

પહેલુ તો આ બાધાનો સચાલક શકર; એને સવારે જ પકડવો. કાલ સવારે પેરેડ રાખવી અને નવા કારતૂસો આપવા, તમારે એક sermon કરવુ કે આમાં જેમ કહેવામાં આવે તેમ ખરેખર ગાયની અગર સુવરની ચરબી નથી. ને પછી જે ન માને તેને કોર્ટ માર્સ્યલ કરવા.

ડેનિયલ

ને આખું લશ્કર ન માને તો ?

પોલ

હથિયાર મૂકાવી વિખેરી નાખવુ.

ડેનિયલ

ને એ જ વખતે બળવો થાય તો !

પોલ

આપણી ગોરી રેજીમેન્ટ ત્યા હાજર હોય. ઉપરાંત હું હમણાં મહેતાબસિંહને બોલાવુ છુ એટલે શીખોની ખબર પડશે.

(ઘંટડી વગાડે છે, એટલે એક નોકર આવે છે)

પોલ

શીખ કેવલરી નં. ૫૭ના નાયક મહેતાબસિંહકો બુલાવ.

(નોકર સલામ કરી જાય છે.)

### પોલ

સાહેબ, બળવાખોરોની મુરાદ એવી છે કે અહીં આપણને સાફ કરી, સૌએ દિલ્હી ઊપડી જવું; ને ત્યાં જઇ હિન્દવી રાજનો ઝુંડો રોપવો. બુઠ્ઠો બાદશાહ પણ આમાં ભળ્યો છે, કેટલાંક, દેશી રાજ્યો પણ આમાં છે. દેશી લશ્કરની ઘણીખરી ટુકડીઓ આમાં ભળી છે, એટલે ક્યારે આગ પ્રગટી આપણને વીંટી વળે એ કહેવાય તેમ નથી. તમે તો ઠીક બૈરાં છોકરાં વિનાના છો. પણ અમારા જેવા કુટુંબવાળાને મુશ્કેલી છે.

### ડેનિયલ

હિંદુસ્તાનની મેંઢા જેવી પ્રજા આટલું બધું કરી શકે, એજ મારી કલ્પનામાં નથી આવતું, ખરેખર આ બધું હોય તો તો ભારે ભયંકર.

### પોલ

હોય તો શું, છે જ. હમણા મહેતાબને પૂછશું એટલે ખબર.

(મહેતાબ અંદર આવે છે, એનો ચહેરો સહેજ ભયાકુળ છે.)

### પોલ

અહીં બેસ, મહેતાબ, જરીએ ગભરાતો નહિ, શીખો ને અંગ્રેજ તો નાના મોટા ભાઇ કહેવાય.

(મહેતાબ એક ખુરશી ઉપર બેસે છે.)

### પોલ

જો અમને પાકે પાયે ખબર મળ્યા છે કે આપણી આખી રેજીમેન્ટ બળવો કરવાની તૈયારી કરે છે. એમણે તારીખ પણ નક્કી કરી છે. કહું ?

(મહેતાબ નીચું જોઇને બેસી રહે છે.)

પોલ

આ મહીનાની બારમી તારીખ, ખરૂં ? અમને બધા અફસરોને તે દિવસે પેરેડ ઉપર કતલ કરવા, પછી બંગલા બાળવા ને પછી, પછી કહું ? બોલ તો ખરો ?

ડેનિયલ

(દિલગીરીભર્યા સ્વરે)

તને આવી કુબુદ્ધિ કેમ સુઝી મહેતાબ ?

મહેતાબ

(નીચું જોઇને)

તમારા કરતૂકે સુઝાડી, નહિતર શીખ બચ્ચો બેઇમાન નથી થતો.

પોલ

અમે શું કર્યું છે મહેતાબ કે અમને, અમારા બૈરાં છોકરાંને ઘાસ જેમ વાઢી નાખવાનો ઇરાદો સુઝયો ?

મહેતાબ

બૈરાં છોકરાંની કતલ કરવાની વાત મેં ક્યાંયે સાંભળી નથી, તમારી વિરુદ્ધ બળવો કરવાનું સૌએ નક્કી કર્યું છે ને એમાં કાં તો તમે કતલ થઇ જાઓ ને કાં તો અમે.

પોલ

રોષે ન ભરા મહેતાબ, પણ અમારી સામે બળવો કરવાને તને ને તારા શીખોને શું કારણ મળ્યું ?

મહેતાબ

શું કારણ ? જુઓ ગઇ કાલે સવારે જ શાર્દૂલને ખરે બપોરે સૌના દેખતાં તમારો સાર્જંટ બંદુકે દે છે ને શું કારણ મળ્યાનું

પૂછો છો ? કારણ એક હજાર ને એક છે, તમારે એને સાંભળીને શું કામ છે ?

### પોલ

શાર્દૂલની વાત કરતો હો તો એના માટે હું દિલગીર છું. એ સાંભળ્યું ત્યારે જ મેં ગ્રેહામને ખખડાવેલો ને ટ્રીબ્યુનલે પણ ગ્રેહામને શું કર્યું એ તમે શું જાણો,–ને શાર્દૂલને ઘેર વર્ષાસન પહોંચાડવાનું તો હું આજે જ લખીને આવ્યો છું; ગ્રેહામની વતી તું કહેતો હો તો હું માફી માંગું, અરે આ બડા સાબ માગે પણ એ એક કારણ-સર તારા જેવા નિમકહલાલ માણસ આમ અણીને ટાંકણે દગો દે એ શોભાવાળું કામ નથી, હવે તારા આગળ ખાનગી રાખીને શું કરવું છે ? તને પણ ખબર છે કે સામ્રાજ્ય આજે જોખમમાં છે. હિંદુ ને મુસલમાન આજે એક થઇને આ કંપનીના રાજ્ય ઉપર ઘા કરવા તૈયાર થયા છે; એ વખતે હું કંપનીનો એક પ્રતિનિધિ શીખોની પાસે આટલા વર્ષોની દોસ્તીને દાવે મદદ માગું છું, હાથ લંબાવું છું; તારા જેવો શીખ એ નહિ સ્વીકારે ?

### મહેતાબ

તમને મદદ કરીને શું કરે ? તમે બદલો શું આપો ? આ ચરબીવાળા કારતૂસને ?

### પોલ

એ વિષે હું નહિ કહું. પૂછ આ ડેનિયલ સાહેબને.

### ડેનિયલ

(મુંઝાતા હોય તેમ)

મારા ઉપર વિશ્વાસ છે ને ? હું ઇસુના કસુમ ખાઇને કહું છું કે એ કારતૂસમાં એવું કાંઇ હોવાને કારણ નથી, એ સરકારના કોઇક દૂષીલાએ સાવ જૂઠી અફવા ઉડાડી છે.

મહેતાબ

અમે સૌ તો એને સાચી માનીએ છીએ.

ડેનિયલ

મારાં દુર્ભાગ્ય કે જેને હું મારા પેટના દીકરા જેવા ગણુ છુ, જેની જોડે મે કાંઇ ભેદ રાખ્યા સિવાય વર્તાવ રાખ્યો છે, એ જ મારો વિશ્વાસ નથી કરતા; ઇસુના કસમથી બીજા કોઇ આકરા કસમ મારી પાસે નથી એટલે શું કરૂં ?

પોલ

પણ તને વિશ્વાસ ન પડતો હોય તો એ કારતૂસ તું ને તારા ટુકડીવાળા નહિ વાપરતા, પછી કાંઇ છે ?

મહેતાબ

એમ હોય તો બધાને બોલાવીને વાત કરો.

પોલ

બધાને બોલાવવાની વાત જવા દે, તને તો એટલા માટે બોલાવ્યો છે કે તારી જોડે મેં પચીસ સંગ્રામો ખેડયા છે, કઇંક મેદાનો ઉપર જોડાજોડ તલવારના ઘાવ ને બંદૂકની ગોળીઓ ઝીલી છે, બાકીના તો લૂણહરામ કાવતરાંખોરો છે. એમને તો અમે તોપને મોંએ બાંધવાના. ને તારે યે આ સાચી સલાહ ન માનવી હોય તો જા અમે જોઇએ છીએ કે હિન્દવી રાજ્યમાં તમે કેવાક સુખી થાઓ છો. મુસલમાનોના રાજ્યમાં કૂતરાને મોંએ નખાતા એ ભૂલી ગયા હશો. ગુરૂ ગોવિંદ, ગુરૂ બંદા ને ગુરૂ તેગબહાદુરના હાલહવાલ ભુલી ગયા હશો !

( જાણે મદદ માગતો હોય તેમ ડેનિયલ તરફ જુએ છે )

ડેનિયલ

ભૂલી જ જાય ને ! આપણા રાજ્યમાં એક પણ શીખને એવી હેરાનગતી થઇ હોય તો યાદ આવે ને ! આપણે તો શીખ એટલે માનીતા, પહેલી ખુરસી એમની, લશ્કરમાં તો પહેલા એ, માનચાંદમાં તો પહેલા એ, પછી શાના આગલા દહાડા યાદ આવે કે જ્યારે દિલ્હીની બજારમાં શીખ લાડીલાઓ હાથીને પગે થતા હતા.

પોલ

( મહેતાબને ખભે હાથ મૂકી માયાળુ સ્વરે )

દોસ્ત તને એમ લાગે છે કે મુસલમાન શહેનશાહ તમને દાદ દે ? અંગ્રેજોએ બાદશાહને કબજે કર્યો ત્યાં સુધી મુસલમાનોએ તમને એક ઘડીએ જપવા દીધા છે ? મૂરખ ! એ તો અત્યારે ગરજ છે, સમજે છે કે શીખોને જો હાથમાં ન લીધા તો દિલ્હીના કાંગરા ને કોટ સૂઇને ભોં ભેગા થઇ જાય. એટલે આ તો તમને જાળમાં લેવાની બાજી છે.

મહેતાબ

(આશ્ચર્ય ચકિત વદને)

તમને આ બધું કોણે કહ્યું ?

પોલ

જેણે પેલું કહ્યુ તેણે આ કહ્યું. તને આની નહિ ખબર હોય, પણ તમને આ બધું કહે એવા એ મૂરખ ખરા ને ! એ સાચી વાત કે નહિ કે જો અંગ્રેજોને શીખો મળે તો દિલ્હીના કોટ કાંગરા ઘડીના છઠ્ઠા ભાગમાં ધૂળ ભેગા કરી નાંખે.

મહેતાબ

(સગર્વ)

હા.

પોલ

ત્યારે શીખોને હાથમાં તો રાખવા જ જોઇએ ને ?

મહેતાબ

હા, શીખો વગર એમનું ચાલે નહિ.

પોલ

ત્યારે અક્કલના ખાં જરાક તો વિચાર કરઃ અંગ્રેજો હોય નહિ, હિંદુભાઇનું તો ઠેકાણુ નહિ, એકલા શીખોને ક્યડી નાખવા, કેટલી વાર ?

(ડેનિયલ તરફ જુએ છે.)

ડેનિયલ

અમે તો તને કહેવું હતુ એ કહી નાખ્યું તને પસંદ પડે એ સ્વીકારી લે, આજ સુધી ગમે એવા મોટા અમલદાર છતાં સગા ભાઇના જેવો વ્યવહાર તારી જોડે રાખ્યો છે એટલે આટલું કહ્યા સિવાય નથી રહેવાતું, બાકી તમે સૌ ધારો છો એટલી નિર્બળ કંપની હજુ નથી થઇ.

પોલ

એમ તો દિલ્હી હજુ દૂર છે..............................

ને તે પહેલાં તો કંઇક તોપને મોઢે જશે ને કંઇક ધરો કકળી ઉઠશે, ને અંતે તો થાય તે ખરૂં. બીજાને તો કંપનીનું રાજ, રહે કે જાય એ બેઉ પડખે લાભ છે પણ શીખને ને તો બેઉ પક્ષે નુકશાન છે જો ન જીતે તો છે તે લાભ ગુમાવે, ને જીતે તો તો મુસલમાનો દિલ્હીના તખ્ત ઉપર શીખોનો સત્કાર (!) કરવા ઉભા જ છે.

(થોડી વારે)

જો મહેતાબ કાલે સાહેબ પેરેડ બોલાવે છે, ત્યાં તારા બસો શીખોની કેવલરીને એક બાજુ ઉભી રાખજે. એમને કોઇ કારતૂસ નહિ

બાપે. સામ્રાજ્યને અણીની પળે આજ સુધી શીખોએ બચાવ્યું છે આ વખતે પણ બચાવશોને ? (ખભે હાથ મૂકીને) બોલ તો ખરો ? કતપરનુ યુદ્ધ યાદ આવે છે તારો ઘા સડતો હતો કોઇ સારવાર કરનાર ન હતું. ને હું રોજ ઘા ધોવા આવતો, છેલ્લે દિવસે પાટો બાંધતી વખતે તે મને કહેલું કે "સાહેબ આ ઉપકાર કયે ભવ....

મહેતાબ

(ગુંગળાતો)

રહેવા દો સાહેબ, તમને વચન આપ્યું.

(પોલ ખભેથી હાથ લઇ એ શીખ યોદ્ધાનું મોં ઉંચું કરે છે, એના બેઉ ગાલ આંસુથી ભીનાઇ ગયા છે. ડેનિયલ મોં ફેરવી જઇ નાક છીંકવા ઉઠે છે પોલ હસતો ને સ્થિર છે;)

પોલ

(હસતાં)

સાહેબ, તમે જોયું ને કે અંતરે એ કેવા નિખાલસ આદમી છે, બિચારાને બીજા જ કોઇક ભમાવે છે.

ડેનિયલ

(બબડે છે)

બીજા જ કોક ભમાવે છે.

પોલ

(મહેતાબને)

કાવતરાંનો આગેવાન તો શંકર છે ને ? પેલો સંન્યાસી ?

મહેતાબ

(ઉંચું જોઇ મક્કમ સ્વરે)

ના, એ નથી.

પોલ

અને તો એનું નામ મળ્યું છે, પણ એ તો હું તપાસ કરી લઇશ; તને ખબર છે, કોણ છે તે?

મહેતાબ

(નીચું જોઇ)

મને ખબર નથી.

(પોલ હસીને ડેનિયલ સામું જુએ છે, એ તો હજુ બારી પાસે ઉભા ઉભા નાક છીંકે છે.)

પોલ

ઠીક જા, તુ તારે, સવારે તારી ટુકડીને તૈયાર રાખજે.

( મહેતાબ જાય છે, બારણા આગળ જઇને પાછો ફરે છે. )

મહેતાબ

મારી એક વિનતિ સાંભળશો હજુર?

પોલ

એવો વિવેક રહેવા દે, અમસ્તો જ કહી નાંખને.

મહેતાબ

આવ્યો ત્યારે બળવાખોર હતો એટલે ઉંચી ડોક રાખીને કહેતો હતો, જાઉં છું ત્યારે તમારા એક વખતના ઓશીંગણ તરીકે એટલે નીચું જોઇને જ માગીશ કે આપ જો મને છુટવા દેવા ઇચ્છતા હો તો આ સંબંધમાં ફરી નહિ પૂછતા.

પોલ

શા સંબંધમાં?

મહેતાબ

આ કાવતરા સંબંધમાં. મને નહિ પૂછતા, તમને ઘણા મળી રહેશે.

ડેનિયલ

( બારી આગળથી પાછું ફરીને જોયા સિવાય )

તને નહિ પૂછીએ જા, મહેતાબ.

( મહેતાબ જાય છે )

પોલ

હું ગ્રેહામને કહેવા જાઉં છું કે આર્ટીલરી તૈયાર રાખે, તમે Sermon તૈયાર રાખજો હો.

(હસતો-હસતો જાય છે)

ડેનિયલ

( માથું ધુણાવતાં )

નથી સમજાતું કે શું થાય છે, ......જુવાન છોકરાઓ, એમના નશીબમાં શું યે માંડયું છે, ......પણ પોલ ફક્કડ માણસ છે, એને કાંઇ જ થતું નથી, હુ જ દુર્બળ છુ કે ઘડીકમાં જ ખળભળી જાઉં છું.

( ટેબલ ઉપરથી ચીરૂટ લે છે )

# દૃશ્ય અગિઆરમું

**સ્થળ :** હળધર પાઠીના ઘરનું તુલસીવન.

**સમય :** મધરાતનો.

**પાત્રો :** સગુણા એકલી આંટા મારે છે.

સગુણા

મંદ મંદ વહતા પવન વચ્ચે આ તારલા મઢ્યા આકાશ નીચે અત્યારે ફરવુ એ કેટલું મજાનું લાગે છે; કોઇ બોલે નહિ, ક્યારેક આંબાની ડાળખી હલે, કદળી વૃક્ષોનુ ઝુંડ ડોલે, તુલસીના માંજર હલી, સુવાસ વેરીને ખરી જાય, ક્યારેક એકાદ પંખીનું ગાન શરૂ થાય ને વળી બધું અટકી જાય, બધુ સુમસામ, અબોલ અને સજીવ ઘૌ અને પૃથ્વીએ જાણે તારામૈત્રક માંડ્યું! ને હું એકલી છાની-માની આ જોયા કરૂં, પૃથ્વીને ખબર પડે કે એક માનવી છાનુંમાનું આ બધું જુએ છે તો, ભારે મજા પડે!

પણ હુ આ શું લવરીએ ચડી ગઇ! આવી હતી તો બીજા વિચાર કરવા; મારે નક્કી તો એ કરવું હતું કે પિતાજી ને શંકર બંને ચાલ્યા જાય તો મારે શું કરવું? સ્ત્રી રહી એટલે એકલા તો

રહેવાય નહિ, તેમ શંકર કે પિતાજી જોડે પણ જવાય નહિ; મને ય કોઇક છોકરો બનાવી દે તો બહુ મજા પડે, સહુને એવા પજવું એવા પજવું કે વાત નહિ, (હસી પડે છે) પણ એ તો બનું તે દિવસે. આજે તો છોકરી જ છું. (પોતાના પોષાક સામે જુએ છે.) ને છોકરી તરીકે કાંઇ શોભતી નથી એમ નથી; પણ છોકરાની વાત જુદી, આમાં કાંઇ ઉંચુ માથું રાખીને ફરાય? વિનય ને લજ્જાની પ્રતિમા હોઇએ તેમ કર્યા કરવાનું. પણ ખેર મારો આ લવારો કોણ સાંભળવાનું હતુ. લાવ આ ચોતરા ઉપર ચડીને જોઉ કયાંય મારે રહેવા જેવી જગ્યા છે? (ચોતરા ઉપર ચડીને બેસે છે!) કયાંયે જગ્યા નથી. ચારે બાજુ ફીરંગીનું રાજ છે. આપણે બંધા આ ઘેર જ રહેવાના. ભલેને બળવો થાય કે યુદ્ધ થાય. અહીં બેઠા બેઠા જોયા કરવાના, જોઇએ છીએ. શંકર બહુ બહાદૂરીની વાત કરે છે. તે લડે છે કેવોક. પિતાજી! એમના વિચાર કરતાં હું વ્યથિત થઇ જાઉં છું; જાણે કોઇક ભવ્ય ધવલ હિમ શિખર ઓગળી જતું હોયને; એ બંન્ને જવાના ને હું? કોઇકની જોડે છોકરા તરીકે રહી જાઉં ને એકદા સહસા પ્રગટ થાઉં તો? પણ છોકરો બનાવી દેનાર જાદુગર કયાં શોધવો? (કોઇકના પગનો ખખડાટ થાય છે.)

(ચમકીને)

કોણ?

એ તો હું મોહબ્બત.

(કહીને એક આધેડ શીખ યોદ્ધો આગળ આવે છે.)

સગુણા

(કુદકો મારીને નીચે ઉતરતી)

કોનુ કામ છે?

મહોબ્બત

તમે કોણ ?

સગુણા

હું હળધર વેદપાઠીની કન્યા.

મહોબ્બત

શંકર છે ?

સગુણા

હા.

મહોબ્બત

એને બોલાવો તો જરા.

(સગુણા દોડી જાય છે.)

(ખભાપર પથરાતા વાળવાળો શંકર આવે છે.)

શંકર

કેમ અત્યારે ?

મહોબ્બત

આ બાજુ આવો તો.

(બન્ને એકબાજુ જઇને વાતો કરે છે.)

શંકર

(છુટા પડતાં.)

હું જાઉ છું, પણ હઇશ તો આટલામાં જ, જે કાંઇ મારે કહેવું હશે તે આની મારફત (સગુણાને આંગળી વતી બતાવી) કહેવરાવીશ. ને જવાબ પણ એની મારફત જ.

(મહોબ્બત ડોકું હલાવી જાય છે.)

સગુણા હું અત્યારે જ જાઉં છું ક્યાંક સંતાઇ જવા, કારણ અમલદારોને ખબર પડી ગઇ છે કે હું આ બધાનો સંચાલક છું, એટલે આવતી કાલે એ લોકો મને પકડવાના છે, મને પકડે તો સઘળું ચુંથાઇ જાય, બળવાની તારીખને હજુ પંદર દિવસની વાર છે. એટલે ત્યાં સુધી હું ક્યાંક છુપાઇ જઇશ, તું સમજે છે ને ?

(સગુણા ડોકું હલાવે છે.)

પિતાજી ગમે ત્યાં જાય, તું અહીંઆં જ રહેજે, હું આવીને આજ વખતે મળી જઇશ.

**સગુણા**

પિતાજી કાંઇક બીજી આજ્ઞા કરે તો ?

**શંકર**

તો કહેજો કે શંકરે આમ કરવાનું કહ્યું છે.

**સગુણા**

(નીચું જોઇને)

મારાથી એમ ન બોલાય.

**શંકર**

(ઉતાવળે પગલે વાડાની બારી તરફ જતાં.)

તો ઠીક લાગે તેમ કરજો.

(સગુણા અવાક બની ઉભી રહે છે.)

**સગુણા**

(ભ્રમીતની જેમ)

ચાલ્યા ગયા, એ ?

(બારી તરફ દોડી જાય છે.)

# દૃશ્ય બારમું

સ્થળ : કેન્ટોનમેન્ટનું પેરેડ ગ્રાઉન્ડ.

પેરેડ ગ્રાઉન્ડના ચાર ખૂણે ચાર ટુકડીઓ ઉભી છે. એક બાજુ ગોરાની આર્ટીલરી રેજીમેન્ટ, બીજા બે ખૂણે ગોરા કેવેલરી ને એક ખૂણે શીખ કેવેલરી, ચારે ખૂણે સંગીનોનો કોટ ચળકે છે. આર્ટીલરી રેજીમેન્ટની સન્મુખ તોપોના રેકડા ને મશીનગનો પડયાં છે. મયદાનની વચમાં દેશી કેવેલરી ને દેશી ઇન્ફંટ્રીની રેજીમેન્ટો કવાયત માટે તૈયાર થઇને ઉભી છે. જાણે ભાલા ને તલવારોનું ખેતર ઉગ્યું છે. ચારે ટુકડીની સન્મુખ ડેનિયલ ને પોલ સાહેબ ઘોડેસ્વાર થઇને ઉભા છે.

### ડેનિયલ

(ઉંચા સાદે)

તમારા સૌની આજે એક કસોટી છે. મને એમ કહેવામાં આવ્યું છે કે તમે સૌ એકઠા મળીને બંડ કરવા માગો છો, મારાં બચ્ચાંઓ વિષે એવો અવિશ્વાસ હું કદીએ ન રાખી શકું. તમને મારી કોઇ વાત ન ગમતી હોય તો મને આવીને રૂબરૂ કહી જાવ એમ બને; પણ તમે સૌ એકઠા મળી અમારી સામે બંડ કરો, અમારા ઘર બાળી મૂકો, અમારી ને અમારાં બૈરાંછોકરાંની કતલ કરો, એ હું

માની શકયો જ નથી. એમ માનતાં પહેલાં તો તમારામાંનાં એકાદની ગોળી મારી આ છાતી સોંસરવી નીકળી જાય એ મને ગમે. કારણ કે મેં તમને દુશ્મન તરીકે જોયા હોય તો તમે બંડ કરો એમ માની શકું ને ? તમે તો મારા બેટા છો, હું દુર્ભાગીને એકે બેટો નથી, પણ પ્રભુ મહાદયાળુ છે એણે મને એકને બદલે એક હજાર બેટા આપ્યા છે; તે હજારેને મેં તો સરખા જ ગણ્યા છે, એમાંના કોઇકની માંદગી વખતે મેં સારવાર કરી છે, કોઇકની મુશ્કેલી વખતે મદદ કરી છે, કોઇક આડે રસ્તે જતો હોય તો શિખામણ આપી છે, કોઇને મે દુભવ્યો હોય એવું સ્મરણ નથી તો તમે શા માટે બંડ કરો ? મારી સામે બંડ કરો એ હું માની શકતો જ નથી.

હા, એ હું માનું છું કે તમને સરકાર સામે બંડ ઉઠાવવાની ધૂરી ચડી હોય. મને એમ કહેવામાં આવ્યું હતું કે તમને કોઇકે એવા ભભાવ્યા છે કે નવા કારતૂસોમાં ગાય ને સુવરની ચરબી લગાડવામાં આવી છે, સરકાર આવી જૂઠી ને ભયંકર અફવા ઉડાડનારને શોધી કાઢી યોગ્ય શિક્ષા કરશે. પણ એ દરમિયાન તમારે લેશ પણ આકળા થવાને કારણ નથી, મને એની બરાબર તપાસ કરતાં માલુમ પડ્યું છે કે એને વજૂદ આપવાની જરૂર નથી, એ સાવ જૂઠી વાત છે.

હું તમને સૌને પૂછું છું, અધિકારી તરીકે નહિ, રાતદિવસ તમારી સાથે રહેનાર એક વડીલ તરીકે પૂછું છું કે આવી જૂઠી વાત પર ઇતબાર કરી સરકાર સામે બંડ ઉઠાવવું એ વ્યાજબી વસ્તુ છે ? સરકારે તમને ગામડામાં ભટકતા હતા ત્યાંથી લાવીને હંમેશ માટે એક નિરાંતની નોકરી પર મૂક્યાં. સરકારે તમારામાંથી કેટલાયને માનચાંદ આપ્યા, કેટલાયને ઇનામ આપ્યા. હજુયે સરકાર તમારા ભલા માટે જ વિચારી રહી છે, ત્યારે સરકાર સામે બળવો કરવો એ વ્યાજબી છે ? ઇશ્વરની નજરમાં તમે સ્વામીદ્રોહી નહિ ગણાઓ ?

હિંદુધર્મમાં સ્વામીદ્રોહ એ મહાપાપ લેખાય છે, તેને નરકમાં પણ કોઈ સંઘરતુ નથી, તમે વિનાકારણ તમારા સ્વામી સામે દ્રોહ કરીને ઈશ્વરી શિક્ષાને પાત્ર નહિ બનો? સરકાર તો શિક્ષા કરશે જ પણ ઈશ્વર પણ શિક્ષા કરશે, ને ઈશ્વરની શિક્ષા વધુ ભયંકર હોય છે.

ને બચ્ચાઓ! તમને હજુ ખબર નથી કે ઈશ્વરનો જ એ આદેશ છે કે હિંદુસ્તાન ઉપર અંગ્રેજોએ ન્યાયપૂર્વક શાસન ચલાવવું. અન્યાયપૂર્વક ચલાવશે તો ઈશ્વર જ એનો નાશ કરશે, પણ અંગ્રેજો ન્યાયપૂર્વક જ રાજ્ય ચલાવે છે ને એટલે એમનો ઠેરઠેર વિજય થાય છે. કેવા કેવા સંજોગોમાં અંગ્રેજો વિજયી થાય છે એ ખબર છે? જ્યારે સૌને એમ લાગતું હોય કે અંગ્રેજોના તો બારે વહાણ બૂડ્યાં, અંગ્રેજોનું રાજ્ય હાલ્યું ત્યારે ક્યાંકને ક્યાંકથી ઈશ્વરી મદદ આવી પહોંચી છે. ને યુનીયન જેકની જય બોલાઈ છે, બેટાઓ. ફ્રાંસનો નેપોલિયન દુનિયાને ધ્રૂજાવનારો હતો. દુનિયા એના પગમાં ઝુકતી હતી, એણે હિન્દુસ્તાન લેવાનો મનોરથ કર્યો, મૈસુરના ટીપુ સુલ્તાન સાથે મસલત કરી, વહાણ ઉપાડ્યાં પણ નેલ્સને એની મિટ્ટી હાણાહાણ કરી નાખી, ને એને પાછા ફ્રાંસ પહોંચવું ભારે થઈ પડ્યું. ફરીથી એજ નેપોલિયને ઈંગ્લાંડ ઉપર ચડાઈ કરી, વોટર્લુ આગળ યુદ્ધ થયુ, છોકરાઓ એવું ખુનખાર યુદ્ધ તમે જિંદગીમાં જોયું તો શું પણ સાંભળ્યું એ નહિ હોય. એમાં મરાયલાને દાટતાં જ કંઈક માઈલોની જમીન જોઈ હતી. એ યુદ્ધમાં નેપોલિયન વિજયની અણી ઉપર હતો ઓચીંતાનો રાતે વરસાદ પડ્યો, એનું દારૂખાનું ભિંજાઈ ગયું, એનું લશ્કર એક ઉંડી ખાઈમાં પડીને નાશ પામ્યું ને ફરીથી યુનીઅન જેકનો જેજેકાર વર્ત્યો; તમારા ટીપુ સુલતાને હોલ્કરે ને સિંધીઆએ, પેશ્વાએ ને નિઝામે કઈક વાર માથાં ઉચક્યાં પણ આખરે શું? યુનીયન જેક આગળ માથું નમાવવું પડ્યું, હું અમારી બહાદુરીના વખાણ નથી

કરતો, અમારા કરતાં વધારે બહાદુર શીખો, રજપૂતો ને મુસલમાનો પડયા છે, અમારા કરતાં બાહોશ પણ તમારામાં છે, પણ છતાં એ અંગ્રેજો જીતે છે એટલે હું તો ઇશ્વરી સંકેતના વખાણ કરૂં છું. ને તમને કહું છું કે આ ઉપરથી સાર ખેંચો કે ઇશ્વરનો જ એ આદેશ છે કે અંગ્રેજો ન્યાયપૂર્વક આ દેશનું ને ભવિષ્યમાં જગત આખાનું શાસન કરે.

ને અમારે ન્યાયપૂર્વક શાસન કરવું એ ઇશ્વરી આદેશ છે, એટલે તો તમને ખાત્રી આપું છું કે તમે કારતૂસ વિષે જે શંકા રાખો છો તે નાપાયાદાર છે; અમે, સૌ ને હું તો બહુ ચોક્કસપણે સમજું છું કે હિન્દુઓને ગાય કેટલી પૂજનીય છે, ને મુસલમાનો સુવરને કેવું નાપાક સમજે છે. એટલે વિના કારણ તમારી લાગણીઓ દુભવવાનું સરકારને પણ ન રૂચે ને અમલદાર તરીકે હું પણ એ ન ચાલવા દઉં. એમ હોત તો તો તમારા પહેલાં જ મેં સરકારને અરજી લખી નાખી હોત. પણ એવું કાંઇ છે નહિ. માટે મનમાંથી એ બધું કાઢી નાખી ખેલો, નાચો, કૂદો.

ને મારી આ જાતની ખાત્રી આપવા છતાં જે કોઇને એ કારતૂસ ન વાપરવા હોય તે આગળ આવીને ના ભણી શકે છે. એમના કમનશીબ માટે મને દિલગીરી થશે, કારણ હું જો એમને નહિ સમજાવી શકયો હોઉં તો એમના માટે ભયંકર સજા રાહ જુએ છે, સરકાર રહેમદિલ છે તેમજ શિસ્ત બાબતમાં કઠોર હૈયાની પણ છે. પણ તમે મને કઠોર થવાની ફરજ ન પાડતા. કઠોર થતાં પહેલાં મારે મારૂં રૂંવાડે રૂંવાડું બદલી નાખવું પડશે, મારે કૂટુંબ હોય તો હું તમારા પર કઠોર થઇ શકું, મારે દીકરા દીકરી હોય તો હું તમારા ઉપર કઠોર થઇ શકું; પણ તમે જ મારૂં કુટુંબ છો, તમે જ મારાં દીકરા છો. તમારા પર કેમ કઠોર થઇ શકીશ ?

( ખિસ્સામાંથી રૂમાલ કાઢીપર સેવો લૂછે છે, એક સંતોષની નજર ટૂકડીઓ પર નાખે છે, ઓચિંતાના આગલી ઘોડેસ્વારોની હાર ભેદી ચાર જણા મક્કમ પગલાં માંડતાં આગળ આવે છે, એક મહમ્મદ છે, બીજો રામદીન ને બીજા બે જુવાનિયા છે. )

મહમ્મદ

(સૈન્ય તરફ ફરીને)

દોસ્તો, ડેનિયલ સાહેબની મીઠી જબાન માટે એમનો આભાર. પણ મીઠી જીભથી કાંઇ મારો તમારો ધર્મ પાછો આવવાનો નથી. એમને એ મીઠા વેણ બોલવામાં શું જાય છે? આપણું તો સર્વસ્વ લૂંટાઇ જાય છે, આપણો ધર્મ, આપણી જાત, આપણી નાત, આપણી ઇજ્જત, બધું જ એ કહે છે એમ ભલે કદાચ કંપની બહાદુરનું રાજ્ય રહેવાનું હોય, પણ તો મારે એ કંપની બહાદુરના રાજ્યમા નથી રહેવું. અમારો તો ટૂંકો ને ટચ સવાલ: કાં અમે નહિ ને કાં કંપની નહિ. કંપનીને અમારા ધર્મની પડી નથી, અમારા સુખદુઃખની પડી નથી, તો અમને કંપનીની શું પડી છે? અમે તો અમારી સાથે છેતરપીંડી રમનારા, અમને વાતવાતમાં કાળા કહેનારા, ને ખરે બપોરે ગોળીએ વીંધનારા ફીરંગીઓને મારવાના જ. ભલે એમ કરતાં અમે મરી જઇએ. કોઇ અમરપટો લખાવીને આવ્યું નથી; તો મઝહબને ખાતર શહીદ થવામાં શેનો શોક? આપણે સૌ પચીસ રૂપીઆના પગાર ખાતર આપણા દેશ-બંધુઓના માથાં વાઢીએ છીએ. આ કાયાએ ત્રીશ ત્રીશ સંગ્રામો ખેલ્યા છે: દસ તો એકલા બંગાળામાં જ, આઠ પંજાબમાં ને પાંચ દક્ષિણમાં; લોહી રેડીને કંપની બહાદુરનું રાજ વધાર્યું છે. મારા જ દેશભાઇઓના મોંમાંથી રોટલો ઝૂંટવી લઇ ગોરા સાહેબોના ખોળામાં ધર્યો છે. ગોરા સાહેબોનું વેણ પડ્યું ત્યાં મારૂં શરીર પાથરી દીધું

છે ને બદલામાં મને શું મળ્યું છે? બેઇજ્જતીભર્યો ટૂકડો રોટલો ને સુવાને કંબલ, ને એટલું આપ્યું એમાં એ ડેનિયલ સાહેબ આજ ઉપકાર ગણવા બેઠા છે, એ ભૂલી જાય છે કે અમે ન હોત તો આજ એમને વિલાયતનો કાંઠો જોવાની વેળા પણ ન આવત, આ ખાઇપીને તનમનીઆં કરે છે એ સુકાઇ જાત, કયાંક કાગડા કૂતરાને હાલે રઝળત, ને આજ નિરાંતે ઉભા છે એ પણ આપણામાંના સૌ એમની આડો શરીરનો ગઢ કરીને ઉભા છે ત્યારે; નહિતર આ ગ્રેહામને કયારનો ગુડી નાખ્યો નહોત? પણ હવે એમનો ઘડો ભરાઇ ચૂકયો છે, એમનાં પાપ પોકારે છે.

(એ કુદીને પોલ પર તલવારનો વાર કરે છે. રામદીન ને બાકીના ત્રણ જણ પણ કૂદે છે. ઘડીકવાર આકાશમાં વીજળીના લીસોટા તણાય છે, એક બે ધડાકા ને ખલાસ; ચારે જણ અલમસ્ત ને પહાડી શીખો ને સાર્જંટો નીચે ગૂંદાતા હોય છે. ચારે ખૂણે ઉભેલું લશ્કર સહુને ઘેરીને ઉભું છે. તોપોના મોં ભરાતાં હોય છે. મશીનગનની કડકડાટી બોલે છે ને એ બધા ઘમસાણ વચ્ચે પોલનો ચોકખો નિશ્ચયાત્મક અવાજ સંભળાય છે. ઇન્ફ્રંટ્રી નં. ૫૭,૫૯ ને ર૭; કેવલરી નં. ૧૩ હથિઆર રખ દે, મેં જનરલ ડેનિયલ કા નામસે ઉસકો disband કરતા હું.” ને એક સાથે ખેતરનો પાક ઢળી પડે તેમ ખણણણ ખણણણ કરતાં હથિઆરો નમી જાય છે; મહમ્મદ “ઓહ દગા”ની બૂમ મારે છે. એના ખભામાં કોઇકે કીરીચનો વાર કર્યો છે. રામદીનનું માથું ફૂટી ગયું છે, પણ એ શાંત છે. ભાલા મૂકી દેતાં ઘોડેસ્વારો સામે જોઇ ધીરૂં ધીરૂં હસે છે, જાણે કહેતો હોય ને “શાબાશ”

## દૃશ્ય તેરમું

સ્થળ : ગામનું બજાર

સમય : તે જ દિવસની સાંજ

(વિખેરી નાખેલ સિપાહીઓનાં ટોળાંના ટોળાં, ગામની બજારમાં ભટકે છે. કોઈના હાથમાં ડાંગ છે, તો કોઈના હાથમાં ધારિયું, કોઈએ જૂનીપાની તલવાર લીધેલી છે. સૌ વાતો કરતાં જાય છે. બજારમાં લોકો એક બીજા સાથે અથડાઈ મરે એટલી ભીડ છે. ઉશ્કેરાટને બૂમાબૂમ પણ પાર વગરનાં છે.)

**એક સિપાહી**

શંકર ક્યાં છે શંકર ?

**બીજો**

ખબર નથી, એ તો મુકરર વખતે બહાર આવશે.

**ત્રીજો સિપાહી**

પણ ત્યાં તો આંહી બધું પતી ગયું હશે.

**ચોથો**

શાનું વળી ?

**ત્રીજો સિપાહી**

અરે ! આ રામદીન ને એ તો ત્યાં ખલાસ થઈ ચૂક્યા હશે.

ચોથો

શું કહે છે ?

ત્રીજો

હા, કહે છે કે આવતી કાલે તો એ બધા તોપને મોંએ બંધાશે.

એક સિપાહી

(ઉશ્કેરાયલો)

ઉભા રહો, ઉભા રહો. સાંભળતા જાઓ.

(આવનાર જનાર સ્ત્રી પુરુષો ને સિપાહીઓનાં ટોળાં ઉભાં રહી જાય છે.)

સિપાહી

(હાથ લંબાવીને ફાટી જતા સાદે)

સાંભળો, સાંભળો, તમારા પ્યારા શહીદો આવતી કાલે તોપને મોંએ બંધાશે, આવતી કાલે એ ગુલાબના ગોટા જેવા ચોત્રીશ જુવાનોનાં દેહના ફુરચેફુરચા ઉડી જશે ને તમે બધા આંહી નિરાંતે વેપાર ધંધો કરશો. તમારા સારૂ થઇને એ બધા કૂતરાંને મોતે મરશે ને તમે નિરાંતે ગાડી ઘોડામાં મા'લશો. (હાથ લંબાવીને) ઓ ! ભગવાન તુ કયાંક હો તો સંતાઇ જજે, નહિતર તારે શરમાવું પડશે. અરે ! મંદિરના બારણાં તમે વસાઇ જજો નહિતર મૂર્તિઓ અમને બધાને જોઇ અપવિત્ર થઇ જશે, અમે હિચકારા ! બાયલાઓને પવન પણ સ્પર્શ ન કરે તો સારૂં, નહિતર એ પણ દુર્ગંધિત થઇ જશે.

(એ ગાંડાની માફક ચારેબાજુ જુએ છે.)

એક સ્ત્રી

(ટોળાંમાંથી) ૨૦૪૩૯

અરે ! મારા વીરા ! તું નાહકની બૂમો મારે છે. એ બધાથી માખી પણ મરાવાની નથી. (ટોળા તરફ જોઇ પહેરેલ ચૂડીનો ઘા કરે છે.) આ પહેરો, આ મોટા પાઘડાં શું બાંધો છો? (બોલનાર સિપાહીનો હાથ પકડી) ચાલ, મારા ભાઇ, આપણે બે જણ જઇશું. છોડાવશું નહિ, તો સાથે મરશું તો ખરા.

બોલનાર સિપાહી

સાચું, ભાઇ સાચું. બોલો ભારત માતકી—

લોકસમુદાય

(આકાશ ચીરી નાખે તેવા કંઠે)

—જે.

(ગાંડાની જેમ પેલી સ્ત્રીનો હાથ પકડી પેલો સિપાહી ચાલવા માંડે છે ફાટતે સ્વરે ગાય છે.)

*શહીદોં કો દેખ જાગો, ઘરઘરસે આજ ભાગો;
મૃત્યુ કી ભેટ માંગો, જંગ કા ડંકા બજા.

(લોકસમુદાય ને સિપાહીઓ એ બન્નેની પાછળ ધસે છે, સૌ ગીત ઝીલે છે.)

શહીદોં કો દેખ જાગો, ઘરઘર સે આજ ભાગો;
મૃત્યુ કી ભેટ માંગો, જંગ કા ડંકા બજા.

(શેરીને નાકેનાકેથી લોકજૂથ, લાકડીઓ, ધારીઆં, તલવાર, બંદૂક લઇને જોડાતાં જાય છે. બધા લલકારે છે:)

મૃત્યુ કી ભેટ માંગો, મૃત્યુ કી ભેટ માંગો.

માનશંકર

(ઓટા ઉપરથી ઉતરતાં)

* આ બે લીટીઓ એક સ્નેહીની છે.

જાગ્યા ! મારા પ્રભુ આખરે જાગ્યા ! એલા લીલચંદ, ગુમી લેતો આવજે.

### લીલચંદ

આવ્યો દાદા.

(બન્ને જણ સમુદાયમાં ભળી જાય છે)

(ઓચિંતાની ચીસ ઉઠે છે)

અલ્યા, ફીરંગી,

(બીધેલા હરણાંની માફક નાસતા એક ફીરંગીની પાછળ દોડી લોક એને ખેંચી લાવે છે.)

### એક જણ

મારો ફીરંગી કો.

### બીજો જણ

મારો ગોરા કો.

### અવાજો

મારો, મારો, મારો.

(બરછી, ભાલા, ને ધારીઆના ઘાએ ગોરાના શતશત ટુકડા થઇ જાય છે. લોકોની બૂમાબૂમમાં એની છેલ્લી ચીસ ડુબી જાય છે)

### અવાજ

કોર્ટ તરફ વળો.

### બીજો અવાજ

તિજોરી તરફ.

### અવાજો

ના, ના, ગોરા સહુ કેમ્પમાં સંતાઇ બેઠા છે ત્યાં.

સિપાહીઓ

કૅમ્પનું મેગેઝીન લૂંટો.

(વંટોળ વેગે લોકનું ટોળુ પસાર થઇ જાય છે. પાછળ સ્ત્રીઓ સાંબેલાં લઇને દોડે છે. એની પાછળ જુવાન છોકરાઓ છે, તેની પાછળ નાના છોકરાઓ ગાતાં ગાતાં નીકળે છે.)

રોટલો કુચ્ચો
ફીરંગી મારો બચ્ચો

આંગણામાં કૂવો
ફીરંગી મુઓ

(દોડતી દોડતી સગુણા પ્રવેશ કરે છે)

સગુણા

(એક છોકરાને)

બધા ક્યાં ગયા !

છોકરો

કૅમ્પમાં, કૅમ્પમાં.

(ઉપાડાબંધ કૅમ્પ તરફ દોડી જાય છે.)

# દૃશ્ય ચૌદમું

સ્થળ : ડેનિયલનો બંગલો.

(ડેનિયલ ને પોલ વાતો કરતા હોય છે.)

### ડેનિયલ

તું કહેતો હતો પણ સૌએ ચુપચાપ હથિયાર નમાવી દીધાં. રકઝક તો કાંઇ ન કરી.

### પોલ

એ સમય પારખી ગયા. જોયું કે આજુબાજુ હથિયારોનો કોટ છે, ફાવીએ એમ નથી, એટલે હથિયાર મૂકીને ચાલ્યા ગયા, તો પ બદમાશો તો નીકળ્યાં.

### ડેનિયલ

એમનું શું કરવું છે ?

### પોલ

મેં એહોમને કહ્યું છે કે તોપો તૈયાર રાખે.

### ડેનિયલ

પણ એ બહુ ભયંકર સજા છે; તે આટલા બધાને ? તને વધારે પડતું નથી લાગતું ?

ડેનિયલ

આ આપણા અનુચિત વ્યવહારનું.

(દૂર સાગર તોફાને ચઢયો હોય તેવો અવાજ આવે છે. આછી આછી બૂમો સંભળાય છે : "મારો શીરંગાફો")

પોલ

(સહસા ઉઠતાં)

Oh my lord ! યે ક્યા !

(બૂમ વધુ ને વધુ પાસે આવતી જાય છે. જ્વાલામુખી ફાટયો હોય તેવો ભયંકર ધડાકો સંભળાય છે, પથરા અને ધૂળથી વાતાવરણ ભરાય છે, ચિચિયારી અને બૂમાબૂમ વધે છે.)

ડેનિયલ

પોલ

મેં તમને નથી કહ્યું કે Strong head and strong hand. આજે બીજું કાંઇ થાય જ નહિ; તમે સહેજ મોળા પડ્યા એટલે આ બધા માથે ચડી બેસશે. આજે તો એવા બેસારી દો, કે ફરી ઊઠે જ નહિ.

ડેનિયલ

પણ કેટલાક તો સાવ જુવાન છે.

પોલ

ટુંક મુદતની ક્રૂરતા એટલા માટે ધારણ કરૂં છું કે પછી લાંબા વખત સુધી ઢીલો પંજો મૂકીએ તો એ વાંધો ન આવે; આજે જો ઢીલું મૂકયું તો પછી લાંબા વખત સુધી ક્રૂર થવું પડશે. આથી વધારે સંખ્યામાં કતલો કરવી પડશે, નહિતર A moment's cruelty for permanent compassion.

( સંમતિ આપતો હોય તેમ ડોકું હલાવે છે. )

ડેનિયલ

ગામવાળા બધા અહીં આવી ગયા ખરૂં ?

પોલ

હા, અહીં આપણી વચ્ચે તો ખરા.

( બન્ને થોડી વાર મૂંગા રહે છે )

ડેનિયલ

તને શું લાગે છે ? આ બધાનું શું પરિણામ આવશે ?

પોલ

શાનું ?

ડેનિયલ

આ આપણા અનુચિત વ્યવહારનું.

(દૂર સાગર તોફાને ચડયો હોય તેવો અવાજ આવે છે. આછી આછી બૂમો સંભળાય છે : "મારો ફીરંગીકો")

પોલ

(સહસા ઉઠતાં)

Oh my lord ! યે કયા !

(બૂમ વધુ ને વધુ પાસે આવતી જાય છે. જ્વાલામુખી ફાટયો હોય તેવો ભયંકર ધડાકો સંભળાય છે, પથરા અને ધૂળથી વાતાવરણ ભરાય છે, લોકોની ચિચિયારી અને બૂમાબૂમ વધે છે.)

ડેનિયલ

Revolution.

પોલ

Rebellion.

ડેનિયલ

તું જલદી જા, પોલ, ઘેર પહોંચી જા.

પોલ

નાહ. રેજીમેન્ટો તરફ, બધાને એકઠા કરીએ.

(બન્ને બહાર નીકળે છે; મકાનો તૂટવાના અવાજ સંભળાય છે.)

પોલ

They have gone mad.

(એક બાજુથી દોડતો દોડતો મહોબ્બત આવે છે.)

મહોબ્બત

( શ્વાસભેર )

સાહેબ, આ તરફ—મારી પાછળ

પોલ

( કડક સ્વરે )

કઇ તરફ ?

મહોબ્બત

( હાથ પકડીને )

જહાન્નમમાં, હમણાં આ તરફ, જંગલમાં.

પોલ

( હસીને શાંતિથી )

મહોબ્બત, ડેનિયલ સાહેબે આજે નેલ્સનને સંભાર્યો હતો. એણે પોતાના વાવટા પર લખાવ્યું હતું કે: ઇંગ્લાંડ આશા રાખે છે કે એક એક અંગ્રેજ એની ફરજ બજાવશે. આપણે રેજીમેન્ટો તરફ જવું જોઇએ ખરું, જનરલ ?

ડેનિયલ

હા.

( પગલાં ઉપાડે છે, મહોબ્બત બન્નેનો હાથ ઝાલી રાખે છે. )

મહોબ્બત

પણ સાહેબ, રેજીમેન્ટો તો ક્યારની સળગી ઉઠી. જુઓ, આ લા લાગી. હમણાં ભડકા આકાશે પહોંચશે.

( દૂર દૂર સંધ્યા ઉઘડતી હોય તેમ લશ્કરી બરાકોની હારમાળા સળગતી હોય છે, ભૂસંરાણ સંભળાય છે: 'મારો ફીરંગીકો' )

ડેનિયલ

પોલ, તું ફરિદપુર નાસી જા. ત્યાં ખબર આપ, હું બધા પાસે જઈશ.

પોલ

( સળગતા બંગલાઓ તરફ આંગળી ચીંધી )

ને આ બધાના–શા હાલ ?

મહોબ્બત

એ બધા તો ક્યારના ખતમ થઇ ચૂક્યા સાહેબ. થોડાક જીવતા ને જીવતા શેકાઇ જશે ને બાકીના એ બધાને હાથે.....

પોલ

( ચમકીને ગાંડાની જેમ )

મારી માર્ગરેટ, ઇલીઝા, રેની એ બધાં–

(એ દોટ મૂકે છે. ડેનિયલ ને મહોબ્બત પણ પાછળ દોડે છે.)

# દૃશ્ય પંદરમું

(ગોરા અમલદારોના બંગલા ભડભડ ભડભડ બળે છે. થોડાક જણા એમાંથી સાલસત્તા ખેંચે છે, એક ટોળું કિકિયારી કરતું સળગી ઉઠેલા મેગેઝીનમાંથી હથિયારો ઢસડી લાવે છે. સૌથી મોટો સમુદાય પકડી લાવેલા ગોરાઓની આજુ બાજુ ટોળે વળ્યો છે; ગોરાઓમાંના ઘણાખરાનાં અંગ લોહિયાળ છે. એમને ઠેરઠેર ઘા વાગ્યા છે. આઠદસ ભયત્રસ્ત સ્ત્રીઓ પણ ઉભી છે. રામદીન થોડાક જણની મદદથી ગોરા પુરુષોના હાથ બાંધતો હોય છે. લોકો વારંવાર બૂમો પાડયા જ કરે છેઃ 'મારો ફીરંગીકો, મારો ફીરંગીકો')

એક જણ

(દૂર નાસી જતા ગોરાને ચીંધી)

એ પણે ભાગ્યો જાય, દોડો.

( મારો, મારો, કરતું એક ટોળું દોડે છે. )

એક સ્ત્રી

(હાથ લાંબા કરતી)

મારા પીટયા બહુ પીડતા'તા. લેતા જાવ. આજ તમારો ઘડો ભરાઈ ગયો છે. મારો ભગવાન કાંઈતું સાંખી શકતો નથી.

એક વેપારી

(બાંધેલા ગોરામાંના એકને લાત મારતો)

આ સાલો મારી દુકાન લૂંટવા આવ્યો'તો, મફત ખાવું છે. ખા, ખા.

(લાતો મારે છે)

(લોકોમાંથી એક જણ આગળ આવે છે. એણે લશ્કરી પોષાક પહેર્યો છે. ઓટલા પર ચડી ગભીર સ્વરે એ કહે છે.)

પ્રજાજનો ! મને ઓળખ્યો ?

(ફેંટો ઉતારી લે છે, કાળા રેશમી વાળ ખભાપર લચી પડે છે.)

· શમસદ્દીન

શંકર આવી પહોંચ્યા ?

શંકર

(હસતે મુખે હા ભણી)

શહેરીઓ, આ બળવો કરવાનાં લક્ષણ ન હોય. આપણે લૂંટવા ને ખુન કરવા નથી આવ્યા. આપણે વિપ્લવ કરવા આવ્યા છીએ. આપણે લોહી તરસ્યા નથી. આપણે જંગલી પણ નથી. આપણને સ્વાધીનતાની તરસ છે. આપણે સ્વાધીનતાના સેનાની છીએ. ખબરદાર ! મારા હુકમ સિવાય એક પણ જણ એક પણ ફીરંગીને આંગળી ન અડાડે. એમનું જે થવાનું હશે તે આપણી અદાલત કરશે. એ પહેલાં જે આંગળી પણ અડાડશે એ સ્વરાજ્યનો ગુનેગાર લેખાશે.

ફીરંગીના રાજ્યમાં જો એને માટે એક ફટકાની સજા થતી હશે તો સ્વરાજ્યમાં પ્રાણ દંડ થશે. સ્વરાજ્યનું નિયમન વધૂ કઠોર છે, કારણ કે સ્વરાજ્ય એ કાંઇ નાલાયકોનું રાજ્ય, નહિ બની શકે. જાઓ. કામે વળગો ને (નીચે ઉતરતાં) ફીરંગી સાહેબો, તમે પણ ધ્યાન રાખજો કે તમે હવે અફસરો નથી, પણ કેદી છો. આ બધા હવે તમારા ગુલામો નથી પણ

એક સ્વતંત્ર પ્રાંતના નાગરિકો છે. એમના પ્રત્યે કેમ વર્તવુ એ તમને શીખવવું નહિ પડે, કારણ તમે યે એક સ્વતંત્ર દેશમાં જ ઉછર્યા છો.

લોકો

આ આવે બે સાહેબ.

શમદીન

એ તો ડેનિયલને પોલ સાહેબ. મહોબ્બત પણ છે.

(લોકો બૂમ પાડે છે.)

એ પેલી ત્રણ સ્ત્રીઓ ને છોકરીઓ ભાગી. એ જાય, જાય, સાથે કોઇક આપણી બાઇ પણ છે.

લોકો

એ જાય, એ જાય, દોડો.

(સૌ એ તરફ જુએ છે. પોલને પકડી લાવનારા પણ એ તરફ ફરે છે. ત્યાં એ છટકીને ભાગે છે.)

પોલ

(જતાં જતાં)

માર્ગરેટ જાય છે, હું એ જાઉં છું.

લોકો

આ પણ ભાગ્યો, પકડો એને. દો—દો.

(પોલ વીજળી વેગે દોડે છે. પાછળ મહોબ્બત છે, એની પાછળ લોક સમુદાય છે.)

શંકર

(મોટેથી)

મહોબ્બત પકડજે એને.

મહોબ્બત

(હાથ ઉંચો કરી મોટેથી)

સારૂં.

(પાછલા લોકો સહેજ ધીમા પડે છે. ત્યાં બન્ને જણ અદૃશ્ય થઇ જાય છે.)

શંકર

(મનમાં)

મારો ભ્રમ તો ન હોય, પણ એ જ. ભૂલ કેમ થાય! (પ્રગટપણે રામદીનને) પેલી ત્રણ બાઇઓ નાઠી એની જોડે આપણી એક દેશી બાઇ હતી એ કોણ હતી? તારૂં ધ્યાન હતું?

રામદીન

મને ખ્યાલ નથી કોણ હતું, આટલે દૂરથી કેમ ઓળખાય? કો'ક નોકરડી હશે.

શંકર

સગુણા અહીં આવી હતી?

રામદીન

ખબર નથી; હળધર વેદપાઠી ખપી ગયા.

શંકર

કોણ શાસ્ત્રીજી? કેમ કરીને?

રામદીન

એ પણ આ ટોળાની જોડે જ હતા. પહેલાં સૌએ જેલ તોડી, પછી મેગેઝીન પર ગયા, પણ ત્યાં તો વોલ્ટેર ને વીલિયમ બંને બેઠા હતા. લોકોએ એમને મનાવ્યા, પણ એ મેગેઝીન પરથી ન ઉતર્યા.

એ તો કહે કે નજદીક આવશો તો 'દારૂગોળામાં દિવાસળી ચાંપશું, તમે ને અમે બધા ય ઉડી જઇશું. સૌ મૂંઝાયા હતા. શાસ્ત્રીજી એ દરમિયાન પાછળની બાજુથી ઠેકી પડયા. બન્નેને પકડવા ગયા ત્યાં એકે જામગરી ચાંપી દીધી. હડૂડુડુહટ.

શંકર

શાબાશ ! મરદો ! શાસ્ત્રીજીને પણ લેતા ગયા.

રામદીન

મરદ તો ખરા !

શંકર

ખરા જવાંમર્દ. પછી શાસ્ત્રીજીનું પ્રેત ?

રામદીન

ત્યાં ક્યાં પત્તો ખાય? એ તો ફૂરચેફૂરચા થઇને ઉડી ગયું હશે. (બાંધતા) કેપ્ટન સાહેબ, જરા સરખા ઉભા રહો નહિતર વધારે દુઃખશે. અરે ગ્રેહામ, તું આવી ગયો છે? શંકર, તમારે આને માટે તો મને રજા આપવી પડશે.

શંકર

શાની ?

રામદીન

(ગળાં પર હાથ મૂકીને)

મેં મહમ્મદ ચાચાને છેલ્લી ક્ષણે બોલ આપ્યો છે.

શંકર

(ડોકું ધૂણાવી)

ના, ન બને. આપણે સૌએ ઇશ્વરને બોલ દીધો છે, એ પહેલાં પાળવાનો. અદાલત...

ડેનિયલ

(વચમાં)

તું કોણ છે, જવાન ?

શંકર

જનરલ, મને નથી ઓળખતા, રામદીન ? (ડેનિયલને) મારું નામ શંકર.

ડેનિયલ

(એકીટશે જોઇ રહીને)

જવાંમર્દ છો !

(મકાન તૂટવાનો પ્રચંડ અવાજ આવે છે. કડડડ ભૂસ્સ. શંકર બૂમ મારે છે.)

શંકર

એ હવે બહુ બાંગફોડ કરી, ચાલો કામે વળગો.

(ટોળું ગાતું ગાતું જાય છે: જંગકા ડંકા બજા.)

## દૃશ્ય સોળમું

સ્થળ : હળધર શાસ્ત્રીનું ઘર.

( સગુણા, માર્ગરેટ, ઇલીઝ, રેની ને પોલ ઉભાં છે. પોલે માર્ગરેટનો હાથ ઝાલ્યો છે. એ કાંઇક બબડતો હોય છે. )

સગુણા

સાહેબ, તમે જલદી ચાલ્યા જાઓ, નહિતર હમણાં પેલા આવી પહોંચ્યા સમજો.

પોલ

(બબડે છે)

Wolves.

સગુણા

હું તમારી ભાષામાં નથી સમજતી. પણ કહું છું, જલદી દોડવા માંડો. અહીં ન રોકાઓ.

પોલ

પણ આ બધાનું શું ?

સગુણા

એ બધાને મને સોંપો. તમે એની ફિકર છોડી નાસી જાઓ.

પોલ

એક સ્ત્રીને બીજી સ્ત્રીના હાથમાં સોંપીને નાસી જાઉં ?

સગુણા

સાહેબ, એક સ્ત્રીની આબરૂ સ્ત્રીના આશરા હેઠળ હોય ત્યારે વધારે સલામત છે, માટે ચિંતા રાખ્યા સિવાય જાઓ.

પોલ

પણ પછી તમારા શા હાલ ? આ વરૂઓ તમને પણ ફાડી ખાશે.

સગુણા

ને શું તમે હશો એટલે બચી જઇશું ? ઉલટા તમે હશો તો એ બધા વધારે ચીડાશે. નહિતર એકલી સ્ત્રીઓને જોઇને એ નહિ રંજાડે. હિંદુસ્તાનીઓ એટલા બધા હીન નથી થયા.

પોલ

( કચવાઇને )

પણ આવડા મોટા ઉપકાર નીચે આવવું મને ગમતું નથી.

## દૃશ્ય સોળમું

સ્થળ : હળધર શાસ્ત્રીનું ઘર.

( સગુણા, માર્ગરેટ, ઇલીઝ, રેની ને પોલ ઉભાં છે. પોલે માર્ગરેટનો હાથ ઝાલ્યો છે. એ કાંઇક બબડતો હોય છે. )

સગુણા

સાહેબ, તમે જલદી ચાલ્યા જાઓ, નહિતર હમણાં પેલા આવી પહોંચ્યા સમજો.

પોલ

(બબડે છે)

Wolves.

સગુણા

હું તમારી ભાષામાં નથી સમજતી. પણ કહું છું, જલદી દોડવા માંડો. અહીં ન રોકાઓ.

પોલ

પણ આ બધાનું શું ?

સગુણા

એ બધાને મને સોંપો. તમે એની ફિકર છોડી નાસી જાઓ.

પોલ

એક સ્ત્રીને બીજી સ્ત્રીના હાથમાં સોંપીને નાસી જાઉ ?

સગુણા

સાહેબ, એક સ્ત્રીની આબરૂ સ્ત્રીના આશરા હેઠળ હોય ત્યારે વધારે સલામત છે, માટે ચિંતા રાખ્યા સિવાય જાઓ.

પોલ

પણ પછી તમારા શા હાલ ? આ વરૂઓ તમને પણ ફાડી ખાશે.

સગુણા

ને શું તમે હશો એટલે બચી જઇશું ? ઉલટા તમે હશો તો એ બધા વધારે ચીડાશે. નહિતર એકલી સ્ત્રીઓને જોઇને એ નહિ રંજાડે. હિંદુસ્તાનીઓ એટલા બધા હીન નથી થયા.

પોલ

( કચવાઇને )

પણ આવડા મોટા ઉપકાર નીચે આવવું મને ગમતું નથી.

સગુણા

(ગુસ્સાથી)

જુઓ ! પેલા લોકોનો અવાજ આવ્યો. ચાલ્યા જાઓ છો કે નહિ ? માનજો કે મારે ભરોસે નહિ પણ ઇશ્વરને ભરોસે છોડ્યા હતા. માર્ગરેટ બહેન, એને સમજાવો ને, નહિતર એમની જોડે તમે સૌ પણ ચીંખાઇ જશો.

માર્ગરેટ

પોલ, તું જા, ઝટ જા, ઓ, પેલા લોકો દેખાયા.

# દૃશ્ય સોળમું

સ્થળ : હળધર શાસ્ત્રીનું ઘર.

( સગુણા, માર્ગરેટ, ધલીઝ, રેની ને પોલ ઉભાં છે. પોલે માર્ગરેટનો હાથ ઝાલ્યો છે. એ કાંઇક બબડતો હોય છે. )

સગુણા

સાહેબ, તમે જલદી ચાલ્યા જાઓ, નહિતર હમણાં પેલા આવી પહોંચ્યા સમજો.

પોલ

(બબડે છે)

Wolves.

સગુણા

હું તમારી ભાષામાં નથી સમજતી. પણ કહું છું, જલદી દોડવા માંડો. અહીં ન રોકાઓ.

પોલ

પણ આ બધાનું શું ?

સગુણા

એ બધાને મને સોંપો. તમે એની ફિકર છોડી નાસી જાઓ.

પોલ

એક સ્ત્રીને બીજી સ્ત્રીના હાથમાં સોંપીને નાસી જાઉં ?

સગુણા

સાહેબ, એક સ્ત્રીની આબરૂ સ્ત્રીના આશરા હેઠળ હોય ત્યારે વધારે સલામત છે, માટે ચિંતા રાખ્યા સિવાય જાઓ.

પોલ

પણ પછી તમારા શા હાલ ? આ વરૂઓ તમને પણ ફાડી ખાશે.

સગુણા

ને શું તમે હશો એટલે બચી જઈશું ? ઉલટા તમે હશો તો એ બધા વધારે ચીડાશે. નહિતર એકલી સ્ત્રીઓને જોઈને એ નહિ રંજાડે. હિંદુસ્તાનીઓ એટલા બધા હીન નથી થયા.

પોલ

( કચવાઈને )

પણ આવડા મોટા ઉપકાર નીચે આવવું મને ગમતું નથી.

સગુણા

(ગુસ્સાથી)

જુઓ ! પેલા લોકોનો અવાજ આવ્યો. ચાલ્યા જાઓ છો કે નહિ ? માનજો કે મારે ભરોસે નહિ પણ ઈશ્વરને ભરોસે છોડ્યા હતા. માર્ગરેટ બહેન, એને સમજાવો ને, નહિતર એમની જોડે તમે સૌ પણ પીંખાઈ જશો.

માર્ગરેટ

પોલ, તું જા, ઝટ જા,઼ ઓ, પેલા લોકો દેખાયા.

## દૃશ્ય સોળમું

સ્થળ : હળધર શાસ્ત્રીનું ઘર.

( સગુણા, માર્ગરિટ, ઇલીઝ, રેની ને પોલ ઉભાં છે. પોલે માર્ગરિટને હાથ ઝાલ્યો છે. એ કાંઇક બબડતો હોય છે. )

સગુણા

સાહેબ, તમે જલદી ચાલ્યા જાઓ, નહિતર હમણાં પેલા આવી પહોંચ્યા સમજો.

પોલ

(બબડે છે)

Wolves.

સગુણા

હું તમારી ભાષામાં નથી સમજતી. પણ કહું છું, જલદી દોડવા માંડો. અહીં ન રોકાઓ.

પોલ

પણ આ બધાનું શું ?

સગુણા

એ બધાને મને સોંપો. તમે એની ફિકર છોડી નાસી જાઓ.

પોલ

એક સ્ત્રીને બીજી સ્ત્રીના હાથમાં સોંપીને નાસી જાઉં ?

સગુણા

સાહેબ, એક સ્ત્રીની આબરૂ સ્ત્રીના આશરા હેઠળ હોય ત્યારે વધારે સલામત છે, માટે ચિંતા રાખ્યા સિવાય જાઓ.

પોલ

પણ પછી તમારા શા હાલ ? આ વરૂઓ તમને પણ ફાડી ખાશે.

સગુણા

ને શું તમે હશો એટલે બચી જઇશું ? ઉલટા તમે હશો તો એ બધા વધારે ચીડાશે. નહિતર એકલી સ્ત્રીઓને જોઇને એ નહિ રંજાડે. હિંદુસ્તાનીઓ એટલા બધા હીન નથી થયા.

પોલ

( કચવાઇને )

પણ આવડા મોટા ઉપકાર નીચે આવવું મને ગમતું નથી.

સગુણા

(ગુસ્સાથી)

જુઓ ! પેલા લોકોનો અવાજ આવ્યો. ચાલ્યા જાઓ છો કે નહિ ? માનજો કે મારે ભરોસે નહિ પણ ઇશ્વરને ભરોસે છોડ્યા હતા. માર્ગરેટ બહેન, એને સમજાવો ને, નહિતર એમની જોડે તમે સૌ પણ પીંખાઇ જશો.

માર્ગરેટ

પોલ, તું જા, ઝટ જા, ઓ, પેલા લોકો દેખાયા.

(પોલ નીચે વળી ઇલીઝાના ગાલે એક ચુંબન લે છે. એની આંખમાંથી એક આંસુ દડી પડે છે. નાનકડી રેનીને છાતી સાથે ચાંપે છે, ને બબડે છે : Oh ! God !)

પોલ

(માર્ગરેટના વાંસા પર હાથ મૂકતાં)

Be brave હં. (સગુણાને) તમારૂં નામ ?

સગુણા

(હસીને)

સગુણા.

(પોલ સલામ કરી ઝપાટાબંધ નાસી જાય છે.)

માર્ગરેટ

(રૂદન કરતાં)

ઓ ! પિતા ! અમે એવો કેવો અપરાધ કર્યો છે કે, અમારી પાછળ આ બધા શિકારીઓની માફક પડયા છે !

ઇલીઝા

(સરલ ભાવે)

મમ્મા, રડે છે શું ? આપણને મારી નાખશે તો મરી જઇશું. પપ્પા કહેતા નથી ગયા : Be brave.

માર્ગરેટ

(રડતી રેની તરફ ફરીને)

મારાથી આનું દુઃખ જોવાતું નથી. ઓ, આ બધા આવ્યા.

(લોકો હોકારા, પડકારા કરતા આવે છે. ત્રણ જણાએ મહોબ્બતને પકડયો છે, એને માથાપર ટાંગ વાગી છે એટલે લોહી વહ્યું જાય છે.)

સગુણા

(માર્ગરેટ વિગેરેને)

તમે અંદર ચાલ્યા જાઓ.

(ત્રણે જણ અંદર જાય છે)

**સમુદાયમાંના થોડાક**

ઓ રહ્યાં. શાસ્ત્રીના ઘરમાં ગયાં. મારો રાંડોને. મંદિરને ભ્રષ્ટ કરી નાખશે.

(સૌ દોડે છે. સગુણા દરવાજામાં વચ્ચે ઉભી રહે છે, લોકસમુદાય વેદપાઠીની કન્યાને જોઇ ઘડીભર ખચકાઇને ઉભા રહે છે.)

સગુણા

(કડક સ્વરે)

અહીં શા માટે આવ્યા છો ?

**ટોળાંમાંથી એક પરિચિત**

(નમ્ર સ્વરે)

અહીંઆ હમણાં જ ફીરંગીઓએ નાસીને આશરો લીધો છે; એમને પકડવા.

**એક અવાજ**

કોણ છે આ દોઢડાહી?

**બીજો**

ધક્કો મારો એને.

સગુણા

(ઉચ્ચ સ્વરે ક્રોધથી)

મને ધક્કો મારવો છે ? કોણ છે એ બોલનાર. આમ આગળ આવે હળધર વેદપાઠીની કન્યાને અડવા ? હું જોઉં તો ખરી કે કો'ક

હિંદુધર્મને ઉજાળનારા હજુ પડયા છે, જે પૂજારીની કન્યાને ધક્કો મારી શકે.

પરિચિત

પણ બહેન, એ બધા રાજ્યદ્રોહીઓ છે. એમને અમારે હવાલે કરી દો.

સગુણા

એ બિચારી સ્ત્રીઓ રાજ્યદ્રોહી ! એમણે હનુમંતસિંહ ઉઠાડી મૂક્યા છે ? એમણે તમને અન્યાય કર્યો છે ?

પરિચિત

પણ બહેન, એમના ધણીએ તો કર્યું જ છે.

સગુણા

( તિરસ્કારથી )

તો એમના ધણીને ખોળીને ફાંસીએ લટકાવી દો. અહીં નાહકના સમયનો વ્યય શા માટે કરો છો ?

એક અવાજ

અમારે માથાઝીક નથી કરવી તારી જોડે. એ લોકોને સોંપી દે.

બીજો અવાજ

નહિતર અંદર પ્રવેશીને ખેંચી કાઢશું.

(સગુણા દરવાજો બંધ કરી આગળ આવે છે, એનો ચહેરો ક્રોધથી લાલચૂમ થઇ ગયો છે. એની આંખમાં લોક સમુદાય માટે તિરસ્કાર છે. ત્યાર ઉભી રહી એ મોટે સ્વરે કહે છે.)

સગુણા

કોણ કહે છે મારાં મકાનમાં પરાણે પ્રવેશીને એ અબળાને ખેંચી

કાઢવાનું? એ મરદ કોણ છે? આગળ આવે અહીં, મારે એને જોવો છે;
(લોકો ચૂપ થઇ જાય છે. બે ચાર જણ એક ગુંડાને આગળ ધકેલે છે.)

સગુણા

(એના તરફ જોઇને)

આની જોડે તમે આવ્યા છો? આ તમારો સરદાર છે? જાઓ નથી માનતી તમારૂં. મેં એમને આશરો આપ્યો છે, ને હું એનો કબજો સોંપવા માગતી નથી. તમારામાંથી જે કોઇની હિંમત હોય તે અંદર જઇને એ સ્ત્રીઓને ખેંચી આવે. (દાંત ભીંસીને) હું જોઉં તો ખરી કે પુરમાં કેટલા દુઃશાસનો છે.

બેચાર અવાજો

પણ બ્હેન એ ફીરંગી છે.

પુષ્કળ અવાજો

ફીરંગીકો મારો, ફીરંગીકો મારો.

(એકાદ મોજું આવે તેમ લોક સમુદાય હડસેલાય છે. સગુણાને ધક્કો લાગે છે. એ દરવાજા સાથે ભટકાય છે. બૂમો ઉઠે છે: મારો ફીરંગીકો–મારો ફીરંગીકો.)

સગુણા

(દરવાજાના સળીઆ પર ચઢી)

અરે જાનવરો, તમે હિંદુસ્તાનના છો? હું તમને આ મંદિરને અડવાની રામદુહાઇ દઉં છું. જે આ મંદિરની દીવાલને અડે એને રામદુહાઇ છે.

(લોક સમુદાય ઓટ થાય તેમ પાછો હઠી જાય છે. બૂમ પડે છે "પાછા હઠો, સહેજ પાછા હઠો" સગુણા વિસ્મિત નેત્રે જોઇ રહે છે, એની આંખમાં આંસુ છે.)

સગુણા

(ગદ્ગદ્ કંઠે)

વીરા, તમે સૌ જાઓ, કામે વળગો. ખાત્રી રાખજો કે એ ફીરંગી સ્ત્રીઓ મારા કબજામાં જ છે. છતાં એ તમને વિશ્વાસ ન આવતો હોય તો તમારામાંના જે મુખ્ય હોય તેને મોકલજો. હું એમની જોડે પતાવી લઇશ. એમની આજ્ઞા થશે તો એમનો કબજો પણ સોંપી દઇશ. તમે સૌ જાઓ, રામ સ્ત્રીઓના રક્ષણહાર હતા, અબળા લૂંટનારા નહિ હતા. જાઓ, તમે જાઓ.

બેચાર અવાજો

ચાલો, શંકરને મોકલીએ.

(સગુણાના કાન ચમકે છે. એ બોલનાર તરફ જુએ છે.)

અવાજો

ચાલો, ચાલો.

(બેભાન મહોબ્બતને ત્યાં જ મૂકી લોકો 'પ્યારા ભારત દેશ હમારા,' ગાતા ગાતા જાય છે)

સગુણા

(દૂર બળતા બંગલાઓ પર નજર નાખતાં રૂંધીત કંઠે)

જાનવરો ! પણ હિન્દુસ્તાનના ! મા ! અધઃપતીત દશામાં યે જો સૌ આવા રહ્યા હોય તો ઉન્નત દશામાં કેવા હોય ! (ચારે બાજુ જોતી) માતા ! તારી ભૂમિ મહિમામય છે ! અહીંનાં જાનવરો પણ માનવી કરતાં ઉચા છે; કોણ એને દેવ બનાવશે ? જનની ! તું જાગી ! આ બધામાંથી દેવ સર્જજે હવે.

ઇલીઝા

(આવીને ધીમેથી અડતાં)

એ બધા ગયા ?

સગુણા

(પાછું ફરીને જોતાં)

હા. (વળી એકીટસે જોઇ રહે છે) તમે પરણ્યાં છો?

છલીઝા

(શરમાઇને)

પરણવાની હતી.

સગુણા

નાસી જવું છે? ક્યાંકથી ખોળી કાઢજો.

છલીઝા

મમ્માને આમ છોડીને નથી જવું.

(સગુણા મૂંગી મૂંગી અંદર જાય છે.)

છલીઝા

પણ આ કોઇક ઘાયલ પડયું.

સગુણા

(પાછી ફરી નીચી વળતી)

કાલ રાતવાળા સજ્જન તો નહિ? કોણે એમને ઘાયલ કર્યાં? ગાંડપણમાં શત્રુ ને મિત્રનો ભેદ પણ ભૂલી ગયા? ચાલો. અંદર લઇએ.

(બન્ને જણીઓ મહોબ્બતને ઉંચકી ને અંદર લે છે.)

છલીઝા

(ભીતિભર્યા સ્વરે)

આજે કેટલા જણાને આ બધાએ કતલ કર્યાં હશે?

સગુણા

અમંગલ શંકા થાય છે? એવી આશંકા નહિ રાખતા, બ્હેન, પ્રભુ કોઇનું બૂરૂં નથી કરતો.

ઢબીઝા

ને આ બધું ?

સગુણા

એ પણ સારૂં જ છે, નહિતર તમને સુખ આડે ખબર કેમ પડત કે તમે સૌ અણહકતું સુખ ભોગવી રહ્યા છો. પણ અત્યારે તમારા ઉપર એ પ્રહારો નહિ કરૂં.

(એ મૂંગી રહે છે. બન્ને જણી મહોબ્બતને મંદિરની પગથાર પર સુવાડે છે, સગુણા પાણી લાવીને છાટે છે)

મહોબ્બત

(સહેજ ભાનમાં આવતાં)

ઓહ! બહુ દર્દ થાય છે. (આંખો ખોલીને) કોણ? જોયા છે, પણ ઓળખતો નથી.

(ટીકીટીકીને જુએ છે)

સગુણા

(મીઠા સ્વરે)

મને નહિ ઓળખી? કાલે રાત્રે મળ્યા હતા ને? હું હળધર વેદ-પાઠીની કન્યા સગુણા.

મહોબ્બત

(નિર્બળ સૂરે)

હા, હવે બરાબર. હું કાલે આવ્યો હતો ખરૂં? (માથું દબાવે છે) કાલ યાદ કરતાં માથું ઘૂમી જાય છે.

સગુણા

(બેસતાં)

માથું દબાવું?

મહોબ્બત

ના રે બ્હેન, આવા તો કંઇક ઘા પડ્યા છે, ને કોઇ દિવસ દુઃખ્યું નથી. આજે જ આ ભારે વેદના થાય છે.

ઇલીઝા

તમારે ત્યાં કાંઇ દવા નથી?

સગુણા

પિતાજી કંઇક રાખતા હતા, અહીંઆ બેસો તો શોધી કાઢું.

(ઇલીઝા બેસે છે.)

મહોબ્બત

આ કોણ છે, બ્હેન,

સગુણા

એક સાહેબની દીકરી.

મહોબ્બત

(સ્વપ્નમાંથી ચમકીને જાગતો હોય તેમ)

હાં! હાં! પોલ સાહેબ ક્યાં? એમને પકડી ગયા?

ઇલીઝા

ના, પપ્પા તો નાસી છૂટયા ને અમે આમની જોડે અહીં રહ્યા. તમને કેવી રીતે લાગ્યું?

મહોબ્બત

હું સાહેબની જોડે દોડતો હતો. લોકો એમની લગોલગ આવી પહોંચ્યા. હું લોકોની જોડે ઝગડવામાં રોકાયો ત્યાં કોઇકે માથામાં ડાંગ મારી.

ઇલીઝા

(આશ્ચર્ય થતા)

પપ્પાને માટે તમે માર ખાધો?

મહોબ્બત

(સગુણા તરફ જોઇને)

હા, મેં દેશદ્રોહ કર્યો.

દલીઝા

એમાં શાનો દેશદ્રોહ ?

મહોબ્બત

બ્હેન, તમે સૌ દેશના શત્રુઓ છો. એને મેં બચાવ્યા. પણ મારું કિસ્મત જ એવું છે.

સગુણા

હું પણ દેશદ્રોહ કરું છું, આ બધાને આશરો આપીને.

મહોબ્બત

ના, તમે તો દેશને ઉજાળો છો.

દલીઝા

કેટલાક જણ મરાયા હશે ? તમને ખબર છે ?

મહોબ્બત

બેચાર જણ જ. બે મેગેઝીનવાળા ને બેએક બીજા. કેટલાક નાસી છૂટયા છે. બાકી સૌ પકડાયા છે. પણ કોઇને મારશે નહિ. શંકરે ના પાડી છે.

સગુણા

એ ત્યાં છે ?

મહોબ્બત

હા, એ સૌનો ફેંસલો અદાલત કરે એવા મતનો છે. (ચૂપ રહે છે. વળી થોડી વારે) મારો પણ અદાલત ફેંસલો કરશે.

ઇલીઆ

કેમ ?

મહોબ્બત

મેં વિશ્વાસઘાત કર્યો છે.

સગુણા

(જતાં જતાં)

મારો પણ.

મહોબ્બત

(ધીમેથી)

સૌનો ફેંસલો વડી અદાલત કરી નાખશે.

(આકાશ સામે આંગળી ચીંધે છે. એની ગરદન એક બાજુ નમી પડે છે.)

## દૃશ્ય સત્તરમું

સ્થળ : હળધર પાઠીના આંગણાનો ચોતરો.

સમય : મધરાત પહેલાંનો પ્રહર.

(સગુણા ચોતરા પર બેઠી છે.)

સગુણા

હજુ એ બંદૂકના અવાજ સંભળાયા જ કરે છે. (કિમ્મ તરફ જોતી) ને આગ તો ઓલવાઇ જ નથી. ઘડીએ ને પળે ભડકા થાય છે ને ઓલવાય છે, ને ગામમાં પણ આજ અજબ હલચલ છે. જાણે સૌ ઉપર નીચે થઇ રહ્યાં છે. સ્ત્રીઓ, પુરુષો, બાલકો આજ મધરાત થયાં છતાં જંપ્યાં નથી. હજુ હમણાં જ પેલા લોકો ચૂનાનું ગાડું ખેંચતા ગયા. કેવો ઉત્સાહ! કહે છે કે: "બળદ ન મળ્યા તો ચાલો આપણે ધૂંસરીએ જૂતશું, પણ ભાંગેલો કોટ તો સવાર પહેલાં સમારાઇ જવો જ જોઇએ. આ મહામૂલા દિવસો છે. આળસુ કોઇ નથી, દરિદ્રી કોઇ નથી, દુર્બળ, રંક, હીનપ્રાણ કોઇ નથી. સૌ પ્રાણવાન, ખુમારી-ભર્યા છે. વિના આજ્ઞાએ સૌ શાંતિ જાળવે છે, વિના આજ્ઞાએ સૌ કામ કરવા દોડે છે, વિના આજ્ઞાએ સૌ હોમાઇ જવાની હરિફાઇ આદરે છે, ને એક જ શબ્દ "રૂક જાઓ" ને સૌ જાણે મંત્રથી જડાઇ

ગયા હોય તેમ ત્યાં ને ત્યાં ઉભા રહે છે. કોણે આ સુપ્ત નિયમનને જગાડયું ? કોણે આ નિદ્રસ્થ પ્રાણને ઢંઢોળ્યો ? એણે ? ના, એ તો વધુ પડતું સન્માન આપ્યું કહેવાય. એ એ બોજો પણ ન ઉચકી શકે, એ સન્માન, ને એ બોજો ભલે જગન્નાથ જ ઉપાડે; અમે સૌ તો નિમિત્ત માત્ર જ છીએ.

પણ એ કેમ હજુ નહિ આવ્યો ? આવ્યો કે આવ્યા ? હું તો આવ્યા જ કહીશ. મારા કરતાં એ મહાન છે. (આંટા મારતાં) હું તો વાટ જોઇ જોઇને થાકી. ક્યાં તો ભાઇ રોષમાં ગયા છે એટલે આવશે જ નહિ, ને આવશે તો યે જાણી કરીને મોડા. (ઓચિંતાની ગંભીર થઇને) પણ આવી ક્ષુદ્ર વાતો તો એના ખ્યાલમાં એ નહિ હોય. હું જ મૂર્ખ ! ગોઠવ્યા કરૂં છું;

બિચારી ઇલીઝા ! બિચારો મહોબ્બત ! બહુ કફોડી દશા છે. મહોબ્બત તો આ બધી વેદનામાંથી છૂટયો પણ આ દીકરીઓનું ? હું શું કરીશ ? અદાલત મારી પાસેથી એમનો કબજો માગશે તો ? મારે આજ્ઞા પાળ્યા સિવાય છૂટકો નથી, ને સાહેબને કોલ દીધો એનું શું ? ઇલીઝાનના ભરથારનું શું ? વિકટ કોયડો ! પણ સારૂં થયું મને કામ મળ્યું.

( અવાજ આવે છે )

સગુણા

શંકર ?

( સગુણા દરવાજો ઉઘાડે છે, લશ્કરી પોષાકમાં શંકર આવે છે. )

સગુણા

( આશ્ચર્યચકિત થઇને )

કોણ, શંકર ?

શંકર

( હસીને )

હા, પણ મારે જલદી પાછા જવું છે, તારા આશ્રિતો ક્યાં છે?

સગુણા

( આંગળી ચીંધતાં )

અંદર સૂતા છે.

શંકર

સવારે એમને લેવા સૈનિકો મોકલીશ, સોંપીશ ને?

( સગુણા મૂંગી ઉભી રહે છે, થોડી વારે )

સગુણા

શંકર, એક સવાલ છે. તું એનો ઉકેલ લાવી દે તો સોંપી દઉં.

શંકર

શું?

સગુણા

મેં પેલા સાહેબને વચન આપ્યું છે કે આ સ્ત્રી ને છોકરીઓ મારા આશરા નીચે સલામત છે; એ મારા કબજામાં રહેશે. તું કહે તેમ કરું?

શંકર

સગુણા, પહેલાં તે એ ગુનો કર્યો કે એ સાહેબને નાસી જવા દીધો.

સગુણા

હું કાંઇ તમારી સિપાહી નહિ હતી કે એને રોકું.

શંકર

( કડવાશથી )

તારે ઝઘડવું જ છે તો ભલે ઝઘડ. મને એટલી નવરાશ નથી.

નહિતર વાદવિવાદ કરીને સિદ્ધ કરી બતાવત કે તું ભાડુતી સિપાહી છે કે નહિ. મેં એમ માન્યું હતું કે તું છે, ને એટલે કહ્યું કે તારે એને અટકમાં રાખી અદાલતને સ્વાધીન કરવો જોઇતો હતો. પણ જવા દે, તને ઠીક લાગ્યું તેમ ભલે તેં કર્યું. અદાલતને ઠીક લાગશે તેમ અદાલત કરશે. તું સવારે સૈનિકો આવે તો સોંપીશ કે નહિ ?

સગુણા

પણ મારા વચનતું શું ?

શંકર

જો તું દેશની સિપાહી હોત તો હું તને કહેત કે દેશને તેં વચન આપ્યું છે કે "હું તારા સઘળા શત્રુઓને શોધી તારે સ્વાધીન કરીશ." એટલે એ મહાન કોલ આગળ આ કોલ કાંઇ હિસાબમાં નથી. પણ તું તો સિપાહી નથી એટલે તને ઠીક લાગે તેમ વર્તવાને મુખત્યાર છે. અદાલતને ઠીક લાગશે તેમ અદાલત કરશે.

સગુણા

હું તો 'ભાડુતી સિપાહી નથી' એમ બોલી હતી.

શંકર

( કડક સ્વરે )

જે કોઇ આ જમીન પાસેથી દેહનું ભાડું લે છે તે બધા ભાડુતી જ છે.

સગુણા

( ફિક્કું હસીને )

પણ એમાં એટલો બધો ઉતરી શું જાય છે ?

શંકર

કારણ કે તું અત્યારે વાદવિવાદ કરે છે.

સગુણા

( વધારે ફિક્કી પડી જઇને )

હું તો તારી સલાહ માગું છું કે શું કરવું જોઇએ ?

શંકર

એ તો મેં તને કહ્યું કે સિપાહી તરીકે જો વચન આપ્યું હોય તો સોંપી દેવા, નહિતર ઠીક લાગે તેમ કરવું.

સગુણા

તું બહુ અક્કડ થઇ ગયો છે.

શંકર

એનો આપણે નવરાશે વિચાર કરશું.

( બન્ને જણા મૂગા રહે છે, સગુણા એક અસ્વસ્થ નજર નાખે છે. )

સગુણા.

તું કહે તેમ કરૂં.

શંકર

તને ઠીક લાગે તેમ કર.

સગુણા

અદાલતમાં કોણ કોણ છે ?

શંકર

હું ને બીજા બે જણા.

સગુણા

હું સોંપું તો તમે શું સજા કરવાના ?

શંકર

એ કાંઇ ન કહેવાય, અદાલત એમને રહેંસી પણ નાખે.

સગુણા

(ઉશ્કેરાઇને)

તો હું નથી સોંપવાની. મારા દેવાલયના આશરે જે આવ્યાં છે એને હું મોતનાં મોંમાં નહિ જ ધકેલી દઉં.

શંકર

મહોબ્બતને પણ ?

સગુણા

એ તો ક્યારનો સ્વધામ પહોંચી ગયો.

શંકર

(જતાં જતાં)

ત્યારે હું એમ માની લઉં કે તું સિપાહી પણ નથી તેમ નાગરિક પણ નથી ?

(સગુણા નિસ્તબ્ધ ઉભી રહે છે, એનો ચહેરો રહુંરહું થઇ રહ્યો છે.)

શંકર

સગુણા, મને જવાબ આપીશ ? મારે જવું છે.

સગુણા

(માથું ટટ્ટાર કરીને)

હું સિપાહી છું, પણ અદાલતના આવા હુકમો માનવાની નથી.

શંકર

તો એમ કર, તું જ અદાલતમાં આવ, કદાચ તને અનુકૂળ નિર્ણય થાય.

સગુણા

(હર્ષથી)

શું ?

શંકર

હા, તું જો સિપાહીગીરીમાં માનતી હો તો અદાલતના સભ્ય તરીકે બેસ.

સગુણા

ખરેખર બને ?

શંકર

હા.

(સગુણા થોડીવાર વિચાર કરીને)

સગુણા

આ બધા કેદીઓની રક્ષિકા બની શકું ?

શંકર

જો હું બીજાને વિશ્વાસ આપી શકું તો.

સગુણા

મને એ સ્વીકાર્ય છે. આ મારી નજર તળે જ રહેશે.

શંકર

પછી અદાલતના નિર્ણય સંબંધમાં ફેરફારને અવકાશ નહિ રહે.

સગુણા

અદાલતમાં તમે છો ને ?

શંકર

હા.

સગુણા

બસ—ત્યારે.

(શંકર ચૂપ રહે છે.)

સગુણા

શંકર, એક પૂછું?

શંકર

શું?

સગુણા

પહેલાં મને તમે કહેતા હતા, આજે તું કેમ કહેવા માંડયું?

શંકર

(મૂંઝાઇને સરલ ભાવે)

એકદમ મોટો થઇ ગયોને એટલે ભોલાઇ જવાતું હશે. પણ હું જાઉ.

(ઉતાવળો ઉતાવળો જાય છે.)

સગુણા

(હસતાં)

મૂરખ છે સાવ!

# દૃશ્ય અઢારમું

સ્થળ : કેદીઓને રાખ્યા છે એ મકાન

સમય : બે અઢી મહિના પછીનો

પાત્રો : માર્ગરેટ, ઇલીઝા, ઇલ્બર્ટ, પાછળથી ડેનિયલ ને સગુણા

( માર્ગરેટ ને ઇલીઝા બન્ને ચટાઇ પર બેઠાં બેઠાં વાતો કરતાં હોય છે. ઇલ્બર્ટ પડખે ઉભો છે. )

માર્ગરેટ

ઇલીઝા, તેં આવી સદ્‌ગુણ મૂર્તિને કદી જોઇ છે ? જાણે ભલાઇનાં જ અવતાર.

ઇલીઝા

અદ્‌ભૂત, મમ્મા, એક દિવસ રાત્રે અમે બંને બેઠાં બેઠાં તે છેક સવાર સુધી. એણે આખી રાત રામાયણની વાત કહ્યા કરેલી. એટલી હૃદયદ્રાવક ને કરૂણ એ કથા છે કે મને થયું કે આપણા દુઃખો શું વિસાતમાં છે ? ને એમાં એ પ્રાતઃકાળે જ્યારે એણે ગાયું ત્યારે તો હું સાચે જ રડી પડી.

ઇલ્બર્ટ

આપણને ખ્યાલ જ નથી આવવા દેતી કે આપણે કેદીઓ છીએ ને માથે મોત ભમી રહ્યું છે.

ઇલીઝા

પણ એ જેટલી મૃદુ છે એટલી જ પ્રખર છે હં. તે દિવસે આપણી પાછળ લોકોનું ટોળું પડેલું ને એણે અટકાવેલું. એક પણ આદમીની તાકાત નહિ હતી કે એક ડગલું પણ આગળ ભરી શકે.

ઇલ્બર્ટ

એમ તો અહીંઆં પણ કોઇ જેમ તેમ વર્તે તો સીધો રસ્તો બતાવી દે છે. તે દહાડે જ્યોર્જ ને એંડ્રુ જેમતેમ બોલ્યા કરતા હતા તે એવા right ને left લીધા કે ચૂપચાપ, કાંઇ જ ન બોલે.

માર્ગરેટ

તને શું લાગે છે? આપણું છેવટ શું આવશે? આજ અઢી મહિના થયા પણ પોલના તો કંઇ સમાચાર નથી.

(ડોલતા ડોલતા ડેનિયલ સાહેબ આવે છે.)

ડેનિયલ

કાં, ઇલીઝા, રેની ક્યાં?

ઇલીઝા

પાછલા ફળીઆમાં કંઇક બીયાં વાવે છે.

ડેનિયલ

આહા, અહીંઆ બગીચો કરવો લાગે છે. બંગલામાં બગીચો તો જોઇએ જ ને.

(હસે છે.)

ઇલ્બર્ટ

તમને શું લાગે છે, જનરલ?

સગુણા

(પાછળથી આવી ડેનિયલના વાંસામાં ધબ્બો મારતાં ઉલ્લાસભર્યા સ્વરે)

કાં દાદા, તબિયત મજામાં ને ?

ડેનિયલ

( પાછળ ફરી સગુણાને પકડવા જતાં )

You naughty girl, જોન, તું મને બહુ સતાવે છે. મહા-મહેનતે તારી જોડેની ચર્ચાને ગોઠવતો હતો ત્યાં આવીને બધું ચૂંથી નાખ્યું. માંડમાંડ મગજ ઠેકાણે આવ્યું હતું.

સગુણા

( ગંભીર થઈને)

જુઓ સાહેબ, પહેલી એક વાત, મને જોન નહિ કહેવી; હું હિન્દુસ્તાની છું એ જ ઠીક છું. ને બીજી એક ચેતવણીઃ મને તમારી આંગ્લ ભાષામાં ગાળો નહિ દેવી. બોલ, હલીમા, મને ડેનિયલ દાદાએ શી ગાળ દીધી ?

ઇલીઝા

ખૂબ જ યથાર્થ.

ડેનિયલ

આની એક બીજી વિશિષ્ટતા છે કે આ છોકરી કુશલ વિવાદીની છે. જોન ડી આર્કમાં એ નહિ હતું. She was a simple rural girl જ્યારે આ છોકરી તો અસામાન્ય તર્કશાસ્ત્રી છે.

ઇલીઝા

એનો પિતા વેદનો પંડિત હતો, પણ તમને તો એ વેદ પ્રત્યે બહુ તિરસ્કાર છે ખરું ?

ડેનિયલ

ખરી વાત તો એ છે કે મારું એ અજ્ઞાન હતું. પેલો છોકરો, the prophet and the judge of revolution, લાંબા કાળા વાળ વાળો એક દિવસ આવેલો. આવ્યો હતો તો એક જ ઘડી, પણ મને સમજાવતો ગયો કે તિરસ્કાર માત્રનું મૂળ જ્ઞાનનો અભાવ છે. જ્ઞાની માણસને બીજાનો તિરસ્કાર કરવાનો સમય જ હોતો નથી, ને અજ્ઞાનીને બીજાની નિંદા કરવા સિવાય શેમાં સમય ગાળવો એ જ આવડત હોતી નથી. મને તો તે દિવસનો એ જ વિચાર આવ્યા કરે છે કે જે દેશમાં આવા તર્કશુદ્ધ યુવાનો ને યુવતીઓ છે ત્યાંનો ધર્મ તે નિંદવા જેવી વસ્તુ છે કે સમજવા જેવી ?

ઇલીઝા

( હસીને )

સગુણા કહેતી હતી કે આ ખૂન ને વિગ્રહ પણ સૌનાં કલ્યાણ માટે જ છે. બીજાનું તો કલ્યાણ થાય કે ન થાય પણ તમારું કલ્યાણ થયું એ સાચી વાત.

ડેનિયલ

શાનું ?

ઇલ્બર્ટ

આપણો અંત.

ડેનિયલ

બહુ કરૂણાજનક. ફાંસી કાં તલવારની ધાર.

ઇલીઝા

સૌનો ?

ડેનિયલ

કદાચ સ્ત્રીઓ નહિ.

ઇલીઝા

(ગભરાઇને)

એ કરતાં તો સૌનો સાથે વધ કરે તો સારૂં.

ડેનિયલ

(હસતાં)

તારો ને ઇલ્બર્ટનો સાથે વધ કરે એમ હું જોન આવશે ત્યારે ભલામણ કરીશ.

(સૌ હસે છે.)

માર્ગરેટ

જોન કોણ વળી ?

ડેનિયલ

આપણી રક્ષિકા. મેં એનું નામ જોન ડી આર્ક રાખ્યું છે.

ડલીઝા

ખૂબ જ યથાર્થ.

ડેનિયલ

આની એક બીજી વિશિષ્ટતા છે કે આ છોકરી કુશલ વિવાદીની છે. જોન ડી આર્કમાં એ નહિ હતું. She was a simple rural girl જ્યારે આ છોકરી તો અસામાન્ય તર્કશાસ્ત્રી છે.

ડલીઝા

એનો પિતા વેદનો પંડિત હતો, પણ તમને તો એ વેદ પ્રત્યે બહુ તિરસ્કાર છે ખરું?

ડેનિયલ

ખરી વાત તો એ છે કે મારું એ અજ્ઞાન હતું. પેલો છોકરો, the prophet and the judge of revolution, લાંબા કાળા વાળ વાળો એક દિવસ આવેલો. આવ્યો હતો તો એક જ ઘડી, પણ મને સમજાવતો ગયો કે તિરસ્કાર માત્રનું મૂળ જ્ઞાનનો અભાવ છે. જ્ઞાની માણસને બીજાનો તિરસ્કાર કરવાનો સમય જ હોતો નથી, ને અજ્ઞાનીને બીજાની નિંદા કરવા સિવાય શેમાં સમય ગાળવો એ જ આવડત હોતી નથી. મને તો તે દિવસનો એ જ વિચાર આવ્યા કરે છે કે જે દેશમાં આવા તર્કશુદ્ધ યુવાનો ને યુવતીઓ છે ત્યાંનો ધર્મ તે નિંદવા જેવી વસ્તુ છે કે સમજવા જેવી?

ડલીઝા

(હસીને)

સગુણા કહેતી હતી કે આ ખૂન ને વિગ્રહ પણ સૌનાં કલ્યાણ માટે જ છે. બીજાનું તો કલ્યાણ થાય કે ન થાય પણ તમારું કલ્યાણ થયું એ સાચી વાત.

સગુણા

(પાછળથી આવી ડેનિયલના વાંસામાં ધબ્બો મારતાં ઉલ્લાસભર્યા સ્વરે)

કાં દાદા, તબિયત મજામાં ને ?

ડેનિયલ

( પાછળ ફરી સગુણાને પકડવા જતાં )

You naughty girl, જેન, તું મને બહુ સતાવે છે. મહા-મહેનતે તારી જોડેની ચર્ચાને ગોઠવતો હતો ત્યાં આવીને બધું ચૂંથી નાખ્યું, માંડમાંડ મગજ ઠેકાણે આવ્યું હતું.

સગુણા

( ગંભીર થઇને)

જુઓ સાહેબો, પહેલી એક વાત, મને જેન નહિ કહેવી: હું હિન્દુસ્તાની છું એ જ ઠીક છું, ને બીજી એક ચેતવણી: મને તમારી આંગ્લ ભાષામાં ગાળો નહિ દેવી. બોલ, હલીઝા, મને ડેનિયલ દાદાએ શી ગાળ દીધી ?

હલીઝા

( હસતી )

બહુ જ ખરાબ, ન સંભળાય એવી. હું હોઉં તો તો એમને ફાંસીએ જ લટકાવી દઉં.

( હસી પડતી સગુણા ગંભીર થઇ જાય છે. )

સગુણા

દાદા, તમને ખબર છે, આજે તમારો ફેંસલો આવશે એ ?

ડેનિયલ

આવશે. એમાં તું શાની આટલી ગંભીર થઇ ગઇ ?

સગુણા

અમારા શાસ્ત્રમાં કહ્યું છે કે મૃત્યુની અદબ જાળવવી.

ડેનિયલ

એક દિવસે તો કહેતી હતી કે તમારા શાસ્ત્રમાં કંઇક એવું કહ્યું છે કે કિશોર, યુવા ને વૃદ્ધાવસ્થા જેમ જ અવસાન પણ સ્વાભાવિક વિકાસક્રમ છે. એમાં હર્ષ શોકને કારણ નથી, ને આજ શાની ગંભીર થઇ ગઇ?

સગુણા

એ સમજાવવા માટે કહ્યું હતું. આ દેહે એમ થઇ શકે એવું લાગતું નથી. લાગણીભર્યા સામાન્ય માણસ તરીકે આપણે સૌ એમ જ સમજવાના ને અનુભવવાના કે મૃત્યુ એટલે મહાપ્રસ્થાન; ફરી એનો મેળાપ થવાનો નહિ.

ડેનિયલ

But my girl, it is inevitable.

સગુણા

પાછું એવું બોલ્યા?

ઇલીઝા

ગાળ દીધી તમને.

સગુણા

(પરાણે ઉલ્લાસ લાવતી)

હેં દાદા, તમે મને આંગ્લ ભાષા ન શીખવી દો.

ડેનિયલ

(ખડખડાટ હસતા)

હો, હો, સરસ, પણ પછી તું ઇન્ડીયન નહિ રહે, બદલાઇ જવાની હો.

સગુણા

ના, ના, પણ મારે તો કોઇક વાતો કરતા હોય તો સમજી જાઉં એટલું જ શીખવું છે.

ડેનિયલ

શા માટે ?

સગુણા

(હસીને)

આ ઇલ્બર્ટ ને પેલી ઇલીઝા આખો દિવસ કંઇક ચીંચીં ચીંચીં કર્યા જ કરતા હોય છે. શીખી હોઉં તો કોઇક વાર બે અક્ષર સમજી લેવાય.

(ડેનિયલ ને બધા હસી પડે છેઃ હો, હો, હો, હો. ઇલીઝા ઊઠીને સગુણાના વાંસામાં ધબ્બા મારે છે.)

સગુણા

(હસતાં હસતાં ધીમે સાદે)

અરે કોઇ દોડો, મને મારી નાખી.

(ઓચિંતાના એક ધીર, ગંભીર સ્વર તરફ સૌનું ધ્યાન ખેંચાય છે. હચો ને સોહાણુણો શંકર બારણાંમાં ઉભો ઉભો પૂછતો હોય છે.)

શંકર

અંદર આવું કે ?

(બધા ઝપઝપ એક બાજુ બેસી જાય છે. સગુણા નતવદને સાડી સમી કરાવવાનો ઢોંગ કરે છે, માત્ર ડેનિયલ સ્વસ્થ ને શાંત સ્વરે કહે છે.)

ડેનિયલ

આવો ને.

શંકર

સગુણા, તમારા કેદીઓને તમે બહુ ત્રાસ આપતા લાગો છો.

સગુણા

( નતવદને જ )

કેમ ?

શંકર

જુઓ ને, હું આવ્યો એટલે ગુપચૂપ મેંઢાની જેમ બેસી ગયા. ઘડી પહેલાં તો ધમ્માચકડી ચાલતી હતી.

સગુણા

( એકએક શબ્દ છૂટા પાડીને )

એ તો આપ મોટા રહ્યા એટલે અદબ જાળવે.

શંકર

( ડેનિયલ તરફ )

આજે મારે તમને સૌને તમે સ્વીકારવા રાજી ન હો એવા સમાચાર આપવાની ફરજ પડે છે. તમે સમજશો જ કે માણસ માથે જીવનમાં કોઇકવાર એવી કડવી ફરજો આવી પડે છે...

ડેનિયલ

જવાન, એમાં થોથવાય છે શું ? તું તો યોદ્ધો ને દાર્શનિક બન્ને છે. સાફ કહી નાખ ને કે તમારે સૌએ જ્યાંથી આવ્યા ત્યાં જવાનું છે. To eternral home for eternal peace.

શંકર

(નમ્ર સ્વરે)

જનરલ, હું યોદ્ધો પણ નથી તેમ દાર્શનિક પણ નથી; માત્ર સ્વતંત્ર શહેરનો એક નાગરિક છું. એ નાગરિક તરીકે મારે મિઠાશ ને વિનય ન ચૂકવા જોઈએ. મોતને તમે જુઓ છો એમ સૌ કોઈ જોતું હોત તો તો કોઈએ કોઈને જીવન મર્મ જ ન સમજાવવો પડત. પણ એ દશા હજુ દૂર છે, બહુ દૂર છે. ત્યાં સુધી તો આમ જ –...... પણ તમને એક વાર કહેવાનું મન થાય છે કે આ મોતની સજા ફરમાવતાં અમને સહેજે આનંદ નથી થયો. મને તો પારાવાર વેદના થઈ છે. હું શીખ્યો છું કે જીવન એ અમૃતનો કુંભ છે ને મૃત્યુ એ આયુષ્યનો દરવાજો છે. આ અમૃત લઈને જે એ દ્વારમાં પ્રવેશ કરે છે એ કોઈ કાળે નાશ પામતો નથી, પણ અહીં તો અમે એ અમૃત જ તમારી પાસેથી ઝૂંટવી લઈએ છીએ. એનું પરિણામ ગમે તે આવે પણ એ અનિવાર્ય છે. આખું શહેર કાગને ડોળે તમારા મૃત્યુની રાહ જોઈ રહ્યું છે. તમારાથી આજ સુધી અમે છૂપાવી રાખ્યું છે, પણ સાચી સ્થિતિ એ છે કે ઇલીઝાના પિતા પોલ ને જનરલ એન્સન સાહેબ અહીંથી બહુ જ નજદીકમાં આવી પહોંચ્યા છે. આખા રસ્તે તેનું ગામના પ્રદેશમાં એમણે જે કેર વર્તા-વ્યો છે એ સાંભળો તો તમે લજ્જાથી ભોંમાં સમાઈ જાઓ. ( એનો સ્વર કઠોર ને કંઈક અંશે ભયપ્રેરક બની ગયો છે. ) સાહેબો, થોકબંધ ગ્રામવાસીઓનાં શરીર ઉપર ઢાંકવાને વસ્ત્ર હોતાં નથી, એમનાં સગાં સ્નેહીઓને રાતે નિંદ્રાવસ્થામાં જીવતા બાળી નાખવામાં આવ્યા હોય છે, એમના ઘરબાર, જરજવાહીર સાથે જ બળી ગયાં હોય છે. ગોળીના નિશાનમાંથી બચી ગયેલા એ દુર્ભાગીઓમાંથી એક પણ જણે બળવ માં ભાગ લીધો નથી. એ કમભાગીઓ અહીં આવીને ધા પોકારે છે કે

"આનો બદલો ?" અમારાં ગામડાં બળીને રાખ થઇ ગયાં, અમારી પ્રિયતમાઓ ને પ્રિયતમો જીવતાં સડસડી ગયાં, અમારા ભાઇ બેટા ઝાડની ડાળીએ ફાંસીએ લટક્યા, ને સાચી બિના છે કે અંગ્રેજો હિંદુસ્તાનીઓને ફાંસીએ દેવાના થાંભલા ખૂટી ગયા છે એટલે ઝાડ પર જ ફાંસી દે છે; ભૂલ્યો ઝાડે નહિ પણ ડાળીએ ડાળીએ આઠડા ને નવડાના આકારમાં સંખ્યાબંધ શબો લટકે છે. સાહેબો, પ્રજા અમારી પાસેથી જવાબ માગે છે. કહે છે કે "અમારા સ્નેહીઓનું વેર ?" હું સમજું છું કે વેર લેવાની આ ભયંકર રીત છે પણ બીજો માર્ગ હું દેખતો નથી. અગર સાચું કહું તો બીજા માર્ગો અંગ્રેજોએ આવીને બંધ કરી દીધા છે. તમને ખબર છે કે અમે તમને કેવી રીતે રાખ્યા છે?–પણ તમારા જાત ભાઇઓએ જ તમારાં ખૂન કર્યાં છે.—બસ, તમે અમારા દેશમાં વગર નોતર્યા આવ્યા છો, અમારી કૃપા યાચી અમારે ત્યાં કમાયા છો, અમને ભોળાઓને છેતરી અમારી છાતી પર ચડી બેઠા છો. હા, અમે ભોળા હતા એ અમારી ભૂલ, પણ ભોળા ને લુચ્ચાઓમાંથી કોને વધારે ચુકવવું પડશે એ તો સરવૈયું મેળવ્યે ખબર. પણ ઇશ્વર જેવું કોઇક હશે તો એ અમને તો અક્કલ વગરના કહીને જ ચૂપ રહેશે, પણ તમારી તો બરાબર ખબર લેશે. ને ખરેખર તો અમે અમારી ભુલ માટે કરવું જોઇએ તેટલું સહન કરી લીધું છે. અમે ધન ને દોલત ખોયાં છે; અમે સાધન ને સંપત્તિ ખોઇ છે; અમે જાત ને ધર્મ ખોયો છે; અમે જિંદગીમાં માણવા જેવું સઘળું ખોઇ બેઠા છીએ. રહ્યું છે માત્ર આ ખોળીયું. તે પણ 'એટલા માટે કે અમે તમારા માટે કમાઇએ ને તમે અહીં કે તમારા દેશમાં જઇને નિરાતે એ ભોગવો. અમારા ખેડૂતોના કરવેરા એ શું છે? અમારાં ગામડાંની બેહાલી એ શું છે? અમારા ઉદ્યોગોની પાયમાલી એ શું છે? અમારા રાજાઓના મુલકની પચાઉગીરી એ શું છે? અમારી છાતી પર ચડેલ આવડું બધું

લશ્કર' ને કાયદા કાનૂન એ શું છે? અમે નીચી મૂંડીએ ખપડ્યા સિવાય કમાયા કરીએ ને તમે ને તમારા સંતાનો ભોગવ્યા કરો એ જ; તમારા સૌના પરિચયમાં નહોતો આવ્યો ત્યાંસુધી અમારી ગુલામીની મને લજ્જા આવતી હતી. આજે હવે તમારી ભયંકર દશા જોઇને ગ્લાનિ ઉપજે છે. મે તમારો દેશ જોયો નથી, પણ કહેવાય છે કે એ સ્વતંત્ર દેશ છે. મારૂં જ્ઞાન મને એ માનવાની ઘણીવાર ના પાડે છે. મને તો એવું શીખવાયું છે કે સાચો જ્ઞાની માણસ બીજાની અજ્ઞાન દશા સહન જ નથી કરી શકતો. મેઘથી પીગળતી માટીની જેમ એનું હૈયુ દ્રવી જાય છે. જનરલ, હું તમને પૂછું છું કે સાચો સ્વાધીન માણસ બીજાની પરાધીનતા સહી શકતો હશે? કદાચ તમારે ત્યાં મહેલ મહેલાતો હશે, કદાચ આલીશાન વિદ્યાલયો ને યંત્રશાળો હશે, આંજી નાખે તેવું લશ્કર ને નૌકાસૈન્ય હશે, શ્રોતાઓને મુગ્ધ કરી દે તેવા વ્યાખ્યાતાઓ હશે; પણ જનરલ, હું કહું છું કે ત્યાં સ્વાધીનતા નહિ હોય, એક પણ સ્વાધીન આદમી નહિ હોય; સૌ કોઇક ને કોઇક રીતે એક બીજાના ગુલામ ને શેઠ હશે, નહિતર કરોડો માણસોને ગુલામ રાખી એમને હરપળે હજારો રીતે ચૂસ્યા કરવાની વાત સામે બળવો ઉઠ્યા સિવાય રહે નહિ. આજે તો ઍન્સન ને પોલ સાહેબ નિર્દોષ ગામડાંને બાળે છે, નિરાધાર ગામડીઆઓને કલામય રીતે ઝાડે લટકાવે છે ને એની સામે એક પણ અંગ્રેજ બચ્ચો શબ્દ ઉચ્ચારતો નથી. તમારે ઘર આંગણે આમ બન્યું હોય તો? કોઇક ટોમસાહેબ કે ટોમસાહેબના કોડીલા દીકરાને ગામનાં પાદરની આમલીએ કોઇક જનરલે લટકાવ્યા હોય તો? કેવો પોકાર ઉઠત? હા. પણ અમે તો નીગર્સ, હીધન્સ......

( ડેનિયલ સહન ન થતું હોય તેમ બે હાથે માથું દાબી બબડે છે. Oh ! Unbearable.)

એટલે અહીં તો એ જ છાજે. ઇલ્બર્ટ, તું જવાન છે, તારામાં જન્મભૂમિ પ્રત્યે પ્યાર છે. તને પૂછું: તારા જ દેશનો કોઇ વીર જે માભૂમિની મુક્તિ માટે લડતો હોય, અન્યાય સામે માથું ઉચકી સિદ્ધાંત પર જીવન ઓળઘોળ કરી નાખતો હોય, તું એને પૂછીશ કે ફાંસીને માચડે લટકાવીશ ? બોલ ને, ઇશ્વરે જીભ સાચું ભાખવા માટે આપી છે, ને ઇલીઝા તું કહે જોઇએ ?......પણ અમારા ભાગે પૂજા એ નથી, પુષ્પ પણ નથી, અમારે મોટે ભાગે તો ફાંસીનો ગાળો ને ગોળીનો વરસાદ છે, ને એની યોગ્યતા વિષે નથી ઇલ્બર્ટ શંકા ઉઠાવવાનો કે નથી ઇલીઝા ફરિયાદ નોંધાવવાની. સ્વતંત્ર દેશના શહેરીઓ, ઇશ્વર કરે ને કોઇ દિવસ તમારામાંથી બચેલા કોઇ તમારી સ્વાધીનતાનો ઇતિહાસ વાંચો તે વખતે અમને પણ યાદ કરી લેજો ને દિલ થાય તો કહેજો કે "એઓ પણ સ્વાધીનતાના પૂજારી હતા. અમે અંધારે અથડાયા." બાકી ઇશ્વર અચાનક કાંઇ ફેરફાર નહિ કરે તો તમે સૌ સાહેબો બેચાર દિવસમાં અમારી સામે ફરિયાદ નોંધાવવા ઇશ્વરના દરબારમાં પહોંચી ગયા હશો. પણ મને બહુ અફસોસ નથી થતો એટલા માટે કે અમે પણ તમારી પાછળ જ હોઇશું. માત્ર થોડાક રોજ મોડા હોઇશું એટલું જ. સલામ આલેકુમ......ચાલીશ સગુણા ? થોડું કામ છે.

( જવા મોં ફેરવે છે )

ડેનિયલ

એક મિનિટ, જવાન,

શંકર

( ફરીને )

શું ?

ડેનિયલ

મારી એક શંકા. સત્ય જાણવું આટલું સરલ છતાં આચરવું આટલું કઠિન કેમ ?

શંકર

( હસતાં )

એ તો સગુણા પણ સમજાવશે, નહિતર આપણે ત્યાં (આકાશ તરફ આંગળી ચીંધે છે)-ઉપર ચર્ચા કરીશું.

( એ ને સગુણા જાય છે. )

# દૃશ્ય ઓગણીસમું

સ્થળ : એજ મકાનની ઓસરી

(અધઘડી પછી, સગુણા ને શંકર ઓસરીની એક થાંભલી પાસે ઉભાં છે. થોડે દૂર બંદૂકધારી સ્ત્રી આંટા મારે છે.)

શંકર

સગુણા, એક સવાલ ઉભો થયો છે.

સગુણા

નિકાલ લાવો. એમાં શું?

શંકર

હનુમંતસિંહે રાજ્યાભિષેકની તિથિ નક્કી કરવા કહેવરાવ્યું હતું. મને એક પ્રશ્ન થયો કે જે માણસે વિપ્લવમાં સહેજ પણ ભાગ નથી લીધો, એક પણ કાર્ય નથી કર્યું એને રાજા શા માટે બનાવવો? વિપ્લવ યોજ્યો મેં ને મારા જેવા બીજાઓએ; એનો અમલ કર્યો રામદીન ને એના જેવ બીજા નગરજનોએ. હનુમતસિંહે ગમે તે કારણોસર શેમાં યે ભાગ નથી લીધો. કારણોની ગંધ મને આવે છે પણ અત્યારે નહિ કહું. હવે એ હનુમંતસિંહ અત્યારે રાજ્યાભિષેકની તિથિ નક્કી કરવાનું કહેવરાવે છે. વધારે હક્કદાર એ કે રામદીન?

સગુણા

(હસીને)

કે તમે ?

શંકર

કે તું ? પણ જવા દે. વાત તો એ છે કે બીજો ગમે તે માણસ હકદાર હોય પણ હનુમંતસિહ તો નથી જ; કમાણી કોક કરે ને ભોગવે એ, એ યથાર્થ છે ?

સગુણા

રામદીન શું કહે છે ?

શંકર

એ પણ એ જ કહે છે કે હનુમંતસિંહને તો ન જ બેસાડીએ, પણ કોઇને ન બેસાડીએ. આજે ચલાવે છે તેમ પંચ જ વહીવટ ચલાવે તો ? આપણે ત્યાં એવાં ત્રણ રાજ્યો ચાલ્યાં છે.

સગુણા

પણ એ તો વિપ્લવનો અંત આવે પછીની વાત છે ને ? હાલ તો એમ કહેવરાવો કે આવી અશાંતિમાં એ બધી ધમાલ કરવાનો સમય નથી.

શંકર

એનું પરિણામ શું આવશે એ તને ખબર નથી. હનુમંતસિંહને હું “રાજા” તરીકે ઓળખી શક્યો હોઉં તો, એ અંગ્રેજો જોડે ભળી જશે. ને તરત જ જનરલ એન્સન સાહેબની લડાઇ ન્યાય ને સત્યની લડાઇ તરીકે ઓળખાશે. કહેવાશે કે મિત્ર રાજાને મદદ કરવા આવ્યા હતા.

સગુણા

તો એવા નાલાયકને ગાદીએ શું કામ બેસાડવો ?

શંકર

જોઉં છું શું કરવું તે. પણ આપણે અકલ્પ્ય બનાવોનો સામનો કરવા બાખડવું પડશે.

સગુણા

પુચ- આવવા દો. પણ શંકર, ખરેખર આ લોકોને તમે ફાંસીએ ચડાવવાના ?

શંકર

લોકો માગે છે. અમારે અનિચ્છાએ પણ આપવું પડે છે.

સગુણા

લોકોની અયોગ્ય માગણી પણ સંતોષશો ?

શંકર

જો મારે લોકોની જોડે ઉભા રહી ભારતને સ્વાધીન કરવો હોય તો. નહિતર મારી જગ્યા પરથી ખસી જાઉં ને આ ફીરંગીઓની જોડે જઇને રહું. મારી એવી ઇચ્છા નથી, લોકોની આવી અયોગ્ય માગણી પાછળ પણ ઇતિહાસ છે ને એને હું ઇન્કારી શકયો નથી; એટલે હું તો લોકોના પુણ્યનો ભાગીદાર તેમજ પાપનો પણ; તમારે એમ ન રહેવું હોય તો ઠીક લાગે તેમ કરો.

સગુણા

(ચીડવાઇને ધક્કો મારતી)

કયાં સુધી ઠીક લાગે તેમ કરો એમ કહ્યા કરવું છે ? આ વાર કહ્યું તે કહ્યું. ફરીવાર સાંભળવાની નથી.

શંકર

સાદ્ કર્જો છું, મેં તો સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિક તરીકે કહ્યું છે. હવે જઈશ.

( જાય છે. )

સગુણા

પુષ્પ-સ્થમ છે.

## દૃશ્ય વીસમું

સ્થળ : એ જ ઓસરી

સમય : થોડા દિવસ પછીની એક રાત.

(ઓસરીની એ જ થાંભલી આગળ શંકર ને સગુણા ઉભાં છે)

### શંકર

તમારા કેદીઓને તૈયાર કરી રાખજો.

### સગુણા

કેમ દિવસ નક્કી થયો? પણ બધાને શા માટે? પુરુષો એકલાને જ સજા તો થઇ છે.

### શંકર

બધાને તૈયાર રાખજો. ફાંસીના 'માંચડા માટે નહિ, બંધન-મુક્તિ માટે.

### સગુણા

(હર્ષઘેલી)

સાચે સાચ? એમ કેમ?

શંકર

(નિરાશાભર્યા સ્વરે)

તું હર્ષઘેલી થાય છે, ને હું શોકમાં ડૂબી જાઉં છું. તું અગ્રેજો છૂટી જાય છે એથી, ને હું અગ્રેજો અહીં રહેવાના એથી.

(સગુણા ગંભીર થઇ જાય છે)

સગુણા

તું શું કહે છે? હું સમજતી નથી.

શંકર

આખરે હું ધાન્તો હતો એમ જ બન્યું છે. રાજા હનુમંતસિંહ એન્સન સાહેબની છાવણીમાં પહોંચી ગયા છે.

સગુણા

સરસ.

શંકર

ને ત્યાં સાબિતી આપી છે કે "મેં બળવામાં ભાગ નથી લીધો, કહેતા હો તો હમણાં બળવો શાંત કરાવી દઉં. પણ પ્રજાની જે મુખ્ય માગણી છે તે સંતોષાવી જોઇએ."

સગુણા

ને તે એમને ગાદી મળે તે?

શંકર

હા, એમને અગર એમના વંશજને, ને કંપની સરકાર દશ મહિનાના અનુભવે જો બળવો શમતો હોય તો એ માગણી સ્વીકારવા ખડે પગે તૈયાર છે.

સગુણા

તો એને જ શું કામ પહેલો ન લટકાવી દઇએ ?

શંકર

હનુમંતસિંહને ને ? પ્રજાજનો એ જ માગે છે ? એ બધાને આ ખબર પડી કે તરત જ હનુમંતસિંહના બંગલા તરફ જ ઉપડયા હતા, પણ મહા મહેનતે રોકી રાખ્યા છે. હજુ યે ગામ તો ઉકળી જ રહ્યું છે, ને એ ઉકળાટ કાં તો ઠલવાશે આ કેદખાના ઉપર ને કાં તો હનુમંતસિંહના બંગલા ઉપર.

સગુણા

એમ ?

શંકર

હા, ને એ જ પ્રશ્ન મૂંઝવે છે. મેં કહ્યું હતું ને કે અકલ્પ્ય બનાવોનો સામનો કરવો પડશે એ આ.

( બન્ને મૂંગા રહે છે. )

શંકર

સગુણા, તું માર્ગરેટ ને ઇલીઝા મુક્ત થશે એ જોઇ હર્ષઘેલી થઇ ગઇ ખરું ? આપણે બધા કેટલા ક્ષુલ્લક છીએ ? કેટલી ટૂંકી નજર વાળા ? સગુણા, તને કેમ કરીને બતાવું કે આ અંતરમાં કેવો દવ લાગ્યો છે; અંગ્રેજોને છોડી મૂકવા પડશે એનું મને કાંઇ લાગતું નથી, એમને તો મારું ચાલત, તો વિપ્લવ પૂરો થતાં છોડી મૂકયા હોત; પણ મારું સ્વપ્ન ( મોં ઢાંકી દે છે ) તૂટી પડશે; ગોગરાનો હરિઆળો કાંઠો છોડયો ત્યારે માન્યું હતું કે સર્વ સ્થાનેથી પરને પદભ્રષ્ટ કરી સ્વની પ્રતિષ્ઠા કરીશ; એમ નહિ માનતી કે હું ને મારા જેવા, અંગ્રેજોના લોહીના તરસ્યા છીએ. અમને તરસ તો છે માભૂમિનાં બંધ-

વિચારમનની; પરમાં બંધાયલા અમે સહુ સ્વને ખાતર જીવવા માંડીએ. એ મનોરથે, આ મહા ભયંકર છતાં અનિવાર્ય કાર્ય ઉપાડ્યું છે. રેતીને ચપડવી કે ભાલે વીંધવી કોઇને ન ગમે; ને અંગ્રેજોની કતલ કરનાર ખરેખર તો એમના બંધનની કતલ કરતા હોય છે. ને જો બંધન કપાઇ જતાં હોય તો આવી કતલનું મને બહુ ન લાગી આવે, કારણ એક નિરંતર ચાલતી કતલ એથી અટકી જવાની છે. અમારા દેશના આત્માની પળેપળે કતલ થઇ રહી છે; મને માલવીએ આવીને એક દિવસે કતલ બતાવી ને હું ચોંકી ઉઠ્યો. મેં નક્કી કર્યું કે જીવનની સૌથી મૂલ્યવાન વસ્તુ સમર્પીને પણ હું એ કતલને અટકાવીશ; આપણાં બધાં બાળકો, આપણા જુવાનો, આપણા રાજાઓ, આપણા રાજ-પુરુષો, આપણા સિપાહીઓ આપણે સૌ એ કતલનાં દીન ઘેટાં છીએ, ને આપણે માથું નથી ઉચકતાં. ઉલટું કોઇક વાર એના પગ ચૂમીએ છીએ, કારણ કે એ આત્માની કતલ છે. આત્મા ન હોય એ અવાજ કેમ ઉઠાવે? ને પરિણામે સ્વમાનહીન; ઉજાસહીન, આપણે સૌ નીચે ગડબડતા જઇએ છીએ, એ પાતાળમાં કે જ્યાં સ્વાર્થનો કલહ, ઈર્ષાનું ઝેર, ને કષ્ટનો અંધાપો છે. મારે એમાંથી સૌને ઉઠાવવાં હતાં, પણ એ નહિ બને; કારણ આપણે ત્યાં હનુમંતસિંહો છે, મહેબૂબત છે, સગુણા છે, હળધર ને શંકર છે; આપણા સ્વરાજ માટે એ સૌ નકામાં છે, નિર્માલ્ય છે.

સગુણા

(ચમકીને)

શું?

શંકર

(ધ્રૂજતાં)

હા, આપણે સૌ નકામા છીએ; કારણ આપણે સૌ એટલા ૦

ડૂબેલા છીએ. જે દિવસે અહીં આવ્યો તે દિવસે પણ મને આછું, આછું ભાન હતું. મને લાગતું હતું કે મારા પગ નીચે કળણ છે પણ મેં નહિ ગણકાર્યું; મેં હનુમંતસિંહને પુછેલું કે તમે બળવો કરીને શું માગો છો? એ કહે કે અમારા અધિકારોની કબૂલાત. એને અંગ્રેજો સાથે લડવું હતું; કારણ કે એનાં કુટુંબને અંગ્રેજોએ સ્થાનભ્રષ્ટ કર્યું હતું. એને ભારતના પેલા રડતા આત્માની પડી નહિ હતી. બિચારાને કલ્પના પણ નહિ હતી, એ શું કરે? મહેબ્બતનું પણ તેમ જ. એને શાર્દૂલના ખૂન માટે લાગી આવતું હતું. પણ નિરંતર જે અનેક આત્માની કતલ ચાલી રહી છે, એની એને પડી નહિ હતી. મુસલમાન સિપાહી મુસ્લિમ ધર્મ માટે, હિંદુઓ હિંદુ ધર્મ માટે લડવાના હતા, કોઇ દેશ-ધર્મ માટે નહિ. તારૂં ને મારૂં પણ તેમ જ. કારણ આપણ સૌને આપણા ક્ષુલ્લક સ્વાર્થોની પડી હતી. કોઇને મંદિરનો સ્વાર્થ હતો તો કોઇને જૂનાં પુરાણા શાસ્ત્રવચનોનો; ને એટલે જ કહું છું કે આપણે સૌ નકામા છીએ. જેણે ભારતના એ આત્માનું દર્શન કર્યું હશે, જેને એની વેદના સૌના દિલમાં પેદા કરી નાખવાનું સામર્થ્ય સંઘર્યું હશે, એ એમાં કામનો છે. એ કોઇ ધર્મનો નહિ હોય, કોઇ જાતનો નહિ હોય, કોઇ વર્ણનો નહિ હોય, એ સૌને પોતામાં સમાવનો રાષ્ટ્રપ્રતિનિધિ હશે; આપણે સૌ તો આપણા સ્વાર્થના પ્રતિનિધિ છીએ, ને એટલે જ અંધા ને અધીરા છીએ. ને એ સ્વાર્થની શિક્ષા ભયંકર છે. (વેદ-નાથી પોકારતો) ઓ, ઓ ભયંકર છે.

સગુણા

શંકર, શંકર, તને શું થાય છે?

શંકર

(સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતાં)

કાંઇ નહિ. હા, એની શિક્ષા (વળી વેદનાથી) ભયંકર છે, અત્યંત

વિનાશક છે. એ સ્વપ્ન અદૃશ્ય થાય છે. કદાચ લાંબા સમય માટે ભારે સજા. (એમને એમ ક્યાં ય સુધી ઉભો રહે છે, એના ચહેરા પર અનેક ભાવો આવીને જાય છે. આખરે સ્વસ્થ થઇને) હું એ સજા સહન કરીશ, શાંત મુખે સહન કરીશ. ને એમ કરીને જ નવું સ્વપ્ન રચીશ—વધારે વિશુદ્ધ ને વધારે સાચું.

(એ ને સગુણા એમ ને એમ ઉભા રહે છે. શંકર પ્રતિમાની જેમ સ્થિર છે. આંખો બંધ કરીને એ ઉભો છે.)

સગુણા

ને મારે ?

શંકર

મારે નહિ આપણે.

સગુણા

હા, આપણે.

શંકર

સારૂં, ત્યારે આપણે શું કરવું એ વિચારીએ. મને તો એક જ ઉપાય લાગે છે કે આપણે ત્રણે અહીંથી નાસી જઇએ.

સગુણા

ને લોકો ?

શંકર

લોકો ને હનુમંતસિંહ અંદર અંદર પતાવી લેશે. એમ તો મારે ને મહાજનને વાત થઇ છે.

સગુણા

પણ હનુમંતસિંહ જ ન હોત તો !

શંકર

ન હોત તો ! એ વાત જવા દે. અત્યારે તો છે જ, ને એમનો એમ. પણ કહેવાય ને કે આપણે આટલી ટૂંકી નજરવાળા, ને તેજહીન ન હોત તો ? અગર તો એવા બનાવનાર કંપની જ ન આવી હોત તો ? પણ એમાં તો (હસીને) તેર મણનો તો આડો આવે છે; એટલે અત્યારે તો છે એની વાત કરીએ. જો આપણે ન ચાલ્યા જઈએ તો ઉશ્કેરાયેલા લોકો હનુમંતસિંહના કુટુંબને પણ બાળશે ને આ કેદીઓને પણ; પરિણામે એમના માથે અંગ્રેજોનો ત્રાસ પણ આવવાનો ને હનુમંતસિંહનો પણ. મારે વિના કારણ લોકોને એમાંથી પસાર નથી કરવા; એટલે આપણે અહીંથી ચાલ્યા જઈએ.

સગુણા

(સખેદ)

ને આપણો વિપ્લવ પૂરો થાય.

શંકર

(ચમકીને)

ના, શરૂ થાય. મારામાં તો શરૂ થયો જ છે. (થોડીવાર થોભી) વિપ્લવ મકાનો તોડવામાં કે ખૂનો કરવામાં નથી; વિપ્લવ તો નવી મનોદશા ને વિચારબળ ઉભું કરવામાં છે. ને એ તો આપણે જ્યાં હોઈશું ત્યાં કરતાં જ હોઈશું. એ સંભવે કે એમ કરતાં આપણાં હાડકાં રઝળે એવી વેળા આવે, પણ જોડાજોડ આપણા વિચારો પણ રઝળતા હશે. હાડકાંના સ્પર્શનારને વિચારો સ્પર્શવાના જ.

( ક્યાં ય સુધી આકાશ સામે મીટ માંડી રહે છે. સગુણા એની સામે જોતી મંદમંદ હસે છે. )

શંકર

ત્યારે કાલે રાતે બધાને તૈયાર રાખશો ને ? માર્ગરેટને કહેજો કે એક ચિઠ્ઠી એના પતિને લખે કે ફરિદપુરના સીમાડાની વાવે લેવા આવે; ને તમે પણ તૈયાર રહેજો.

સગુણા

ને તૈયાર ન રહું તો ?

શંકર

( સમજીને )

તો સૂઝે તેમ કરવાનું.

( સગુણા ધોલ મારવા હાથ ઉપાડે છે, પણ શંકર અંધારામાં કૂદીને ચાલ્યો જાય છે, માત્ર એનું હાસ્ય સંભળાય છે. )

સગુણા

નફ્ફટ છે સાવ !

## દૃશ્ય એકવીસમું

સ્થળ : કિલ્લા બહારનું એક ઝાડ

સમય : બીજા દિવસની મધરાત

(મેલી ચાંદનીમાં શંકર, સગુણા, રામદીન ને અંગ્રેજ કેદીઓ ઉભા છે.)

**રામદીન**

(ગ્રેહામ પાસે જતાં)

ગ્રેહામ! સહુ છૂટશે પણ તું નહિ છૂટી શકે.

**ગ્રેહામ**

કેમ?

**રામદીન**

મેં મહમ્મદ ચાચાને વચન આપ્યું છે.

**ગ્રેહામ**

શું?

**રામદીન**

તારો આ દુનિયામાંથી છુટકારો કરવાનું.

(ગ્રેહામ ચૂપ રહે છે. એ શંકર ને સગુણા તરફ જોઇ રહે છે.)

રામદીન

કેમ મરવાનું મન નથી થતું ?

(ગ્રેહોમ ડોકું ધૂણાવે છે, એનું ગળું રૂંધાતું હોય એમ લાગે છે. આંખમાં પાણી ઉભરાય છે.)

રામદીન

મૃત્યુથી ડરે છે ?

ગ્રેહોમ

(ધ્રૂજતા સ્વરે)

ડરતો હોત તો અહીં દરિયાપાર શું કામ આવત ?

રામદીન

ત્યારે ?

(હસણાર માણસોના પગલાંનો અવાજ સંભાળાય છે. પોલ સિપાહીઓ સાથે આવે છે.)

સગુણા

(માર્ગરેટ, ઇલીઝા ને રેની હાથ ઝાલી આગળ જઇને)

સાહેબ આપનાં પત્ની ને પુત્રીઓ.

પોલ

(ઉધાઇ જાય છે.)

Oh! you girl!

(માર્ગરેટ પોલને કંઠે વળગી પડે છે, ઇલીઝા પડખામાં ઉભી રહી રડે છે)

માર્ગરેટ

(હુસકાં ભરતાં)

My dear, my dear.

પોલ

(બાકીના તરફ નજર પડતાં)

અરે હર્બર્ટ, ને પેલા કોણ? જનરલ ડેનિયલ? તમે બધા ક્યાંથી? છોકરી તું લાવી! ક્યા રસ્તે? (સૌ મૂંગા છે. માત્ર માર્ગરેટ ને ઇલીઝા રડે છે.) કેમ કોઇ બોલતુ નથી? તમે બધાં કઇ રીતે બચ્યાં? અમે તો સાંભળેલું કે તમે બધા કતલ થઇ ગયાં. તમે બધા-કેમ બચ્યાં?

એક અફસર

બધાં બિચારા ગભરાઇ ગયાં છે.

પોલ

ચાલો સૌ. છોકરી, તું પણ ચાલ.

સગુણા

(હસીને)

ના, હું તો આ બાજુ જઇશ.

(એક રસ્તો બતાવે છે.)

પોલ

શા માટે? હમણાં છાવણીમાં તો ચાલ. માર્ગરેટ, એને કહે ને આવે. કેવી જીદ્દી છોકરી છે. માર્ગરેટ, કેમ મૂંગી છો?

માર્ગરેટ

શું બોલું?

(રડે છે.)

પોલ

તમને બધાંને બહુ બીતી લાગે છે. આટલાં બધાં ગભરાઇ કેમ ગયાં છો?

સગુણા

(આગળ આવી)

સાહેબ, તમે ઉપકાર કરવા માગતા હો તો એક કરો. અમને આગ્રહ વગર જવા દો.

પોલ

તમને?

સગુણા

(જીભ કચરે છે.)

હા, મને ને પેલા બે ઉભા એને.

પોલ

જવું હોય તો જજો. સવારે ક્યાં નથી જવાતું.

સગુણા

પણ અમને અત્યારે જ જવા દો.

માર્ગરેટ

( રડતાં )

એમને જવા દે પોલ.

પોલ

( કંટાળીને )

આ શું ગોટાળો, માર્ગરેટ ? તું પણ એનું એક દિવસ પણ સ્વાગત કર્યા સિવાય જવા દેવાની વાત કરે છે ?

( શંકર આગળ આવીને માથેથી ફેંટો કાઢી નાખે છે. )

શંકર

સાહેબ, હું શંકર.

(પોલ ચમકીને પાછો પડે છે. સિપાહીઓ ને અફસરો હથિયાર પર હાથ મૂકે છે. શંકર હસે છે.)

શંકર

સાહેબ, હું શંકર. આ પેલો ઉભો એ રામદીન, ને આ સગુણા. હું વિપ્લવનો પ્રણેતા, આ વિપ્લવનો સેનાપતિ, ને આ રક્ષિકા. અમે અત્યારે ચાલ્યા જવા માગીએ છીએ. જવા દો છો કે માર્ગ કરી લઇએ ?

( એ છાતી પર સ્વસ્તિક રચીને ટટ્ટાર ઉભો રહે છે. પોલ ને અફસરો ડઘાઇ ગયા છે. કોઇ કાંઇ બોલતું નથી. )

શંકર

ચાલ, સગુણા. ચાલ, રામદીન.

( ઝપાટાબંધ પગલાં ઉપાડે છે. )

પોલ

( માર્ગરેટને હડસેલતાં )

દોડો, દોડો, બળવાખોર નાસી જાય.

( માર્ગરેટ ને ઇલીઝા એને વળગી પડતાં રડે છે. "જવા દો, જવા દો" જનરલ ડેનિયલ આગળ આવીને દોડતાં અફસરોને રોકે છે. )

ડેનિયલ

ખડે રો.

પોલ

આ શું છે ? જનરલ, એ લોકોએ ક્રીશ્ચીઅનોના ખૂન કર્યાં છે.

ડેનિયલ

( શાંત અવાજે )

ક્રીશ્ચીઅનોનાં એમણે ખૂન કર્યાં છે કે ક્રીશ્ચીઅનો એમનાં ખૂન કરવા ટાંપી રહ્યા છે એ વિવાદનો પ્રશ્ન છે પણ એક વાત ગોખી રાખ, પોલ, કે–One who spells christ is not a christian but one who acts like christ is a christian. જો તું ક્રીશ્ચીઅન હો તો આવ છાવણીમાં.

# અમારાં પ્રકાશનો

| પુસ્તકનું નામ | કિમ્મત<br>રૂ. આ. પા. | પોસ્ટેજ<br>રૂ. આ. પા. |
|---|---|---|
| સૌરાષ્ટ્ર રસધાર ધારા ૧લી | ૧—૦—૦ | ૦—૨—૯ |
| ,, ,, ૨જી | ૧—૦—૦ | ૦—૨—૯ |
| ,, ,, ૩જી | ૧—૮—૦ | ૦—૨—૯ |
| ,, ,, ૪થી | ૧—૮—૦ | ૦—૨—૯ |
| ,, ,, ૫મી | ૧—૮—૦ | ૦—૨—૯ |
| સોરઠી બહારવટીઆ ભાગ ૧લો | ૦—૧૦—૦ | ૦—૧—૯ |
| ,, ,, ૨જો | ૧—૪—૦ | ૦—૨—૩ |
| ,, ,, ૩જો | ૧—૮—૦ | ૦—૨—૯ |
| સોરઠી સંતો | ૦—૧૨—૦ | ૦—૨—૩ |
| સોરઠની સંધ્યા | ૧—૪—૦ | ૦—૨—૯ |
| ભુતકાળના પડછાયા | ૧—૦—૦ | ૦—૨—૩ |
| બહારવટિયો જોગીદાસ | ૦—૪—૦ | ૦—૧—૩ |
| વર્તમાન યુગના બહારવટીયા | ૦—૬—૦ | ૦—૧—૩ |
| કંકાવટી | ૦—૧૨—૦ | ૦—૨—૩ |
| દાદાજીની વાતો | ૦—૮—૦ | ૦—૧—૯ |
| ડોશીમાની વાતો | ૦—૮—૦ | ૦—૧—૯ |
| સોરઠની સાગરકથાઓ | ૦—૪—૦ | ૦—૧—૩ |
| ઝાલરી | ૦—૮—૦ | ૦—૧—૯ |
| રઢીયાળી રાત ભાગ ૧લો | ૦—૧૦—૦ | ૦—૧—૯ |
| ,, ,, ૨જો | ૦—૧૨—૦ | ૦—૨—૩ |
| ,, ,, ૩જો | ૦—૧૦—૦ | ૦—૧—૯ |
| ચુંદડી ભાગ ૧લો | ૦—૧૦—૦ | ૦—૧—૯ |
| ,, ,, ૨જો | ૦—૧૨—૦ | ૦—૨—૩ |
| કોઇનો લાડકવાયો | ૦—૮—૦ | ૦—૧—૯ |
| પીડિતોનાં ગીતો | ૦—૮—૦ | ૦—૧—૩ |

| પુસ્તકનું નામ | કિંમત | પોસ્ટેજ |
|---|---|---|
| | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
| ઝંડાધારી સ્વામી દયાનંદ | ૦—૮—૦ | ૦—૧—૯ |
| સત્યવીર શ્રદ્ધાનંદ | ૦—૮—૦ | ૦—૧—૯ |
| રાષ્ટ્રવીર શિવરાજ | ૦—૮—૦ | ૦—૧—૯ |
| નરવીર લાલાજી | ૦—૪—૦ | ૦—૧—૩ |
| રાણો પ્રતાપ (નાટક) | ૧—૪—૦ | ૦—૨—૯ |
| સળગતું આયર્લેંડ | ૦—૮—૦ | ૦—૧—૯ |
| અમર મહાજનો | ૦—૧૨—૦ | ૦—૨—૩ |
| કુરાનીની કથાઓ | ૦—૬—૦ | ૦—૧—૩ |
| સત્યની શોધમાં | ૧—૦—૦ | ૦—૨—૯ |
| પ્રતિમાઓ | ૧—૪—૦ | ૦—૨—૯ |
| મંજરી | ૧—૪—૦ | ૦—૨—૯ |
| વંઠેલા અને બીજી નાટિકાઓ | ૧—૦—૦ | ૦—૨—૩ |
| વતનનો સાદ | ૦—૮—૦ | ૦—૧—૯ |
| જીવન પરાગ | ૦—૮—૦ | ૦—૧—૯ |
| આપણા ઉંબરમાં | ૦—૪—૦ | ૦—૧—૩ |
| ચિતાના અંગારા ખંડ ૧લો | ૦—૪—૦ | ૦—૧—૩ |
| ,, ,, ૨જો | ૦—૪—૦ | ૦—૧—૩ |
| ઓળીપો અને બીજી પ્રેમકથાઓ | ૦—૪—૦ | ૦—૧—૩ |
| મોરનાં ઈંડાં | ૦—૧૨—૦ | ૦—૨—૩ |
| હડધૂત હરિજન | ૦—૧૨—૦ | ૦—૧—૯ |
| ઇન્સાનની આહ | ૦—૮—૦ | ૦—૧—૯ |
| કાનમાં કહું? | ૦—૪—૦ | ૦—૧—૩ |
| જેલ ઓફીસની બારી | ૧—૦—૦ | ૦—૨—૩ |
| વેણીનાં ફુલ | ૦—૪—૦ | ૦—૧—૩ |
| કિલ્લોલ | ૦—૬—૦ | ૦—૧—૩ |
| ગોરખ આયા ખંડ ૧—૨જો | ૩—૦—૦ | ૦—૫—૦ |